RNI NO GUJGUJ2003/09673

LEELA NEWS NETWORK P. LTD

અસ્સલ કાઠિયાવાડી મિજાજ

# સૌરાષ્ટ્ર આજતક

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

www.aaspassdaily.com

LEELA WORLD WIDE ®
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા  પ્રમુખસ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ, ફોન : ૯૮૭૯૫૬૯૪૦૦, ફોન : ૮૭૫૮૭૫૫૫૨૨

● સંવત ૨૦૮૨ જેઠ સુદ - પુનમ  સોમવાર તા.૨૯-૦૬-૨૦૨૬  અંક : ૨૯૩ વર્ષ : ૨૩  e-mail : sauaajtak@gmail.com  કિંમત રૂા. ૨-૫૦  પાના - ૮

# ૭૨ કલાકમાં ૯ ભારતીય જહાંજોએ હોર્મુઝ પાર કર્યું

### બીજી તરફ હજુ પણ ભારત તરફ આવનારા ૧૫ અન્ય જહાજો પર્સિયન ગલ્ફમાં સુરક્ષા ગેરંટી અને સલામત માર્ગની રાહ જોઈને ઊભા છે



નવી દિલ્હી,
મિડલ ઈસ્ટમાં વધતા જતા લશ્કરી તણાવ અને તાજેતરમાં યુએસ-ઈરાન વચ્ચે થયેલા ગોળીબાર છતાં વૈશ્વિક વેપારના સૌથી સંવેદનશીલ ગણાતા હોર્મુઝ માર્ગેથી ભારત આવતા માલવાહક જહાજોની અવરજવર અવિરત ચાલુ છે.

છેલ્લા ૭૨ કલાકમાં વધુ ૯ માલવાહક જહાજોએ હોર્મુઝ સામુદ્રધુની સુરક્ષિત રીતે પાર કરી લીધી છે, જેમાંથી ૭ જહાજો ભારત માટે અત્યંત જરૂરી સામગ્રી લઈને આવી રહ્યા છે. આ સાથે જ શનિવાર સુધીમાં આ દરિયાઈ માર્ગેથી સુરક્ષિત રીતે પસાર થઈ ભારત પહોંચેલા કુલ જહાજોની સંખ્યા ૪૪ પર પહોંચી ગઈ છે.અહેવાલો અનુસાર, છેલ્લા ૭૨ કલાકમાં પાર થયેલા ૯ જહાજોમાંથી, ૪ ભારતીય ધ્વજવંદન જહાજો અને ૫ વિદેશી ધ્વજવંદન જહાજો છે. ભારે તણાવપૂર્ણ સ્થિતિ વચ્ચે ભારત આવી રહેલા અતિ મહત્ત્વના જહાજોએ સફળતાપૂર્વક આ જોખમી માર્ગ કાપ્યો છે. છત્ર પ્રીતિ ભારતીય જહાજ ૬૫,૦૦૦ ટન ખાતરનો જથ્થો લઈને શનિવારે સફળતાપૂર્વક સામુદ્રધુની પાર કરી ગયું છે. શુક્રવારે, બે અન્ય મોટા જહાજોએ પણ આ માર્ગ અપનાવ્યો. દેશ સુરક્ષા, ૧૦૦,૦૦૦ ટનથી વધુ ક્રૂડ ઓઈલ વહન કરીને, સુરક્ષિત રીતે સફર કરી. આ દરમિયાન, ૧૮,૭૩૨ ટન અન્ય આવશ્યક ચીજવસ્તુઓ વહન કરીને, પ્રભુ પાર્વતી સામુદ્રધુનીમાંથી પસાર થયા ૧૫ જહાજો હજુ પણ ગ્રીન સિગ્નલની રાહ પરએક તરફ જહાજો પસાર થઈ રહ્યા છે.

## હિમાચલપ્રદેશના ચંબામાં કાર નદીમાં ખાબકી, ઘટનાસ્થળે જ ૪ લોકોના મોત

### નાકરોડ-હિમગિરી રોડ પર ડેમ સાઈટ પાસે મોડી રાત્રીના થયો અકસ્માત

હિમાચલપ્રદેશ,
હિમાચલ પ્રદેશના ચંબા જિલ્લામાંથી ખૂબ જ દુ:ખદ અને દુ:ખદ અકસ્માતના સમાચાર પ્રકાશમાં આવ્યા છે. ગઈકાલે મોડી રાત્રે, ચંબાના ચુરાહ સબડિવિઝનમાં નાકરોડ-હિમગિરી રોડ પર એક અલ્ટો કાર કાબુ ગુમાવી બેઠી અને બૈરા સુલ નદીમાં ખાબકી ગઈ. આ ભયાનક અકસ્માતમાં ચારેય મુસાફરોના ઘટનાસ્થળે જ મોત થયા. સ્થાનિકો અને વહીવટીતંત્રને સવારે રાત્રિના અંધારામાં અકસ્માતની જાણ થઈ, જેના કારણે વિસ્તારમાં શોકની લાગણી ફેલાઈ ગઈ.

અહેવાલો અનુસાર, નાકરોડ-હિમગિરી રોડ પર ડેમ સાઈટ પાસે આ અકસ્માત થયો હતો.

## અનંત અંબાણી તિરુપતિ બાલાજીના ચરણોમાં નતમસ્તક, ૨૭.૫ કરોડની મોંઘી ભેટ આપી

આંધ્રપ્રદેશ ,
અનંત અંબાણીએ તિરૂપતિ બાલાજી મંદિરમાં દર્શન કરી ૨૫ હાઈટેક ઈલેક્ટ્રિક બસો દાન કરવાની જાહેરાત કરી છે.૨૭.૫ કરોડની આ બસો સાથે ૫૦ ડ્રાઈવરોનો ખર્ચ અને ચાર્જિંગ સ્ટેશન પણ રિલાયન્સ ઉઠાવશે. રવિવારે વહેલી સવારે સુપ્રભાત સેવા બાદ આ સેવા સંકલ્પ લેવાયો, જે ભક્તો માટે પર્યાવરણને અનુકૂળ પરિવહન સુવિધા સુધારશે.

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર અનંત અંબાણીએ તિરૂમલા સ્થિત ભગવાન શ્રી વેંકટેશ્વર સ્વામી (તિરૂપતિ બાલાજી) ના મંદિરે દર્શન કરીને એક મોટો સેવા સંકલ્પ લીધો છે. રવિવારે વહેલી સવારે મંદિરમાં સુપ્રભાત સેવા દરમિયાન ભગવાનના દર્શન કર્યા બાદ, તેમણે તિરૂમલા



તિરૂપતિ દેવસ્થાનમ ને અંદાજે ૨૭.૫ કરોડની કિંમતની ૨૫ હાઈટેક ઈલેક્ટ્રિક બસો દાનમાં આપવાની જાહેરાત કરી છે. અંબાણી પરિવારની આ પહેલ શ્રદ્ધાળુઓ માટે પરિવહન સુવિધા સુધારવાની સાથે પર્યાવરણ સંરક્ષણની દિશામાં પણ એક મોટું પગલું માનવામાં આવી રહી છે.

## ભારત - સેસેલ્સ સાથે મળીને બ્લુ ઇકોનોમી વિક્સવવા પર પીએમ મોદીએ ભાર મુક્યો

### સેશેલ્સની રાજધાની વિક્ટોરિયામાં પીએમ મોદીનું ઉષ્માભર્યું સ્વાગત કરાયું

નવી દિલ્હી,
વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમની ત્રણ દિવસીય સત્તાવાર મુલાકાત માટે સેશેલ્સ પહોંચ્યા છે. આ મુલાકાત ભારત અને આ ટાપુ રાષ્ટ્ર વચ્ચેના વ્યૂહાત્મક, સંરક્ષણ અને આરોગ્ય ક્ષેત્રના સંબંધોને વધુ મજબૂત બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું માનવામાં આવે છે. સેશેલ્સની રાજધાની વિક્ટોરિયામાં આગમન બાદ પીએમ મોદીનું અત્યંત ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.સેશેલ્સની સંસદમાં તેમણે સંબોધન કર્યુ, જેમાં સેશેલ્સ અને ભારત વચ્ચે મજબૂત સંબંધ વિશેની વાત કરી સાથે જ કહ્યુ કે સેશેલ્સના વિકાસ માટે મળીને કામ કરવાની વાત કરી હતી.

પીએમ મોદીએ તેમના સંબોધનમાં 'સાગર' (ક્ષેત્રના તમામ લોકો માટે સુરક્ષા અને વિકાસ) ના ખ્યાલનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે હિંદ મહાસાગરમાં સેશેલ્સ ભારત માટે એક અત્યંત મહત્વપૂર્ણ અને વિશ્વાસુ ભાગીદાર છે.તેમણે ભારત અને સેશેલ્સ વચ્ચેના સમાન હિતો પર ભાર મૂકતા જણાવ્યું હતું કે, ભારત સેશેલ્સના વિકાસમાં માત્ર એક મદદગાર નહીં, પરંતુ એક સક્રિય ભાગીદાર બનવા ઈચ્છે છે. તેમણે બંને દેશોએ સાથે મળીને બ્લૂ ઈકોનોમી (દરિયાઈ અર્થતંત્ર) વિકસાવવા પર ભાર મૂક્યો હતો.

મોદીએ તેમના ભાષણમાં બંને દેશો વચ્ચેના ઐતિહાસિક સંબંધોને યાદ કર્યા હતા. તેમણે કહ્યું હતું કે ભારત અને સેશેલ્સના સંબંધો માત્ર રાજદ્વારી નથી, પરંતુ લોકશાહી મૂલ્યો અને સાંસ્કૃતિક સમાનતા પર આધારિત છે.પીએમ મોદીએ સંસદમાં સ્પષ્ટ કર્યું હતું કે બંને દેશોએ દરિયાઈ ચાંચિયાગીરી (ચ્ઢિજીઅ) સામે લડવા અને હિંદ મહાસાગરને સુરક્ષિત રાખવા માટે સંયુક્ત રીતે કામ કરવાની જરૂર છે. આ માટે તેમણે સંરક્ષણ ક્ષેત્રે ટેકનોલોજી અને તાલીમની આપ-લે પર ભાર આપ્યો હતો.

# ભગવાન વેંકટેશ્વરના ચરણમાં પોતાના **કેશ** સમર્પિત કરીને સદીઓ જૂની પરંપરાનું પાલન કરતા શ્રી અનંત અંબાણી

## સવારે 3/30 વાગે સુપ્રભાત સેવા માં ભાગ લઈ ને મંદિર ના વૈદિક પંડિતો ના આશીર્વાદ પ્રાપ્ત કર્યા

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રી અનંત વેંકટેશ્વરના પવિત્ર ધામમાં દર્શન કરી પ્રાર્થના કરી અને પોતાની શ્રી અનંત અંબાણી રાત્રે આશરે ૧ વાગ્યે તિરુમલા



અંબાણીએ રવિવારે વહેલી સવારે તિરુમલામાં ભગવાન શ્રી અતૂટ શ્રદ્ધા અને ભક્તિનો પુનઃ પ્રત્યય આપ્યો. પહોંચ્યા હતા અને તેમણે ભગવાન શ્રી વેંકટેશ્વર સ્વામી







પ્રત્યે સમર્પણ અને ભક્તિના પ્રતિકરૂપે પોતાની કેશ સમર્પિત કરવાની સદીઓ જૂની પરંપરાનું પાલન કર્યું. દર વર્ષે લાખો શ્રદ્ધાળુઓ આ પવિત્ર પરંપરાનું અનુસરણ કરે છે.

તેમની આ મુલાકાત એ વાતનો સંદેશ આપે છે કે દુનિયા ભલે કેટલી પણ બદલાય, પરંતુ શ્રદ્ધા અને પોતાના મૂળ સંસ્કારો હંમેશા અડગ રહે છે.આશરે સવારે ૩:૩૦ વાગ્યે શ્રી અનંત અંબાણીએ પવિત્ર સુપ્રભાત સેવામાં ભાગ લીધો, જે ભગવાનના પ્રાતઃકાળીન જાગરણનો વિધિપૂર્વકનો ધાર્મિક કાર્યક્રમ છે. દર્શન બાદ મંદિરના





વૈદિક પંડિતોએ તેમને વૈદિક આશીર્વાદ આપ્યા, જ્યારે તિરુમલા તિરુપતિ દેવસ્થાનમ (TTD)ના એક્ઝિક્યુટિવ ઓફિસરે તેમને પવિત્ર સ્મૃતિચિહ્ન અને પ્રસાદ અર્પણ કર્યો.

# વડોદરા કોર્પોરેશન પર ૧૦૩૯ કરોડનો બોજ યથાવત, ૪૧૯૩ કરોડનું વ્યાજ માફ છતાં તિજોરી પર આર્થિક સંકટની આશંકા

## સિંચાઈ વિભાગે વ્યાજ અને દંડ સહિત કુલ રૂ. ૫,૩૨૯ કરોડની માંગણી કરી હતી

વડોદરા,

વડોદરા મહાનગરપાલિકા ફરી એકવાર પાનમ જળ વિતરણ યોજનાની બાકી રકમને લઈને આર્થિક દબાણમાં આવી છે. રાજ્ય સરકારે વ્યાજ અને પેનલ્ટી તરીકે વસૂલાત થનારી રૂ. ૪,૧૯૩ કરોડની રકમ માફ કરી હોવા છતાં કોર્પોરેશને હવે રૂ. ૧,૦૩૯ કરોડની મૂળ રકમ ચૂકવવાની રહેશે. આ જ મુદ્દો હાલ કોર્પોરેશન માટે સૌથી મોટી ચિંતાનો વિષય બન્યો છે.

મૂળરૂપે સિંચાઈ વિભાગે વ્યાજ અને દંડ સહિત કુલ રૂ. ૫,૩૨૯ કરોડની માંગણી કરી હતી. ત્યારબાદ મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં યોજાયેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં આ મામલે ફોર્મ્યુલા આધારીત ઉકેલ લાવવામાં આવ્યો હતો. રાજ્ય સરકારે વ્યાજ અને પેનલ્ટી સંપૂર્ણપણે માફ કરતા કોર્પોરેશનને મોટી રાહત મળી હતી, પરંતુ મૂળ રકમની ચુકવણીનો પ્રશ્ન હજુ યથાવત રહ્યો છે.

મળતી માહિતી મુજબ કોર્પોરેશને આ રકમ ૧૨ હપ્તામાં ચૂકવવાની રહેશે. પ્રથમ હપ્તામાં અંદાજે રૂ. ૨૦૦ કરોડ અને ત્યારબાદ બાકીની રકમ ૧૧ હપ્તામાં જમા કરાવવાની રહેશે. જોકે, કોર્પોરેશનની વાર્ષિક મિલકત વેરા સહિતની કુલ ટેક્સ આવક અંદાજે રૂ. ૭૦૦થી ૭૫૦ કરોડ જેટલી છે. આવી સ્થિતિમાં રૂ. ૧,૦૩૯ કરોડની ચુકવણી કરવી તંત્ર માટે સરળ નહીં હોવાનું માનવામાં આવી રહ્યું છે.

આર્થિક નિષ્ણાતોના મતે, જો કોર્પોરેશન આ રકમ ચૂકવવા માટે પોતાની આવકનો મોટો હિસ્સો ખર્ચશે તો વિકાસકાર્યો, કર્મચારીઓના પગાર, જાળવણી ખર્ચ અને અન્ય નાગરિક સેવાઓ પર પણ તેની અસર પડી શકે છે.

આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને વડોદરા મહાનગરપાલિકાએ રાજ્ય સરકાર સમક્ષ ફરી રજૂઆત કરી છે. કોર્પોરેશને વિનંતી કરી છે કે બાકી રહેલી મૂળ રકમ અંગે પણ સરકાર કોઈ રાહત આપે અથવા વૈકલ્પિક ઉકેલ શોધે. મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુએ પણ જણાવ્યું છે કે સરકાર સમક્ષ રજૂઆત કરવામાં આવી છે અને સકારાત્મક નિર્ણયની આશા છે.

પાનમ જળ વિતરણ યોજના વર્ષ ૧૯૭૧માં વડોદરાની ભવિષ્યની પાણીની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને શરૂ કરવામાં આવી હતી. તે સમયે વડોદરા મહાનગરપાલિકા, રાજ્ય સરકાર તથા જીએસએફસી, આઈપીસીએલ અને ગુજરાત રિફાઈનરી વચ્ચે કરાર થયો હતો. આ યોજના હેઠળ કોર્પોરેશને ડેમના નિર્માણ માટે અંદાજે રૂ. ૯ કરોડનું મૂડી રોકાણ કર્યું હતું તેમજ જાળવણી ખર્ચ તરીકે વાર્ષિક રકમ ચૂકવવાની જોગવાઈ હતી. બદલામાં શહેરને દરરોજ અંદાજે ૩૮ મિલિયન ગેલન પાણી મળવાનું નક્કી કરવામાં આવ્યું હતું

હાલ આ યોજના સાથે જોડાયેલી બાકી રકમને લઈને કોર્પોરેશન ફરી એકવાર નાણાકીય દબાણમાં છે. હવે રાજ્ય સરકાર કોર્પોરેશનની નવી રજૂઆત પર શું નિર્ણય લે છે તેના પર સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓ તેમજ શહેરવાસીઓની નજર ટકેલી છે.

# કોઈ હેરાન કરે તો ફેરવીને બે મારી દેવાની, ધારાસભ્ય સંજય કોરડીયાનો દીકરીઓને સંદેશ

## દીકરીઓને આત્મનિર્ભર બનવાની અપીલ કરતું મજબૂત વક્તવ્ય આપ્યું

જૂનાગઢ,

જૂનાગઢની એન.બી. કાંબલીયા કન્યા વિદ્યાલય ખાતે ગત રોજ શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ દરમિયાન ધારાસભ્ય સંજય કોરડીયાએ દીકરીઓને આત્મનિર્ભર બનવાની અપીલ કરતું મજબૂત વક્તવ્ય આપ્યું હતું. આ વક્તવ્ય સોશિયલ મીડિયામાં ઝડપથી વાયરલ થઈ રહ્યું છે અને મહિલા સુરક્ષાના મુદ્દે ચર્ચાનો વિષય બન્યું છે.



શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં ધારાસભ્ય સંજય કોરડીયાએ કહ્યું હતું કે, "દીકરીઓને કોઈ હેરાન કરે તો ફેરવીને બે મારી દેવાની. આત્મરક્ષા માટે લડો, બાકીની જવાબદારી મારી." તેમણે દીકરીઓને સ્પષ્ટ સંદેશ આપતાં જણાવ્યું હતું કે,"આપણે ઉભા હોઈએ અને ૫ ફૂટ નજીક કોઈ આવે તો તેને શોર્ટ લાગે, એવો શોટ મારવો જોઈએ, એવી તાકાત દીકરીઓની હોવી જોઈએ. ૫ ફૂટનું ડિસ્ટન્સ તો રાખવું જોઈએ."

તેમણે કહ્યું હતું કે, "આપણે બહાર નીકળી ત્યારે એક વસ્તુ ધ્યાન રાખવાની કે આપણને જે નથી ગમતું એ વસ્તુ આપણી ટેરેટરીની અંદર આવે એટલે ફેરવીને બે મારી જ દેવાની, કોઈના બાપની ચિંતા નહીં કરવાની. એક વખત હિંમત કરશો તો તમારી નજીક આવતા કોઈ વિચાર કરશે અને દીકરીમાં એ હિંમત હોવી જ જોઈએ."

ધારાસભ્યએ કહ્યું હતું કે, "તમને કોઈ હેરાન કરતું હોય, કોઈને કંઈ કહેવાની જરૂર નથી, ઉભા રહીને બે મારી લેવાની, બાકીની જવાબદારી મારી. આ ક્ષમતા દીકરીઓની અંદર હોવી જ જોઈએ. આ તાકાત દીકરીઓની અંદર હોવી જોઈએ."

ધારાસભ્ય સંજયભાઈ કોરડીયાનું વક્તવ્ય સોશિયલ મીડિયામાં વાયરલ થયું છે.

# પાટણનો જમીન વિવાદ હત્યા કેસ, મુખ્ય આરોપીની જામીન અરજી હાઈકોર્ટે ફગાવી

## કેસની પરિસ્થિતિમાં કોઈ એવો ફેરફાર થયો નથી કે જેના આધારે તેમને જામીન આપવામાં આવે

પાટણ,

પાટણ જિલ્લાના ચાણસ્મા વિસ્તારમાં જમીન વિવાદને લઈને થયેલી હત્યાના ચકચારી કેસમાં ગુજરાત હાઈકોર્ટે મુખ્ય આરોપી અકબર સોલંકીને કોઈ રાહત આપી નથી. ૬૦ વર્ષીય આરોપીની નિયમિત જામીન અરજી ફગાવી દેતા કોર્ટે નોંધ્યું કે કેસની પરિસ્થિતિમાં કોઈ એવો ફેરફાર થયો નથી કે જેના આધારે તેમને જામીન આપવામાં આવે. અગાઉ સુપ્રીમ કોર્ટે પણ તેમની જામીન અરજી નામંજૂર કરી હતી.



બચાવ પક્ષે દલીલ કરી હતી કે અકબર સોલંકી છેલ્લા બે વર્ષથી વધુ સમયથી જેલમાં છે અને તેમની ઉંમર આશરે ૬૦ વર્ષ હોવાથી માનવતાના ધોરણે જામીન આપવા જોઈએ. વકીલે એવો પણ દાવો કર્યો કે આરોપી સામે સીધી રીતે ઘટનાસ્થળે હાજર હોવાનો પુરાવો નથી અને માત્ર ફોન કોલ્સના આધારે તેમને કાવતરામાં સામેલ ગણાવવામાં આવ્યા છે. સાથે જ અન્ય સહ-આરોપીઓને નીચલી અદાલતે જામીન આપ્યા હોવાથી સમાનતાના ધોરણે તેમને પણ રાહત મળવી જોઈએ.

સરકારી વકીલ અને ફરિયાદી પક્ષે જામીન અરજીનો સખત વિરોધ કરતાં જણાવ્યું કે જે જમીનને લઈને સમગ્ર વિવાદ સર્જાયો હતો તે જમીન અકબર સોલંકી અને તેમના પુત્રની સંયુક્ત માલિકીની હતી. તેથી ગુનો આચરવાનો સૌથી મજબૂત હેતુ તેમની પાસે હતો. દલીલમાં જણાવાયું કે ઘટના દરમિયાન તેઓ સતત ફોન દ્વારા અન્ય આરોપીઓના સંપર્કમાં હતા અને સમગ્ર ઘટનાક્રમ પર નજર રાખી રહ્યા હતા.

કેસની વિગતો અનુસાર, જમીનની ફેન્સિંગ કરવા ગયેલા મૃતક અને ફરિયાદી પક્ષ પર પૂર્વ આયોજન મુજબ હુમલો કરવામાં આવ્યો હતો. હુમલા દરમિયાન મૃતકને માર માર્યા બાદ તેના પર ફોર વ્હીલર વાહન ચઢાવી દેવામાં આવ્યું હતું, જેના કારણે તેનું મોત થયું હતું. આ સમગ્ર ઘટનાને ગંભીર સ્વરૂપની ગણાવીને હાઈકોર્ટે કહ્યું કે કેસના મુખ્ય સુત્રધાર તરીકે અરજદારની ભૂમિકા પ્રાથમિક દૃષ્ટિએ સામે આવે છે.

ગુજરાત હાઈકોર્ટે પોતાના આદેશમાં સ્પષ્ટ કર્યું કે સુપ્રીમ કોર્ટ અગાઉ જામીન અરજી ફગાવી ચૂકી છે અને ત્યારબાદ કેસમાં કોઈ નોંધપાત્ર બદલાવ આવ્યો નથી.

# અમદાવાદમાં 'નકલી પોલીસ'નો આતંક, ખોટી ફરિયાદનો ડર બતાવી આધેડ પાસેથી ૧૦,૫૦૦ રૂપિયા પડાવ્યા

## આધેડ કર્મચારીએ હિંમત દાખવીને નારોલ પોલીસ સ્ટેશનમાં બે અજાણ્યા શખ્સો સામે ફરિયાદ નોંધાવી

અમદાવાદ,

અમદાવાદના ઔદ્યોગિક વિસ્તાર એવા નારોલમાં નકલી પોલીસ બનીને તોડ કરતી રીઢા ગુનેગારની જુગલ જોડીને નારોલ પોલીસે ઝડપી પાડી છે. અમદાવાદના નારોલમાં બે દિવસ અગાઉ નારોલની જાણીતી ખાનગી કંપનીના એક આધેડ કર્મચારી બાઈક લઈને પસાર થઈ રહ્યા હતા. ત્યારે બે શખ્સોએ રસ્તામાં ઉભા રાખીને પોતાની ઓળખ પોલીસ તરીકે આપી હતી.

પોલીસની ખોટી ઓળખ આપીને બન્ને શખ્સોએ આધેડ ભોગ બનનાર કર્મચારીને ડરાવી-ધમકાવીને કહ્યું હતું કે, તમે મજૂરોને પૈસા નથી આપતા આવી ફરિયાદ મળી છે. ફરિયાદ કરવાની છે અને જેલમાં નાખવાના, જો આવું ન કરવું હોય તો ૪૫,૦૦૦ આપો. આધેડ ભોગબનનાર કર્મચારી પોલીસની ફરિયાદથી ગભરાઈ ગયા હતા. જ્યારબાદ આ બન્ને શખ્સોએ આધેડ ભોગ બનનાર પાસેથી ૧૦,૫૦૦ રોકડા પડાવી લીધા હતા અને ત્યાંથી મિનિટોમાં જ રફુચક્કર થઈ ગયા હતા.

આ સમગ્ર બનાવ બન્યા બાદ ભોગ બનનાર આધેડ કર્મચારીએ હિંમત દાખવીને નારોલ પોલીસ સ્ટેશનમાં બે અજાણ્યા શખ્સો સામે ફરિયાદ નોંધાવી હતી. નારોલ પોલીસે નકલી પોલીસ અને લૂંટની ફરિયાદ નોંધીને તાત્કાલિક એક્શનમાં આવી અને ઘટનાસ્થળ તેમજ બનાવ આસપાસના સીસીટીવી ફૂટેજ તપાસવાની શરૂઆત કરી હતી. જેમાં આ બન્ને શખ્સો જોવા મળ્યા હતા.

નારોલ પોલીસે પોતાના ખાનગી બાતમીદારોને આરોપીની ઓળખ કરી હતી. જેમાં આ બન્ને આરોપીના નામ અયુબ શાહ અને રવિ રાજપૂત હોવાનું તપાસમાં ખુલવા પામ્યું હતું અને બન્ને રીઢા ગુનેગાર હોવાનું પણ સામે આવ્યું હતું અને આગાઉ જેલ પણ કાપી ચુક્યા છે. ત્યારે નારોલ પોલીસે અલગ-અલગ ટીમો બનાવીને ગણતરીના કલાકોમાં બન્ને આરોપી અયુબ શાહ અને રવિ રાજપૂતને ઝડપી પાડીને પૂછપરછ હાથ ધરી હતી.

બન્ને આરોપી અયુબ શાહ અને રવિ રાજપૂત પૂછપરછ કરતા આ નકલી પોલીસ બનીને ગુનો કર્યાની કબૂલાત કરી હતી. જો આ બન્ને આરોપીની ગુનાહિત ક્રાઈમ કુંડળીની વાત કરવામાં આવે તો નારોલ પોલીસના હાથે ઝડપાયેલા આરોપી અયુબ શાહ સામે અગાઉ નકલી પોલીસ બની લૂંટ ચલાવી, હત્યા, છેતરપિંડી સહિતના ૭ ગુના નોંધાયેલા છે અને બીજા આરોપી રવિ રાજપૂત સામે ઘરફોડ ચોરી અને લૂંટ સહિતના ૫ ગુના નોંધાયેલા છે. ત્યારે નારોલ પોલીસે રિમાન્ડ મેળવીને આ સિવાય અન્ય કોઈ શહેર કે વિસ્તારમાં અન્ય કોઈ ગુનાને અંજામ આપ્યો છે કે કેમ એ દિશામાં તપાસ હાથ ધરી છે.

# અમદાવાદમાં ૫૦ લાખની ફિલ્મી ઉઠાંતરી: બાઇકથી કારને ટક્કર મારી ધ્યાન ભટકાવ્યું, કાચ તોડી રોકડ લઈને ફરાર

અમદાવાદ,

અમદાવાદના કૃષ્ણનગર વિસ્તારમાં ફિલ્મી ઢબે ૫૦ લાખની ઉઠાંતરીની ઘટના સામે આવી છે. પ્રાથમિક માહિતી મુજબ, બાઈક પર આવેલા શખ્સોએ પહેલા કારને ટક્કર મારી ચાલકનું ધ્યાન ભટકાવ્યું અને ત્યારબાદ અન્ય બે શખ્સોએ કારનો કાચ તોડી અંદર રાખેલી રોકડ ભરેલી બેગ લઈને ફરાર થઈ ગયા.

ઘટના મારુતિ પ્લાઝા કોમ્પ્લેક્સ નજીક આવેલી એડીસી બેંક સામે બની હતી. ફરિયાદી બાપુનગર સ્થિત એક આંગડિયા પેઢીમાંથી ૫૦ લાખની રોકડ લઈને કોઠિયા હોસ્પિટલ તરફ જઈ રહ્યા હતા. રસ્તામાં એક બાઈક ચાલકે કારને પાછળથી ટક્કર મારી હતી. ટક્કર બાદ કારચાલક નીચે ઉતરી બાઈક ચાલક સાથે વાતચીતમાં વ્યસ્ત થયો હતો.

આ દરમિયાન અન્ય બાઈક પર આવેલા બે અજાણ્યા શખ્સોએ કારનો કાચ તોડી અંદર રહેલી રોકડ ભરેલી બેગ ઉઠાવી ફરાર થઈ ગયા હતા. સમગ્ર ઘટના બાદ વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી.ઘટનાસ્થળેથી મળેલી કારમાંથી ભાજપનો ખેસ તેમજ 'ખોડલધામ અમદાવાદ' લખેલો ખેસ પણ મળી આવ્યો હતો.

# ગુજરાત ભાજપમાં સંગઠન વિસ્તરણ: વલસાડ, નવસારી અને સુરતમાં નવા હોદ્દેદારોની નિમણૂક જાહેર

અમદાવાદ,

ગુજરાત ભાજપે દક્ષિણ ગુજરાતમાં સંગઠનને વધુ મજબૂત બનાવવા માટે વલસાડ, નવસારી અને સુરત જિલ્લાના સંગઠનમાં નવી નિમણૂકો જાહેર કરી છે.પક્ષ દ્વારા વિવિધ હોદ્દાઓ પર નવા ચહેરાઓને જવાબદારી સોંપીને સંગઠનના વિસ્તરણ અને સશક્તિકરણ તરફ વધુ એક મહત્વપૂર્ણ પગલું ભરાયું છે.

સત્તાવાર જાહેરાત મુજબ, વલસાડ જિલ્લામાં એકસાથે આઠ જેટલા હોદ્દેદારોની નિમણૂક કરવામાં આવી છે. નવસારી જિલ્લા સંગઠનમાં બે ઉપપ્રમુખ અને એક જિલ્લા મંત્રીની નિમણૂક કરવામાં આવી છે, જ્યારે સુરત જિલ્લામાં મંડળ પ્રમુખના પદ પર નવા હોદ્દેદારને જવાબદારી સોંપવામાં આવી છે.

ભાજપના સંગઠનાત્મક માળખાને વધુ અસરકારક બનાવવા અને આગામી રાજકીય તથા સંગઠનાત્મક કાર્યક્રમોને ધ્યાનમાં રાખીને આ નિમણૂકો કરવામાં આવી હોવાનું માનવામાં આવી રહ્યું છે. નવા હોદ્દેદારોને સ્થાનિક સ્તરે સંગઠન મજબૂત બનાવવાની સાથે કાર્યકરો અને જનતા વચ્ચે પક્ષની પહોંચ વધારવાની જવાબદારી પણ સોંપવામાં આવી છે.

દક્ષિણ ગુજરાત રાજકીય રીતે ભાજપ માટે મહત્વનો વિસ્તાર માનવામાં આવે છે. આવી સ્થિતિમાં વલસાડ, નવસારી અને સુરત જિલ્લાના સંગઠનમાં થયેલા આ ફેરફારોને આગામી સમયની સંગઠનાત્મક વ્યૂહરચનાનો મહત્વપૂર્ણ ભાગ માનવામાં આવી રહ્યો છે. પક્ષના નેતાઓએ આશા વ્યક્ત કરી છે કે નવા હોદ્દેદારોના નેતૃત્વ હેઠળ સંગઠન વધુ સક્રિય બનશે અને વિવિધ કાર્યક્રમો તથા જનસંપર્ક અભિયાનને વધુ ગતિ મળશે

# ગુજરાતમાં આગામી ૨થી ૩ જુલાઈ દરમિયાન અનેક જિલ્લામાં વરસાદની આગાહી

અમદાવાદ,

ગુજરાતમાં આગામી દિવસોમાં ફરી વરસાદી માહોલ જામવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. હવામાન વિભાગની આગાહી મુજબ રાજ્યના વિવિધ વિસ્તારોમાં છૂટાછવાયા વરસાદની શક્યતા છે. ખાસ કરીને ૨ અને ૩ જુલાઈ દરમિયાન અનેક જિલ્લાઓમાં વરસાદી વાતાવરણ જોવા મળી શકે છે.હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આ સમયગાળા દરમિયાન પવનની ગતિ ૪૦થી ૬૦ કિલોમીટર પ્રતિ કલાક સુધી પહોંચી શકે છે. જેના કારણે લોકોને સાવચેતી રાખવાની સલાહ આપવામાં આવી છે.

આજે ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતના બનાસકાંઠા, સાબરકાંઠા, થરાદ, પાટણ, અરવલ્લી, પંચમહાલ અને દાહોદ જિલ્લામાં છૂટાછવાયા વરસાદની આગાહી કરવામાં આવી છે. જ્યારે દક્ષિણ ગુજરાતના સુરત, ડાંગ, તાપી અને વલસાડ જિલ્લામાં પણ વરસાદી ઝાપટાં પડી શકે છે. તે ઉપરાંત કચ્છ, રાજકોટ, સુરેન્દ્રનગર અને જૂનાગઢ જિલ્લામાં પણ વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. દરિયાકાંઠાના વિસ્તારો માટે પણ મહત્વની સૂચના જાહેર કરવામાં આવી છે.

# ૧૨ હજાર કરોડના ટર્નઓવર ધરાવતી સુમુલ ડેરીની ચૂંટણી ગરમાઈ

## કોંગ્રેસે ઉમેદવારોને અજ્ઞાત સ્થળે ખસેડવાનો નિર્ણય કર્યો

સુરત,

સુરત જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ (સુમુલ ડેરી)ની ચૂંટણીને લઈને રાજકીય માહોલ વધુ ગરમાયો છે. અંદાજે ૧૨ હજાર કરોડ રૂપિયાના વાર્ષિક ટર્નઓવર ધરાવતી આ સહકારી સંસ્થાની ચૂંટણીમાં ઉમેદવારી ફોર્મની ચકાસણી પૂર્ણ થયા બાદ કોંગ્રેસે પોતાના ઉમેદવારોની સુરક્ષા અંગે ચિંતા વ્યક્ત કરી છે.

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને ધારાસભ્ય ડો. તુષાર ચૌધરીએ મીડિયા સાથે વાતચીત દરમિયાન જણાવ્યું કે કોંગ્રેસના તમામ ૧૧ ઉમેદવારોને તાત્કાલિક અસરથી અજ્ઞાત સ્થળે ખસેડવામાં આવશે. તેમણે દાવો કર્યો કે ઉમેદવારો પર દબાણ અથવા ધાકધમકી થવાની આશંકાને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. તેમણે એમ પણ કહ્યું કે જો જરૂર પડશે તો ઉમેદવારોને ગુજરાત બહાર અથવા દેશ બહાર પણ લઈ જવામાં આવશે.

કોંગ્રેસે વધુમાં આક્ષેપ કર્યો છે કે ઉમરપાડા બેઠકના કોંગ્રેસ સમર્થિત ઉમેદવારના દરખાસ્તકર્તા છેલ્લા ત્રણ દિવસથી ગુમ છે. પક્ષના નેતાઓએ આ ઘટનાને લઈને અપહરણની આશંકા વ્યક્ત કરી છે. જોકે, આ અંગે સત્તાવાર રીતે કોઈ સ્વતંત્ર પુષ્ટિ થઈ નથી અને સંબંધિત એજન્સીઓ તરફથી પણ કોઈ અધિકૃત નિવેદન જાહેર કરવામાં આવ્યું નથી.

સુમુલ ડેરીની કુલ ૧૬ બેઠકો માટે ચૂંટણી પ્રક્રિયા ચાલી રહી છે. ફોર્મ ચકાસણી બાદ પાંચ બેઠકો પર ભાજપના ઉમેદવારો બિનહરીફ ચૂંટાયા હોવાનું જાહેર થયું છે. કોંગ્રેસે આ પ્રક્રિયા અંગે પણ સવાલો ઉઠાવ્યા છે અને ચૂંટણીમાં દબાણ તથા ધાકધમકીનો માહોલ હોવાનો આક્ષેપ કર્યો છે. ડો. તુષાર ચૌધરીએ જણાવ્યું કે કોંગ્રેસ પશુપાલકોના હિતોની રક્ષા માટે ચૂંટણી લડી રહી છે અને ઉમેદવારોને સુરક્ષિત રાખવા માટે જરૂરી તમામ પગલાં લેવામાં આવશે. તેમણે કહ્યું કે લોકશાહી પ્રક્રિયા નિષ્પક્ષ રીતે યોજાય તે માટે કોંગ્રેસ અંત સુધી લડત ચાલુ રાખશે.બીજી તરફ, આ સમગ્ર મામલે ભાજપ તરફથી કોઈ સત્તાવાર પ્રતિક્રિયા સામે આવી નથી. હાલ ચૂંટણી પ્રક્રિયા યથાવત છે અને આગામી દિવસોમાં ઉમેદવારી પરત ખેંચવાની પ્રક્રિયા બાદ અંતિમ ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થશે.

# અમદાવાદમાં વ્યાજખોરીનો ગંભીર આક્ષેપ ૮ લાખના બદલે ૨૦ લાખની માંગણી

## આરોપી દ્વારા ઊંચા વ્યાજની માંગણી સાથે વારંવાર ઉઘરાણી કરવામાં આવતી હતી, ત્રાસથી કંટાળી યુવકે ફરિયાદ નોંધાવી

અમદાવાદ,

અમદાવાદમાં વ્યાજખોરી અને બળજબરીથી વસૂલાતનો ગંભીર મામલો સામે આવ્યો છે. એક યુવકે પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં આક્ષેપ કર્યો છે કે આરોપીએ તેને રૂ. ૮ લાખ ધીર્યા બાદ રૂ. ૨૦ લાખની માંગણી શરૂ કરી હતી.

ફરિયાદીનો દાવો છે કે તે પહેલેથી જ રૂ. ૧૧.૬૩ લાખથી વધુ રકમ ચૂકવી ચૂક્યો હોવા છતાં વધુ નાણાં માટે સતત દબાણ કરવામાં આવતું હતું.

ફરિયાદ મુજબ, આરોપી દ્વારા ઊંચા વ્યાજની માંગણી સાથે વારંવાર ઉઘરાણી કરવામાં આવતી હતી અને જાનથી મારી નાખવાની ધમકીઓ પણ આપવામાં આવતી હતી. ફરિયાદીએ એવો પણ આક્ષેપ કર્યો છે કે તેની માલિકીના હ્યુન્ડાઈ આઈ૧૦, મારુતિ અર્ટિગા અને યામાહા એફઝેડ સહિત ત્રણ વાહનો બળજબરીથી કબજે કરી લેવામાં આવ્યા હતા.

ફરિયાદમાં વધુમાં જણાવાયું છે કે આરોપી વારંવાર ફરિયાદીના ઘરે આવી ગાળો બોલતો અને ધમકીઓ આપતો હતો. આ સતત ત્રાસથી કંટાળીને ફરિયાદીએ અગાઉ પોલીસ કમિશનરને લેખિત અરજી પણ કરી હતી. જોકે, અરજી બાદ પણ ધમકીઓ ચાલુ રહેતાં તે ગંભીર માનસિક તણાવમાં આવી ગયો હોવાનો દાવો કરવામાં આવ્યો છે.ફરિયાદમાં એવો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે માનસિક તણાવ દરમિયાન ફરિયાદીએ રિવરફ્રન્ટ વિસ્તારમાં ઝેરી દવા પીવાનો પ્રયાસ કર્યો હતો.

# સુરતમાં કાળ બનીને આવેલા ડમ્પરે પરિવાર વિખેરી નાખ્યો

## મામાની આંખ સામે જ બહેન અને ૩ વર્ષની ભાણીનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું

સુરત,

શહેરના ભેસ્તાન વિસ્તારમાં આજે હૃદયદ્રાવક માર્ગ અકસ્માતની ઘટના સામે આવી છે. એક બેફામ ડમ્પરચાલકે મોપેડને અડફેટે લેતા ૨૨ વર્ષીય મહિલા અને તેની માત્ર ત્રણ વર્ષની માસૂમ દીકરીનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી પ્રસરી ગઈ હતી અને મોટી સંખ્યામાં લોકો ઘટનાસ્થળે એકત્ર થયા હતા.



પ્રાથમિક માહિતી મુજબ, મૃતક મહિલાની ઓળખ રુકશાન ઈમરાન સૈયદ તરીકે થઈ છે. રુકશાન પોતાની ત્રણ વર્ષની દીકરી જૈનમ સાથે તહેવાર મનાવવા માતાના ઘરે પીયર ગઈ હતી. જ્યાંથી મોપેડ પર સવાર થઈ પોતાના ભાઈ સાથે ડીંડોલી આવાસ તરફ જઈ રહી હતી. તે દરમિયાન ભેસ્તાન વિસ્તારમાં પાછળથી આવેલા ડમ્પરે મોપેડને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માત એટલો ગંભીર હતો કે માતા અને દીકરી બંનેને જીવલેણ ઈજાઓ પહોંચી હતી અને બંનેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.

અકસ્માત સમયે મોપેડ પર મૃતક રુકશાનનો ભાઈ અને તેની ચાર વર્ષની મોટી દીકરી હાઈકા પણ સવાર હતા. ડમ્પરની ટક્કર એટલી જોરદાર હોવા છતાં, હાઈકા અને તેના મામાનો આ અકસ્માતમાં આબાદ બચાવ થયો હતો. જોકે, હાઈકાએ પોતાની નજર સામે જ માતા અને નાની બહેનને ગુમાવતા પરિવાર માટે આ આઘાત જીરવવો અસહ્ય બની ગયો છે.

અકસ્માતની જાણ થતાં ભેસ્તાન પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડવાની કાર્યવાહી હાથ ધરી હતી. ઘટનાને લઈને સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. લોકો દ્વારા શહેરમાં ભારે વાહનોની બેદરકારીભરી ડ્રાઈવિંગ સામે કડક કાર્યવાહી કરવાની માગ ઉઠી છે. પોલીસે ડમ્પર ચાલકને અટકાયત કરીને તેની સામે કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

અકસ્માત કેવી રીતે સર્જાયો અને તેમાં બેદરકારીનું ચોક્કસ કારણ શું હતું તે અંગે ભેસ્તાન પોલીસ વધુ તપાસ કરી રહી છે. આ કરુણ ઘટનાએ એક જ ક્ષણમાં માતા અને માસૂમ દીકરીનો જીવ લઈ લીધો છે, જેના કારણે પરિવાર પર આભ ફાટી પડ્યું છે. સમગ્ર વિસ્તારમાં શોકનું વાતાવરણ છવાઈ ગયું છે. પોલીસે લોકોને માર્ગ પર વાહન ચલાવતી વખતે સાવચેતી રાખવા તેમજ ભારે વાહન ચાલકોને ટ્રાફિકના નિયમોનું કડક પાલન કરવાની અપીલ કરી છે.




# મધ્ય ગુજરાત

# 29th | 30th JUNE 2026

## ક્ષેત્રીય આકાંક્ષાઓ, વૈશ્વિક મહત્ત્વાકાંક્ષાઓ

### કેન્દ્રિત ક્ષેત્રો

- સેમિકંડકટર અને ઇલેક્ટ્રોનિક્સ
- કેમિકલ્સ અને પેટ્રોકેમિકલ્સ
- ગ્રીન એનર્જી ઇકોસિસ્ટમ
- ઑટો અને ઑટો કોમ્પોનન્ટ્સ
- કૃષિ અને ફૂડ પ્રોસેસિંગ
- એરોસ્પેસ અને ડિફેન્સ
- ટુરિઝ્મ અને કલ્ચર
- સ્ટાર્ટઅપ્સ અને MSMEs
- IT અને ITeS
- બાયોટેક
- ફાર્માસ્યુટિકલ્સ
- ફિનટેક
- કૌશલ્ય વિકાસ
- એજ્યુકેશન

### કૉન્ફરન્સની વિશેષતાઓ

- ઉદ્‌ઘાટન સમારોહ
- પેનલ ચર્ચાઓ
- B2B/B2G મીટિંગ્સ
- સેક્ટર-સ્પેસિફિક સેમિનાર
- રાઉન્ડ ટેબલ કૉન્ફરન્સ
- વિશેષ પ્રવાસ/ઔદ્યોગિક ક્ષેત્રોની મુલાકાત
- રાષ્ટ્રવ્યાપી સેમિનાર
- રિવર્સ બાયર-સેલર મીટ
- વિક્રેતા વિકાસ કાર્યક્રમ
- પ્રાદેશિક પુરસ્કારો (MSMEs/કારીગર-કસબી)
- ઉદ્યમી મેળો
- સમાપન સત્ર
- પ્રાદેશિક MSME કૉન્કલેવ
- ટ્રેડ શો/પ્રદર્શન

**ભવ્ય ઉદ્‌ઘાટન**
**માનનીય મુખ્યમંત્રી, ગુજરાત**

## શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના

વરદ હસ્તે

**ગરિમામયી ઉપસ્થિતિ**

## શ્રી મનોહર લાલ

માનનીય કેન્દ્રીય મંત્રી, વિદ્યુત, આવાસ અને શહેરી બાબતો, ભારત સરકાર

## શ્રી હર્ષ સંઘવી

માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

29 જૂન 2026, સોમવાર | સવારે 10:30 વાગે
GSFC યુનિવર્સિટી, વડોદરા, ગુજરાત

**"વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કૉન્ફરન્સથી ગુજરાતના ઔદ્યોગિક ઉત્કર્ષની નવી દિશા ખુલશે."**
**- હર્ષ સંઘવી, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત**

**વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ એક્ઝિબિશન** | 29 જૂન થી 3 જુલાઈ, 2026 | સવારે 10:00 થી સાંજે 6:00 વાગ્યા સુધી

વેબસાઇટ પર પહોંચવા માટે સ્કેન કરો

ભાગીદાર દેશ: Japan, Rwanda, UAE, Ukraine

ભાગીદાર સંસ્થાઓ: JETRO, US-INDIA, AMCHAM INDIA, FEBI, IICCI, FINCHAM INDIA Finland Chamber of Commerce in India, kotra Korea Trade-Investment Promotion Agency, icbc Indo Canadian Business Chamber, U.S.-India Business Council, UIBC, ACMA

લાઇવ પ્રસારણ: CMOGuj CMOGuj CMOGujarat CMOGujarat vibrantgujarat vibrantgujarat vibrant_gujarat vibrantgujarat

લૉકેશન પર પહોંચવા માટે સ્કેન કરો

## સૌરાષ્ટ્ર આસપાસ

# નાગરિકતાનો પુરાવો

વિદેશ મંત્રાલયના સ્પષ્ટીકરણથી કે પાસપોર્ટ એ નાગરિકતાનો પુરાવો નહીં, પરંતુ ટ્રાવેલ દસ્તાવેજ છે, તેણે ચર્ચા જગાવી છે કારણ કે સામાન્ય ધારણા એવી હતી કે પાસપોર્ટ નાગરિકતાનો સૌથી વિશ્વસનીય પુરાવો છે. પાસપોર્ટ કાયદામાં આવું જણાવવામાં આવ્યું નથી તે છતાં આ સામાન્ય ધારણા ચાલુ રહી. કાયદા અનુસાર, ખાસ પરિસ્થિતિઓમાં બિન-ભારતીયોને પાસપોર્ટ જારી કરી શકાય છે. ઉચ્ચ અદાલતોએ પણ ચુકાદો આપ્યો છે કે પાસપોર્ટ નાગરિકતાનો પુરાવો નથી.વિદેશ મંત્રાલયના સ્પષ્ટીકરણ પછી, એ ચર્ચા થવી સ્વાભાવિક છે કે પાસપોર્ટ નાગરિકતાનો પુરાવો છે કે નહીં, તો શું? આ પ્રશ્ન ઉભો થયો છે કારણ કે તાજેતરમાં, ખાસ કરીને કેટલાક રાજ્યોમાં મતદાર યાદીઓના સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (SIR) દરમિયાન, એવું કહેવામાં આવ્યું હતું કે આધાર પણ નાગરિકતાનો પુરાવો નથી. તેવી જ રીતે, પાન કાર્ડ, ડ્રાઇવિંગ લાઇસન્સ, મતદાર ઓળખ કાર્ડ, રેશન કાર્ડ વગેરેને પણ નાગરિકતાનો પુરાવો માનવામાં આવતો ન હતો. એ સાચું છે કે નાગરિકતા કાયદા હેઠળ નાગરિકતા નક્કી કરવામાં આવે છે, પરંતુ સમસ્યા એ છે કે દેશના નાગરિકોને કોઈ નાગરિકતા પ્રમાણપત્ર આપવામાં આવતું નથી.નાગરિકતા કાયદામાં જણાવાયું છે કે નાગરિકતા જન્મ, વંશ, દેશમાં રહેઠાણની લંબાઈ અને અન્ય કેટલાક માપદંડોના આધારે નક્કી કરવામાં આવે છે, પરંતુ અન્ય દેશોથી વિપરીત, આપણા દેશમાં નાગરિકતાનું કોઈ ચોક્કસ પ્રમાણપત્ર જારી કરવામાં આવતું નથી, જેમ કે અન્ય દેશોથી વિપરીત. આ પ્રથા વિકસિત અને ઘણા વિકાસશીલ દેશોમાં પણ પ્રચલિત છે. આનો સૌથી મોટો ફાયદો એ છે કે આ દેશોમાં લોકોને તેમની નાગરિકતા સાબિત કરવા માટે વિવિધ દસ્તાવેજો પર આધાર રાખવો પડતો નથી. નાગરિકતા કાયદામાં ભારત સરકારને દરેક નાગરિકની ફરજિયાત નોંધણી કરાવવા, રાષ્ટ્રીય ઓળખપત્ર જારી કરવા અને નાગરિકતા રજિસ્ટર તૈયાર કરવા માટે કહેવામાં આવ્યું છે, તેથી આ કરવું જ જોઈએ.ભૂતકાળમાં નાગરિકતા પ્રમાણપત્ર માટે ડ્રાફ્ટ રજૂ કરવા અને ડ્રાફ્ટ સાથે આધારને લિંક કરવાના પ્રયાસો કરવામાં આવ્યા હોવા છતાં, કંઈ સાકાર થયું નથી. ત્યારબાદ, નાગરિકતા સુધારો અધિનિયમ પછી,એનઆરસીની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો હતો, પરંતુ તેની સામે ખોટી માહિતીનું અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું.



# ૧૧-હરભાઈ ત્રિવેદી : શિક્ષણપ્રયોગો અને અધ્યાપનક્રાંતિ

**● ભણાવવું પણ એક વિજ્ઞાન છે અને દરેક શિક્ષકે તેની પદ્ધતિઓ સમજવી જરૂરી છે.**
**● વિદ્યાર્થીને સ્વતંત્ર રીતે અભ્યાસ કરવાની તક આપવામાં આવે તો તેમની મૌલિક પ્રતિભા વિકસે છે.**
**● સહશિક્ષણનો પ્રયોગ પણ હરભાઈએ સાહસપૂર્વક શરૂ કર્યો.**

## ભાવનગર ૩૦૦

**- બળદેવસિંહ ગોહિલ**

હરભાઈ અને તેમના સહકાર્યકરો માનતા હતા કે શિક્ષણ માત્ર પાઠ્યપુસ્તકો પૂરતું સીમિત ન રહેવું જોઈએ, પરંતુ જીવનના દરેક ક્ષેત્ર સાથે તેનો જીવંત સંબંધ હોવો જોઈએ. તેઓ એવું પણ માનતા કે સમાજના તેજસ્વી અને અનુભવી લોકોના સહવાસથી શિક્ષકો અને આચાર્યોના જ્ઞાન તથા કાર્યક્ષમતામાં નોંધપાત્ર વૃદ્ધિ થઈ શકે. આ વિચારથી પ્રેરાઈ હરભાઈએ પોતાના કેટલાક મિત્રોને સાથે રાખી અઠવાડિયામાં એક દિવસ શિક્ષણવિષયક ચર્ચાઓ કરવાની પરંપરા શરૂ કરી હતી. હરભાઈના મિત્રોમાં ફરામજી શેઠ વિશેષ નોંધપાત્ર હતા. તેઓ શારીરિક શિક્ષણ અને આરોગ્ય પ્રત્યે અત્યંત જાગૃત હતા. પોતાના સ્વાસ્થ્ય સાથે સાથે વિદ્યાર્થીઓના શરીરવિકાસ અને આરોગ્ય અંગે પણ ચિંતિત રહેતા. વિનય મંદિરના વિદ્યાર્થીઓના શારીરિક શિક્ષણની જવાબદારી સંભાળતા હોવાથી હરભાઈ સાથે તેમની સતત ચર્ચાઓ ચાલતી. તેઓ માનતા કે માત્ર વ્યાયામ કરાવવાથી પૂરતું નથી, પરંતુ વિદ્યાર્થીઓના શરીરની વાસ્તવિક સ્થિતિ જાણી પછી જ યોગ્ય માર્ગદર્શન આપી શકાય. આથી તેમણે વિદ્યાર્થીઓની નિયમિત શારીરિક અને વૈદ્યકીય તપાસ કરવાની દરખાસ્ત મૂકી. હરભાઈ અને કાર્યકરોએ આ વિચારનો સ્વીકાર કર્યો. સેવાભાવી ડૉ. કાણેએ તેમાં સહકાર આપ્યો અને ત્યારથી વિનયમંદિરમાં આરોગ્ય તપાસ શૈક્ષણિક કાર્યક્રમનો મહત્વપૂર્ણ ભાગ બની ગઈ.

ફરામજી શેઠ શરીરશાસ્ત્ર અંગે ઊંડો અભ્યાસ કરતા હતા. તેઓ માનતા કે શરીરની ખોટી બેસવાની કે ચાલવાની રીતોના કારણે કરોડરજ્જુ વાંકું થતું જાય છે અને તેના કારણે ફેફસાં પૂરતા વિકસતા નથી, જે ક્ષયરોગ જેવા રોગોને આમંત્રણ આપે છે. તેમના મતે યોગ્ય વ્યાયામ અને કરોડરજ્જુ સીધી રાખવાની ટેવ આરોગ્ય માટે અત્યંત આવશ્યક હતી. અમેરિકન શરીરશાસ્ત્રી મેકફેડનના અભ્યાસથી પ્રેરાઈ તેઓ માથે વજન લઈને ચાલવાની કસરતો કરાવતા અને તેનાથી શરીરની તાકાત તથા શ્વાસક્રિયામાં સુધારો થાય છે એવું સમજાવતા. વિનયમંદિરમાં વિદ્યાર્થીઓની તપાસ દરમિયાન કરોડરજ્જુની સ્થિતિ પર ખાસ ધ્યાન અપાતું અને જરૂરિયાત મુજબ સુધારાત્મક વ્યાયામ કરાવવામાં આવતા. હરભાઈએ પોતે પણ આ પ્રયોગો કર્યા અને "શરીર વિકાસ" જેવા લેખો દ્વારા પોતાના અનુભવ રજૂ કર્યા.

હરભાઈના બીજા મિત્ર વિઠ્ઠલરાય આવસત્થી સાહિત્યપ્રેમી અને શિક્ષણપ્રેમી વ્યક્તિત્વ ધરાવતા હતા. તેઓ શામળદાસ કોલેજમાં અંગ્રેજીના અધ્યાપક હતા અને નાનાભાઈના જીવનથી પ્રભાવિત હતા. નાનાભાઈની સાદગી અને શિસ્તભર્યા જીવનના કારણે તેમને દક્ષિણામૂર્તિ અને વિનયમંદિર પ્રત્યે ઊંડો સ્નેહ હતો. પછી તેઓ વિદ્યાધિકારી બન્યા ત્યારે તેમણે શાળાઓમાં નવીન શિક્ષણપ્રયોગો શરૂ કરવાનો પ્રયાસ કર્યો. ડોલ્ટન યોજનાના અમલ માટે તેઓ હરભાઈ સાથે લાંબીચર્ચા કરતા અને શિક્ષકોને તાલીમ આપવાની જવાબદારી પણ હરભાઈને સોંપવામાં આવી.

વિનયમંદિરની એક વિશેષતા શિક્ષકો અને કાર્યકરો વચ્ચેની સમાનતાની ભાવના હતી. ગિજુભાઈ, હરભાઈ અને નાનાભાઈ માનતા કે શિક્ષણક્ષેત્રે પદ અને પગારના આધારે અસમાનતા ન હોવી જોઈએ. તેથી આજીવન સભ્યો અને અન્ય શિક્ષકો માટે લગભગ સમાન પગારધોરણ રાખવામાં આવ્યું. કેટલાક કાબેલ શિક્ષકોને તો આજીવન સભ્યો કરતાં પણ વધુ પગાર મળતો. આથી શિક્ષણકાર્યમાં ઉત્સાહ અને નિષ્ઠા વધતી. વિનયમંદિરનું સમયપત્રક પણ નવીન હતું. સવારે આક્ષરી વિષયો અને બપોરે ચિત્રકામ, ઉદ્યોગ તથા શારીરિક શિક્ષણ જેવા પ્રવૃત્તિમૂલક વિષયો શીખવવામાં આવતા. હરભાઈ સતત વિચારતા કે શિક્ષકો ભણાવે છે તે વિદ્યાર્થીઓ કેટલું સમજતા હશે? તેમણે અનુભવ્યું કે પરંપરાગત એકમાર્ગીય ભણાવટથી મોટા ભાગના વિદ્યાર્થીઓ કંટાળો અનુભવે છે અને પાઠ્યવસ્તુનો મોટો હિસ્સો તેમના ધ્યાન બહાર રહી જાય છે. આ પ્રશ્નમાંથી જ હરભાઈમાં અધ્યાપનવિજ્ઞાન પ્રત્યે રસ જાગ્યો. તેઓ માનતા કે ભણાવવું પણ એક વિજ્ઞાન છે અને દરેક શિક્ષકે તેની પદ્ધતિઓ સમજવી જરૂરી છે.

તે સમયગાળામાં શિક્ષક તાલીમની સુવિધાઓ બહુ ઓછી હતી. મુંબઈની ટીચર્સ કોલેજમાં મળતી તાલીમ અને નેલ્સન ફેજરનું અધ્યાપનશાસ્ત્ર વિષયક પુસ્તક હરભાઈ માટે માર્ગદર્શક બન્યું. તેમણે તે પુસ્તકનો વારંવાર અભ્યાસ કરીને પોતાના શિક્ષકમિત્રો માટે તાલીમવર્ગ શરૂ કર્યો. બીજી તરફ ગિજુભાઈ મોન્ટેસોરી પદ્ધતિથી પ્રભાવિત થયા હતા. તેમણે પોતાના પુત્ર પર પ્રયોગો કરીને બાળશિક્ષણ માટે નવી રીતો વિકસાવી અને સ્થાનિક સાધનો બનાવી શિક્ષણપ્રસાધનોનો વિકાસ કર્યો. આ રીતે હરભાઈ અને ગિજુભાઈએ મળીને શિક્ષણપ્રયોગો, તાલીમ અને શૈક્ષણિક સાધનોની એક નવી પરંપરા ઊભી કરી.

હરભાઈના પ્રયોગોમાં સ્વાધ્યાય પદ્ધતિને કેન્દ્રસ્થાન મળ્યું. તેઓ માનતા કે વિદ્યાર્થીઓને જો સ્વતંત્ર રીતે અભ્યાસ કરવાની તક આપવામાં આવે તો તેમની મૌલિક પ્રતિભા વિકસે છે. શિક્ષકના સતત વ્યાખ્યાનથી વિદ્યાર્થીઓમાં નિરસતા આવે છે, જ્યારે સ્વયંપ્રવૃત્તિથી અભ્યાસ વધુ જીવંત અને અર્થસભર બને છે. તેથી વિદ્યાર્થીઓને પુસ્તકો, શબ્દકોશ અને વધારાની સાહિત્યિક સામગ્રી ઉપલબ્ધ કરાવવામાં આવતી. કવિઓ અને લેખકોની અન્ય કૃતિઓની નકલો પણ રાખવામાં આવતી, જેથી વિદ્યાર્થીઓમાં કૌતૂહલ અને વાંચનની ટેવ વિકસે. હરભાઈએ "નરસિંહસાર" અને "દલપતસાર" જેવી સંપાદિત પુસ્તિકાઓ પણ પ્રકાશિત કરી. આ પ્રયોગોની સફળતાથી પ્રેરાઈ હરભાઈએ સમગ્ર વિનયમંદિરની શિક્ષણપદ્ધતિમાં પરિવર્તન લાવવાનો નિર્ધાર કર્યો. ડોલ્ટન યોજનાના અભ્યાસ પછી તેમણે સ્વાધ્યાય આધારિત શિક્ષણપદ્ધતિ અપનાવી. ઈ.સ. ૧૯૨૬ થી વિનયમંદિરનું સમગ્ર શિક્ષણ ડોલ્ટન યોજના હેઠળ ગોઠવાયું. આ પ્રયોગ સમગ્ર ભારતમાં નવીન શિક્ષણક્રાંતિ સમાન હતો.

શિસ્ત અંગે હરભાઈના વિચારો અત્યંત આધુનિક અને મનોવૈજ્ઞાનિક હતા. તેઓ માનતા કે શિસ્ત દબાણથી નહી, પરંતુ સ્વયંસ્ફૂર્ત રીતે વિકસવી જોઈએ. વિદ્યાર્થીને સ્વતંત્રતા મળે ત્યારે જ તેનો સાચો વ્યક્તિત્વ વિકાસ શક્ય બને. ગિજુભાઈ પણ મુક્ત વાતાવરણના સમર્થક હતા, પરંતુ તેઓ નિયમિતતા અને સ્વચ્છતાને ખાસ મહત્વ આપતા. નાનાભાઈ કડક શિસ્ત અને નિયમબદ્ધ જીવનમાં વિશ્વાસ રાખતા. આ રીતે ત્રણેયના અભિગમોમાં સૂક્ષ્મ તફાવતો હોવા છતાં શિક્ષણના મૂળ હેતુ અંગે તેઓ એકમત હતા.

હરભાઈએ છાત્રાલયજીવનને પણ શિક્ષણનો અગત્યનો ભાગ માન્યો. વિદ્યાર્થીઓ દિવસનો મોટો સમય છાત્રાલયમાં પસાર કરતા હોવાથી ત્યાંનું વાતાવરણ તેમના વ્યક્તિત્વ પર ઊંડી અસર કરતું. તેમણે છાત્રાલયજીવનના પ્રશ્નોનો મનોવૈજ્ઞાનિક અભ્યાસ કર્યો અને પૂર્વતરુણાવસ્થા તથા તરુણાવસ્થાથી સંબંધિત પ્રશ્નોને દબાવવાના બદલે સમજણ અને માર્ગદર્શન દ્વારા ઉકેલવાનો પ્રયત્ન કર્યો. "છાત્રાલય" નામની માસિક પત્રિકા દ્વારા તેમણે આ વિષયો પર ચર્ચા શરૂ કરી.વિનયમંદિરમાં સહશિક્ષણનો પ્રયોગ પણ હરભાઈએ સાહસપૂર્વક શરૂ કર્યો. ભારે વિરોધ છતાં તેઓ પોતાના વિચારો પર અડગ રહ્યા. તેઓ માનતા કે સહશિક્ષણ વિદ્યાર્થીઓમાં સ્વાભાવિક સંબંધો, સમજણ અને માનવતાનો વિકાસ કરે છે. આ ઉપરાંત તેમણે જાતીય શિક્ષણ અંગે પણ ક્રાંતિકારી વિચાર રજૂ કર્યા. તે સમયના સમાજમાં આ વિષય વાજબી રીતે ચર્ચાતો પણ નહોતો, છતાં હરભાઈએ તેને શિક્ષણનો જરૂરી ભાગ ગણાવ્યો.આમ, હરભાઈએ વિનયમંદિરમાં કરેલા પ્રયોગો માત્ર શાળા સુધી મર્યાદિત રહ્યા નહોતા; તેમણે સમગ્ર ગુજરાત અને ભારતના શિક્ષણવિચારને નવી દિશા આપી. સ્વાધ્યાય, મુક્ત શિસ્ત, વિદ્યાર્થીકેન્દ્રિત શિક્ષણ, શારીરિક વિકાસ, સહશિક્ષણ અને મનોવૈજ્ઞાનિક અભિગમ જેવા તેમના વિચારો આજના સમયમાં પણ અત્યંત પ્રાસંગિક અને પ્રેરણાદાયી ગણાય છે.

# કેવું જશે આપનું આવતું અઠવાડિયું



**મેષ - (અ, લ, ઈ) :-** શનિ બારમા ભાવમાં હોવાથી, જો કોઈ કેસ કોર્ટ-કચેરીમાં અટવાયેલો હોય તો એના પરિણામની ચિંતામાં તમે મનોમન બેચેન રહી શકો છો. એના કારણે ઘરનું વાતાવરણ પણ થોડું અશાંત લાગશે. ગુરુ ચોથા ભાવમાં હોવાથી અઠવાડિયાની શરૂઆત પૈસાની બાબતે ભલે સારી રહે, પણ અંતમાં કોઈક કારણસર ખર્ચો વધી જઈ શકે છે અને એ વાત તમને પરેશાન કરશે. એટલે શરૂઆતથી જ યોગ્ય આયોજન કરીને જ ખર્ચ કરજો. આ અઠવાડિયું તમારા કુટુંબજીવનમાં ખુશી, શાંતિ અને સમૃદ્ધિ લાવશે. એટલે જ તો કોઈ ધાર્મિક સ્થળે કે સગાં-સંબંધીને ત્યાં આખા પરિવાર સાથે જવાનું પ્લાનિંગ કરી શકો છો. ધંધામાં નવા ભાગીદારને જોડવાનો વિચાર ચાલતો હોય તો કોઈપણ વચન આપતા પહેલાં બધી હકીકતો જાતે બરાબર ચકાસી લેજો, પછી જ આગળ વધજો. ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે ગ્રહોની કૃપાથી વિદ્યાર્થીઓને ખૂબ સારા ફળ મળશે. કોઈ સારી જગ્યાએ એડમિશનના શુભ સમાચાર પણ આવી શકે. ખાસ કરીને જે વિદ્યાર્થીઓ વિદેશ ભણવા જવાનું સપનું જોઈ રહ્યા છે, એમનું એ સપનું પૂરું થવાના પ્રબળ યોગ બની રહ્યા છે.। જોકે ઇન્ફોર્મેશન ટેક્નોલોજી, મેનેજમેન્ટ અને બાયોટેક્નોલોજીની અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને વધુ મહેનત પછી જ સફળતા મળશે.

**વૃષભ - (બ, વ, ઉ)**આ અઠવાડિયે મીઠું ખાવાની તીવ્ર ઈચ્છા થશે અને એ ઈચ્છા તમે પૂરી પણ કરશો. પણ ભાઈ, એક વાત યાદ રાખજો લ આ જ આદત આગળ જઈને ડાયાબિટીસ કે વજન વધવાની સમસ્યા આપી શકે છે. ગુરુ ત્રીજા ભાવમાં હોવાથી આખું અઠવાડિયું જુદા-જુદા ક્ષેત્રે ખર્ચ થતો રહેશે, અને ક્યાંક પૈસાની તંગી જેવો અહેસાસ થઈ શકે. એટલે શરૂઆતમાં જ બજેટ બનાવી લેજો, એનાથી ઘણા ફાલતુ ખર્ચા કાબૂમાં આવી જશે. મોડી રાત સુધી ઘરની બહાર રહેવું કે મોજશોખ પાછળ વધારે પડતો ખર્ચ કરવો લ આવી બાબતોથી મા-બાપ નારાજ થઈ શકે છે. એટલે એવું કંઈ ન કરજો જેનાથી ઘરમાં ડાંટ સાંભળવી પડે, કારણ કે એનાથી તમારો મૂડ તો બગડશે જ, ઘરનું વાતાવરણ પણ બગડશે. જો ક્યાંય રોકાણ કરવાનું વિચારતા હોવ તો આ અઠવાડિયે રોકશો નહીં લ હાલ થોડી રાહ જુઓ અને કાર્યસ્થળે શીખવા પર ધ્યાન આપો. વિદ્યાર્થીઓ માટે આ સમય ખૂબ સકારાત્મક રહેશે. જે વિદ્યાર્થીઓ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરે છે, એમના માટે તો આ સોનેરી સમય છે, ગ્રહોની કૃપાથી સારી સફળતા મળશે.જેના કારણે તેમનું મનોબળ વધશે જ, પરંતુ તેમનો આત્મવિશ્વાસ અને હિંમત પણ નોંધપાત્ર રીતે વધશે.શનિ મહારાજ તમારી ચંદ્ર રાશિના અગિયારમા ભાવમાં હાજર હશે અને એવા માં,પાછળ ના અઠવાડિયા ના મુકાબલે આ અઠવાડિયે ,તમારું આરોગ્ય વધારે સારું રહેશે અને તમારું આરોગ્ય પણ મજબૂત હોવાથી તમે બહુ સારું મેહસૂસ કરશો.

**મિથુન - (ક, છ, ઘ) :-**આ રાશિના લોકોને નાની-મોટી તકલીફો સિવાય કોઈ મોટી બીમારી થવાની શક્યતા નહિવત છે. છતાં પણ કોઈ સીઝનલ બીમારી થાય તો ઘરે જાતે દવા લેવાને બદલે ડોક્ટરની સલાહ જરૂર લેજો. ગુરુ બીજા ભાવમાં હોવાથી તમારા આર્થિક નિર્ણયોમાં સુધારો આવશે, જે જૂના નુકસાનમાંથી બહાર નીકળવામાં મદદ કરશે. વસ્તુઓ ધીમે-ધીમે ફરી પાટા પર આવતી લાગશે. સાતમા ભાવ પર શનિની દૃષ્ટિ હોવાથી ઓફિસના કામની વ્યસ્તતાને કારણે જીવનસાથી સાથેનો સંબંધ થોડો તણાવપૂર્ણ થઈ શકે છે. પરિવારને કરેલું કોઈ વચન પૂરું કરવામાં અસફળ રહેશો, જેથી એમની નારાજગીનો સામનો કરવો પડશે. કાર્યક્ષેત્રે આ અઠવાડિયું તમારી કુશળતાની પરીક્ષા લેશે લ ઈચ્છિત પરિણામ મેળવવા માટે ધ્યાન કેન્દ્રિત રાખવું પડશે. જરૂર પડે તો વડીલોના અનુભવનો સહારો લેજો. ઘણા વિદ્યાર્થીઓના મનમાં વિદેશ ભણવા જવાની ઈચ્છા જાગશે. પણ ઘરમાં વાત કરતા પહેલાં તમે પોતે દરેક રીતે ખાતરી કરી લેજો, બધી માહિતી ભેગી કરજો.

**કર્ક - (ડ, હ) :-** સવારે યોગ-કસરત જેવા જે કામો કરવા માગતા હતા પણ થઈ શક્તા નહોતા, એ આ અઠવાડિયે રાતના જમ્યા પછી થોડો સમય કાઢીને કરવાનું વિચારી શકો છો. રાહુ આઠમા ભાવમાં હોવાથી ઓફિસથી સમયસર નીકળવું પડશે, જેથી રાતે જમ્યા પછી થોડું ચાલવા જઈને ખોરાક હજમ કરી શકો. એના માટે પ્રયત્ન કરવો જરૂરી છે. ગુરુ પ્રથમ ભાવમાં હોવાથી થોડા અણધાર્યા ખર્ચા થવાની શક્યતા છે, પણ આવક સતત વધતી રહેવાથી એની અસર નહીં દેખાય. તમારી મોજશોખ પાછળ પણ થોડોઘણો ખર્ચ કરી શકશો. છતાં આવક અને ખર્ચ વચ્ચે સંતુલન જાળવવું ખૂબ જરૂરી છે. ઓફિસના કામની વ્યસ્તતાને કારણે જીવનસાથી સાથેનો સંબંધ તણાવપૂર્ણ થઈ શકે છે, અને કોઈ વચન પૂરું ન કરી શકવાથી ઘરનાઓની નારાજગીનો સામનો કરવો પડશે. કાર્યક્ષેત્રે પરિસ્થિતિ પહેલાં કરતાં ઘણી સારી થતી જણાશે. તમારી આ સફળતા પાછળ જે નાના-મોટા સહકાર્યકરોની મહેનત છે, એમને જાતે આગળ વધીને દુઆ-સલામ કરવાનું ભૂલતા નહીં લ એનાથી તમને બંનેને સકારાત્મક પ્રોત્સાહન મળશે. ઘણા વિદ્યાર્થીઓ આ અઠવાડિયે જૂના ફોટા જોઈને જૂની યાદોમાં ખોવાઈ જશે, અને કિંમતી સમય બગાડશે. એટલે શરૂઆતથી જ ધ્યાન રાખજો.

**સિંહ - (મ, ટ) :-** ગુરુ બારમા ભાવમાં હોવાથી આ અઠવાડિયે તબિયતમાં સુધારો આવશે. એટલે એવી પ્રવૃત્તિઓમાં જોડાઓ જે રોમાંચક હોય અને મનને શાંતિ આપે લ એનાથી માનસિક તણાવ દૂર રાખવામાં મદદ મળશે. આર્થિક સ્થિતિ સારી થવાથી ઘરની જરૂરી ચીજો ખરીદવી સહેલી રહેશે, જેથી ઘરના લોકો ખુશ રહેશે અને તમને પણ વધુ સારું કરવાનું પ્રોત્સાહન મળશે. રાહુ સાતમા ભાવમાં હોવાથી તમે મહેસૂસ કરશો કે જે ઘરના માણસો તમારા માટે સૌથી મહત્વના છે, એમને જ તમારી વાત અને લાગણીઓ સમજાવવામાં તકલીફ પડી રહી છે. એટલે થોડો સમય શાંત રહેજો, એમને પણ સમય આપજો. કાર્યક્ષેત્રે કોઈ હરીફ કે વિરોધી તમારી વિરુદ્ધ ષડયંત્ર રચી શકે છે, એટલે આંખ-કાન ખુલ્લા રાખીને જ કામ કરજો. ઉચ્ચ શિક્ષણ ઈચ્છનારા વિદ્યાર્થીઓને એમની મહેચ્છા મુજબ સફળતા મળી શકે છે, પણ ધીરજથી અને દરેક પગલું વિચારીને જ આગળ વધજો. કોઈ નિર્ણય લેવામાં મુશ્કેલી પડે તો વડીલોની સલાહ લેજો.

**કન્યા - (પ, ઠ, ણ) :-**ગુરુ અગિયારમા ભાવમાં હોવાથી મીઠાઈ ખાવાની ઈચ્છા તીવ્ર થશે, જે તમે પૂરી પણ કરશો. પણ યાદ રાખજો લ આ આદત આગળ જઈને ડાયાબિટીસ કે વજન વધવાનું કારણ બની શકે છે. જો લાંબા સમયથી તમારા પૈસા કોઈ વળતર કે ઉધારી રૂપે ક્યાંક ફસાયેલા હતા, તો આખરે આ અઠવાડિયે એ પાછા મળી જશે. ઘણા શુભ ગ્રહોની સ્થિતિ આ સમયે ધનલાભ બતાવી રહી છે. શનિ સાતમા ભાવમાં હોવાથી પરિવાર કે મિત્રો સાથે ક્યાંક પિકનિક પર જવા માટે આ અઠવાડિયું બેસ્ટ છે લ મન પણ હળવું થશે અને સંબંધો પણ ગાઢ બનશે. કાર્યક્ષેત્રે કોઈ એવી ખાસ વ્યક્તિ સાથે મુલાકાત થઈ શકે છે, જેને મળવા માટે લગભગ બધા તરસતા હોય છે. પણ તમારી મહેનતના જોરે અશક્યને શક્ય બનાવીને એમની સાથે મુલાકાત કરી શકશો. એમને મળતી વખતે સારી રીતે તૈયાર થઈને જજો અને કોઈ ફાલતુ વાત કરવાનું ટાળજો, જેથી છબી બગડે નહીં. ઘણા વિદ્યાર્થીઓ જૂની ભૂલોમાંથી શીખ ન લેતા એ જ ભૂલો ફરી કરશે, જેથી શિક્ષણમાં ખરાબ પરિણામ ભોગવવા પડી શકે છે. યાદ રાખજો લ અસફળતામાંથી પણ ઘણું શીખવા મળે છે.

**તુલા - (ર, ત) :-** રાહુ પાંચમા ભાવમાં હોવાથી માનસિક શાંતિનો અભાવ અનુભવાશે, અંદર-અંદર બેચેની રહેશે. એને બદલે ધર્મ-કર્મના કામોમાં ઉત્સાહથી ભાગ લેજો, શ્રદ્ધા મુજબ દાન-પુણ્ય કરજો. એનાથી સમાજમાં માન વધશે અને માનસિક તણાવથી પણ બચી શકશો. શનિ છઠ્ઠા ભાવમાં હોવાથી જો વિદેશ સાથે જોડાયેલો વેપાર કરો છો, તો નવા ગ્રાહકો સાથે જોડાવાની અને એમાંથી લાભ મેળવવાની તકો ખુલશે. એના માટે યોગ્ય રણનીતિ સાથે તૈયાર રહેજો. આ અઠવાડિયે તમારા કોઈ કામથી મા-બાપ ગૌરવ અનુભવશે, જેથી ઘરનું વાતાવરણ શાંત રહેશે અને ઘરમાં એવું માન મળશે જે લાંબા સમયથી ઝંખતા હતા. ઓફિસના કામમાં મન નહીં લાગે, કારણ કે કરિયરને લઈને મનમાં દ્વિધા હશે. ધ્યાન કેન્દ્રિત રાખવા યોગ અને ધ્યાનનો સહારો લેજો. વિદ્યાર્થીઓએ આ અઠવાડિયે વધુ સારું પ્રદર્શન કરવાની જરૂર છે, નહીંતર મા-બાપ અને શિક્ષકોની ડાંટ સાંભળવી પડે. એટલે શરૂઆતથી જ મહેનત ચાલુ રાખજો. ખાસ કરીને જે વિદ્યાર્થીઓ વિદેશમાં અભ્યાસ કરવાનો સ્વપ્ન જોઈ રહ્યા છે, તેમને મનપસંદ શાળા અથવા કોલેજમાં પ્રવેશ મેળવવાની શક્યતા છે.

**વૃશ્ચિક - (ન, ય) :-** રાહુ ચોથા ભાવમાં હોવાથી શરીરને આરામ આપવાની જરૂર છે. છેલ્લા થોડા સમયથી તમે ભારે માનસિક દબાણમાંથી પસાર થયા છો, એટલે હવે આરામ કરવો જરૂરી છે. નવી પ્રવૃત્તિઓ અને મનોરંજનની સાથે પૂરતો વિશ્રામ લેજો. આ અઠવાડિયે તમારો લોભ જ તમારો સૌથી મોટો દુશ્મન બની શકે છે. કોઈ વ્યક્તિ ગેરકાનૂની કામ માટે પૈસાની લાલચ આપી શકે છે લ એ લાલચમાં પડ્યા તો કોઈ મોટી મુશ્કેલીમાં ફસાઈ શકો છો. ભૂલથી પણ ઘરના સભ્યો સાથે રુક્ષ વ્યવહાર ન કરજો. ખાસ કરીને વડીલો સાથે મર્યાદાથી જ રહેજો, નહીંતર ઘરની શાંતિ ડોળાઈ શકે છે અને એનો માનસિક તણાવ સૌથી વધારે તમને જ ભોગવવો પડશે. જે લોકો સરકારી નોકરીમાં છે, એમને આ અઠવાડિયે પ્રમોશન કે પગાર વધારાની સાથે મનગમતી જગ્યાએ ટ્રાન્સફર પણ મળી શકે છે. એટલે ધ્યેય પર જ ધ્યાન કેન્દ્રિત રાખજો. શિક્ષણ ક્ષેત્રે પણ સારા ફળ મળશે, પણ વિદ્યાર્થીઓ આરામની આદતમાં એટલા પડી જશે કે નાની-મોટી ચેલેન્જ પણ મોટી લાગવા માંડશે.

**ધન - (ભ, ધ, ફ, ઢ) :-** આ સપ્તાહે તમને અનુભવ થશે કે આસપાસના લોકો તમારી પાસેથી વધુ માગણી અને અપેક્ષા રાખી રહ્યા છે. એવામાં તમે તેમની દરેક માગ પૂરી કરવા માટે પોતાના પર વધારાનું દબાણ અનુભવશો. પરંતુ તમારે એ સમજવું પડશે કે જેટલું તમે કરી શકો તેનાથી વધુ કોઈને પણ વચન ન આપો, અને માત્ર બીજાને ખુશ કરવા માટે પોતાને નકામા તણાવથી થકવશો નહીં. ગ્રહોની સ્થિતિ અનુસાર તમારી રાશિના જાતકો માટે આર્થિક દૃષ્ટિએ આ સપ્તાહ સામાન્યથી વધુ સારા પરિણામ લાવનારું સાબિત થઈ શકશે. રાહુ ત્રીજા ભાવમાં હોવાના કારણે, સમાજમાં તમારી સ્થિતિ મજબૂત કરવા અને ધનમાં વૃદ્ધિ માટે આ સમયે કેટલીક શાનદાર તકો પ્રાપ્ત થવાના યોગ બની રહ્યા છે. જો તમે ઘરથી દૂર રહો છો, તો આ સપ્તાહે જ્યારે પણ તમે એકલતા અનુભવશો, ત્યારે કોઈને કોઈ રીતે તમારો પરિવાર તમને એ અહેસાસ કરાવતો રહેશે કે દૂર હોવા છતાં તેઓ ભાવનાત્મક રીતે દરેક ક્ષણે તમારી સાથે છે. આ તમને હતાશાથી બચાવશે, સાથે જ સમજદારી ભર્યો નિર્ણય લેવામાં પણ ખૂબ મદદ કરશે. કામ પ્રત્યેની તમારી લગન અને મહેનતને જોતાં આ સપ્તાહે તરક્કી મળી શકે છે, પણ તેના માટે તમારે ઉપરી અધિકારીઓની ખુશામત પણ કરવી પડશે, જેનાથી બીજાઓની નજરમાં તમારી છબીને નુકસાન પહોંચી શકે છે.

**મકર - (ખ, જ) :-** તમારી રોગપ્રતિકારક શક્તિ આ સમયે ખૂબ નબળી હશે, તેથી જરૂર પડે તો બીમાર પડતા પહેલાં જ આવશ્યક દવા લો. પરંતુ દરેક સમસ્યાનો જાતે જ ઘરે ઈલાજ કરવાથી પણ બચવું જોઈએ. શનિ ત્રીજા ભાવમાં સ્થિત હોવાના કારણે, આ સપ્તાહે વેપારીઓને કાર્યક્ષેત્રના સંબંધમાં બીજા રાજ્યમાં જવું પડી શકે છે, જ્યાં તેમનું અપેક્ષાથી વધુ ધન બરબાદ થશે. આ સપ્તાહે તમારા મિત્રો કોઈ સરસ યોજના બનાવી તમારું મન પ્રસન્ન કરી દેશે. આ યોજના ક્યાંક બહાર જવાની હોઈ શકે છે, જ્યાં તમને મિત્રો સાથે ફરી મોજમસ્તી કરવાની તક મળશે. કેતુ આઠમા ભાવમાં હોવાના કારણે, આ સપ્તાહે તમે કાર્યસ્થળ પર ઉપરી અધિકારીઓ અને ગૌણ સહકર્મીઓ સાથેના દરેક પૂર્વ વિવાદ સમાપ્ત કરી, તેમની સાથેના સંબંધો સુધારવામાં સફળ રહેશો. જેનાથી તમારી છબીને લાભ મળશે, સાથે જ ભવિષ્યમાં પગાર વૃદ્ધિની સંભાવનાઓ પણ વધી શકે છે. વિદ્યાર્થીઓએ આ સપ્તાહે એવી પ્રવૃત્તિઓથી દૂર રહેવું પડશે જે તેમનું ધ્યાન ભટકાવી શકે. માત્ર એવા જ લોકો સાથે મેળ-મિલાપ વધારો જે અભ્યાસમાં હોશિયાર હોય, જેથી જરૂર પડ્યે તેમની મદદ લઈ શકાય.

**કુંભ - (ગ, શ, ષ, સ) :-**આ સપ્તાહે તમારી તબિયતમાં તો સુધારો આવશે, પરંતુ જીવનના વિવિધ ક્ષેત્રોમાં ચાલી રહેલી ઊથલપાથલ તમને થોડા બેચેન કરી શકે છે. તેથી જો માનસિક શાંતિ મેળવવી હોય તો કેટલીક પળો નજીકના મિત્રો સાથે વિતાવવાની જરૂર છે. કેતુ સપ્તમ ભાવમાં હોવાના કારણે, આ સપ્તાહે વેપારીઓને કાર્યક્ષેત્રના સંબંધમાં બીજા રાજ્યમાં જવું પડી શકે છે, જ્યાં તેમનું અપેક્ષાથી વધુ ધન બરબાદ થશે. આ સપ્તાહે પરિવારમાં સામંજસ્ય બેસાડવામાં તમારા જીવનસાથી તમારી મદદ કરશે અને તેઓ આમાં તમારા માટે સૌથી વધુ મદદગાર સાબિત થશે. યોગ એવા પણ બની રહ્યા છે કે તમને સંબંધીઓ અને મિત્રો તરફથી અચાનક કોઈ સારી ભેટ મળે. આ આખા સપ્તાહ દરમિયાન તમારા શત્રુઓ સક્રિય રહેશે, અને સમય-સમય પર તમારી નબળાઈઓનો લાભ ઉઠાવી તમારી વિરુદ્ધ ષડયંત્ર રચતા દેખાશે. જેનાથી તમે કારકિર્દીમાં આગળ વધવામાં અસમર્થ રહેશો, સાથે જ કોઈ મોટી મુશ્કેલીમાં પણ ફસાઈ શકો છો. જે વિદ્યાર્થીઓ સતત મહેનત કરતા આવ્યા છે, તેમને આ સપ્તાહે પોતાની શાળા કે કોલેજમાં શિષ્યવૃત્તિથી સન્માનિત કરવામાં આવી શકે છે. જેનાથી તમારા માન-સન્માનમાં વધારો થશે, અને પરિવારને તમારી મહેનત જોઈ ગર્વનો અનુભવ થશે.

**મીન - (દ, ચ, ઝ, થ) :-** બૃહસ્પતિ પાંચમા ભાવમાં હોવાના કારણે, તમારા સ્વાસ્થ્ય માટે આ સપ્તાહ અનુકૂળ દેખાઈ રહ્યું છે. કારણ કે આ સમયે કોઈ મોટી બીમારી થવાની સંભાવના ઓછી છે, તેથી સારા સ્વાસ્થ્યનો આનંદ માણો અને નિયમિત રીતે વિટામિન-ઝ યુક્ત ખાદ્ય પદાર્થોનું સેવન કરો. આ સપ્તાહે તમે સરળતાથી પૈસા એકઠા કરી શકશો, કારણ કે આ દરમિયાન લોકોને આપેલા જૂના ઉધાર પાછા મળી શકે છે, અથવા તો એવી પણ સંભાવના છે કે તમે કોઈ નવા પ્રોજેક્ટ માટે થોડું ધન અર્જિત કરી શકો. અંગત જીવનમાં લીધેલા કોઈ મોટા નિર્ણયમાં તમને પરિવારનું સમર્થન નહીં મળે, જેનાથી તમે પોતાને ખૂબ એકલા અનુભવશો, અને મનમાં તેમનાથી દૂર જવાનો વિચાર પણ આવી શકે છે. રાહુ બારમા ભાવમાં હોવાના કારણે, કાર્યસ્થળ પર આખા સપ્તાહ દરમિયાન કોઈ પણ વિજાતીય વ્યક્તિ સાથે દિલ લગાવવાથી બચવું પડશે, નહીંતર તમારી બદનામી સાથે છબીને પણ નુકસાન પહોંચી શકે છે. તેથી એવું કંઈ ન કરો જેનો પાછળથી પસ્તાવો થાય. તમારી રાશિના વિદ્યાર્થીઓને આ સપ્તાહે શિક્ષકો અને વાલીઓનો સહયોગ મળશે. એવામાં સૂચન છે કે દરેક સંકોચ દૂર કરી શિક્ષકોની મદદ લેતા રહો. જે જાતકોના તાજેતરમાં લગ્ન થયા છે, તેમના જીવનમાં કોઈ નવો મહેમાન દસ્તક દઈ શકે છે. ત્યારબાદ તમને એહસાસ થશે કે હવે ઘરે વધુ સમય વિતાવવાની જરૂર છે.

# રાજકોટ એરપોર્ટની ઇન્ટરનેશનલ ટ્રાન્ઝિટ હબ તરીકે પસંદગી

## દિલ્હી-મુંબઇ-બેંગલરૂની હરોળમાં મૂકાશે હિરાસર એરપોર્ટ, આંતરરાષ્ટ્રીય અને ડોમેસ્ટિક ફલાઇટસ વચ્ચે ટ્રાન્સફર ઝડપી બનાવાશેઃ આવક અને સુવિધા બંન્ને વધારવા મહત્વની યોજના

રાજકોટ

તાજેતરમાં ઈરાન-અમેરિકા વચ્ચે થયેલા યુધ્ધના કારણે ગલ્ફના ઈન્ટરનેશનલ ટ્રાન્ઝિટ દેશો પણ પ્રભાવિત થતા ભારતની વિશ્રૃવના ઘણા દેશો સાથેની હવાઈ સેવા લાંબો સમય સુધી અસરગ્રસ્ત રહી હતી. પરંતુ હવે ભારત સરકારે ગલ્ફના દેશો પરની નિર્ભરતા ઘટાડવા રાજકોટ સહિત ભારતના જ ચાર એરપોર્ટને ટ્રાન્ઝિટ હબ તરીબે વિકસાવવાનો નિર્ણય લીધો છે અને ઝડપભેર આ યોજના અમલી બનાવવા આયોજન કરવામાં આવ્યુ છે.મિનિસ્ટ્રી ઓફ સિવિલ એવિએશન દ્વારા દુબઈ, દોહા, અબુધાબી અને સિંગાપોરના વિકલ્પ રૂપે દિલ્હી, મુંબઈ અને બેંગલુરુ એરપોર્ટની સાથે રાજકોટને ઈન્ટરનેશનલ ટ્રાન્ઝિટ હબ તરીકે વિકસાવવા નિર્ણય લેવામાં આવ્યો છે. કેમ કે ભારતનો ૮૫ ટકા આંતરરાષ્ટ્રીય એર ટ્રાફિક આ ત્રણ દેશોના એરપોર્ટ પરથી ટ્રાન્ઝિટ થાય છે.

પરંતુ યુધ્ધ જેવી સ્થિતિમાં આ ત્રણ પૈકી એક પણ એરપોર્ટ બંધ થાય તો ભારતની આંતરરાષ્ટ્રીય વિમાની સેવાને સીધી અસર થાય છે. આથી સરકારે હવે દેશના ચાર એરપોર્ટને ઈન્ટરનેશનલ ટ્રાન્ઝિટ હબ તરીકે વિકસાવવાની યોજના પર ઝડપ ભેર કામ શરૂ કરી દીધુ છે. તેમ એરપોર્ટ ઓથોરિટીના ટોચના અધિકારીઓએ જણાવ્યુ હતું.



કેન્દ્ર સરકારે ભારતને વૈશ્વિક ઉડ્ડયન હબ બનાવવાના લક્ષ્ય સાથે દિલ્હી, મુંબઈ, બેંગલુરુ અને રાજકોટ એરપોર્ટને આંતરરાષ્ટ્રીય ટ્રાન્ઝિટ સેન્ટર (હબ) તરીકે કાર્યરત છે. આ પગલું ગલ્ફ દેશોના દુબઈ, દોહા અને અબુધાબી જેવા વિમાનમથકો પરથી આવતા આંતરરાષ્ટ્રીય કનેક્ટિંગ મુસાફરોને ભારત તરફ આકર્ષવા માટે છે. હાલમાં ઘણા ભારતીય મુસાફરો આ ગલ્ફ હબ્સ થઈને વિદેશ જાય છે, જેને કારણે ભારતને આવક અને સુવિધાનું નુકસાન થાય છે.

આ નવી વ્યવસ્થા હેઠળ મુસાફરોને ભારતીય એરપોર્ટ્સ પર જ આંતરરાષ્ટ્રીય અને દેશી ફ્લાઈટ્સ વચ્ચે સરળ ટ્રાન્સફર મળશે.

ઈમિગ્રેશન, કસ્ટમ્સ અને બેગેજ હેન્ડલિંગની પ્રક્રિયા ઝડપી અને સરળ બનાવવામાં આવશે. આથી મુસાફરોનો સમય બચશે અને મુસાફરી વધુ આરામદાયક થશે. આ યોજના યુરોપ, નોર્થ અમેરિકા, સાઉથઈસ્ટ એશિયા, ઓસ્ટ્રેલિયા અને ભારતીય ઉપખંડ વચ્ચેના મુસાફરો માટે ખાસ ફાયદાકારક સાબિત થશે.

સરકાર એરપોર્ટ મોડર્નાઈઝેશન, ટર્મિનલ વિસ્તાર અને એર કનેક્ટિવિટી પર સતત રોકાણ કરી રહી છે. આ યોજના ભારતીય એરલાઈન્સને લાંબા અંતરની આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ વિસ્તારવામાં મદદરૂપ થશે. ભારતના ઉડ્ડયન ક્ષેત્રમાં દેશી અને આંતરરાષ્ટ્રીય મુસાફરીમાં સતત વૃદ્ધિ જોવા મળી રહી છે. આ નિર્ણય સાથે ભારત વૈશ્વિક ઉડ્ડયન હબ તરીકે પોતાની સ્થિતિ મજબૂત કરશે.

રાજકોટ માટે આ ઐતિહાસિક તક છે. હિરાસર એરપોર્ટની આધુનિક સુવિધાઓને વધુ વિકસાવીને તેને પશ્ચિમ ભારતના મુખ્ય આંતરરાષ્ટ્રીય હબ તરીકે સ્થાપિત કરી શકાય. સ્થાનિક વહીવટ, વ્યવસાયિકો અને લોકોએ આ વિકાસનો પૂરો લાભ લેવા તૈયારી કરવી જોઈએ. આનાથી ગુજરાતના ઉડ્ડયન અને પર્યટન ક્ષેત્રમાં નવી ક્રાંતિ આવશે.

### રાજકોટ એરપોર્ટની પસંદગી ખાસ મહત્વની છે.

હિરાસરમાં આવેલું આ આધુનિક ગ્રીનફિલ્ડ વિમાનમથક પશ્ચિમ ભારત અને ગલ્ફ દેશો વચ્ચે વ્યૂહાત્મક સ્થાન ધરાવે છે. તેના ઈન્ફ્રાસ્ટ્રક્ચર, આંતરરાષ્ટ્રીય કનેક્ટિવિટી અને વિસ્તારની સંભાવનાને કારણે તેને પસંદ કરવામાં આવ્યું છે. દિલ્હી, મુંબઈ અને બેંગલુરુ પહેલેથી મોટા આંતરરાષ્ટ્રીય ટ્રાફિકને હેન્ડલ કરે છે, જ્યારે રાજકોટ લાંબા ગાળાના હબ તરીકે વિકસવાની તૈયારીમાં છે. આનાથી સૌરાષ્ટ્ર ક્ષેત્રના લોકોને મોટો ફાયદો થશે. તેઓ હવે વિદેશ જવા માટે મોટા શહેરો પર આધાર રાખ્યા વગર સરળ કનેક્શન મેળવી શકશે.

આ નિર્ણયથી રાજકોટ અને આસપાસના વિસ્તારોમાં આર્થિક વિકાસને મોટો વેગ મળશે. વધુ એરલાઈન્સ આકર્ષાશે, પેસેન્જર અને કાર્ગો ટ્રાફિક વધશે. એરપોર્ટ સર્વિસીસ, હોટેલ, રેસ્ટોરન્ટ, ટ્રાન્સપોર્ટ અને ટૂરિઝમ ક્ષેત્રે રોજગારની નવી તકો ઊભી થશે. દ્વારકા, સોમનાથ, ગીર જેવા પ્રવાસન સ્થળો પર વિદેશી પ્રવાસીઓ વધશે. સ્થાનિક ઔદ્યોગિક વિકાસને પણ ફાયદો થશે કારણ કે બિઝનેસ અને કાર્ગો

# રાજકોટ જિલ્લા પંચાયતમાં ૯ જુલાઇએ સામાન્ય સભા, ૮ સમિતિઓની થશે રચના

રાજકોટ

રાજકોટ જિલ્લા પંચાયતની ચૂંટણી પૂર્ણ થયાના એક મહિના બાદ હવે વહીવટી પ્રક્રિયાએ વેગ પકડ્યો છે. આગામી ૯મી તારીખના રોજ જિલ્લા પંચાયતની સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં જિલ્લા પંચાયતની તમામ અગત્યની સમિતિઓની વિધિવત રચના કરવામાં આવશે.

સૂત્રોમાંથી મળતી માહિતી પ્રમાણે, રાજકોટ જિલ્લા પંચાયતમાં પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી પહેલેથી જ થઈ ચૂકી છે, પરંતુ વિવિધ સમિતિઓના ચેરમેન અને સભ્યોની વરણી હજુ સુધી બાકી હતી. વહીવટી કામગીરીને સુચારુ રૂપ આપવા માટે આગામી ૯ તારીખે બોલાવવામાં આવેલી આ સામાન્ય સભામાં રાજકોટ જિલ્લા પંચાયતની કુલ ૮ જેટલી સમિતિઓની રચના કરવામાં આવશે.

જિલ્લા પંચાયતની મહત્વની સમિતિઓમાં (જેમ કે કારોબારી, બાંધકામ, આરોગ્ય વગેરે) સ્થાન મેળવવા માટે ચૂંટાયેલા સભ્યો દ્વારા અત્યારથી જ પડદા પાછળની ગતિવિધિઓ તેજ કરી દેવામાં આવી છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર સમિતિઓમાં ચેરમેનપદ કે સભ્યપદ મેળવવા માટે સભ્યોએ ભાજપના ઉચ્ચ નેતાઓ અને સંગઠનના આગેવાનોનો સંપર્ક સાધીને ધમધોકાર લોબિંગ શરૂ કરી દીધું છે. પદ મેળવવા માટે ચૂંટાયેલા નેતાઓ પોતાના ક્ષેત્ર (વિસ્તાર) અને જ્ઞાતિ આધારિત સમીકરણોને આગળ ધરીને દાવેદારી નોંધાવી રહ્યા છે.

# દૂધસાગર રોડ પર બાઇક અથડાવા મુદ્દે યુવાન ઉપર અજાણ્યા શખ્સનો હુમલો

રાજકોટ

દૂધસાગર રોડ પર બાઈક અથડાવા મુદ્દે બાઈક ચાલકને અજાણયા શખ્સે માર માર્યો હતો. હુમલામાં ઘવાયેલા યુવકને સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ ૧૫૦ ફૂટ રીંગરોડ પર પુનિતનગરમાં રહેતો રાકેશ પ્રતાપભાઈ રાઠોડ (ઉ.વ.૨૪) દૂધસાગર રોડ પર પોતાનુ બાઈક લઈ એસી રીપેરીંગનું કામ કરવા જતો હતો. ત્યારે સ્પીડ બ્રેકર આવતા વળવા મુદ્દે ઈન્ડીકેટર ચાલુ કર્યુ હતું. જે દરમ્યાન પાછળથી આવતા અજાણયા બાઈક ચાલકે રાકેશ રાઠોડના બાઈકને ઠોકરે ચડાવી ઝઘડો કરી માર માર્યો હતો. યુવકને ઈજા પહોંચતા સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.

આ ઉપરાંત બીજા બનાવમાં કાલાવડ રોડ પર વામ્બે આવાસ યોજનાના કવાર્ટરમાં રહેતા જયસુખ મેઘનજીભાઈ પરમાર (ઉ.વ.૫૪)પોતાના ઘર પાસે હતા ત્યારે અરવિંદ અને ટીનાબેને ઝઘડો કરી ઢીકા-પાટુનો માર માર્યો હતો. આધેડને ઈજા પહોંચતા સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. ઉપરોક્ત બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# બંગલા ગેંગના ત્રણ આરોપીને રાજકોટથી દબોચી લેતી જૂનાગઢ પોલીસ : પાંચ દિ'ના રિમાન્ડ પર

## ગેંગ સામે ખંડણી, મારામારી સહિતના ૧૪ ગુનાઓ નોંધાયેલા છે

જુનાગઢ

બંગલા ગેંગના ત્રણ આરોપીઓને નવ માસ બાદ રાજકોટ થી દબોચી લઈ પોલીસે પાંચ દિવસના રિમાન્ડ પર લીધા છે આ આરોપીઓ સામે ગુજસીટોક નો ગુનો નોંધાયો, ખંડણી, મારામારી સહિતના ગુનાઓ પોલીસ ચોપડે નોંધાયેલા છે. જુનાગઢ ગ્રામ્ય સહિતના વિસ્તારોમાં ગુના આચરી લોકોમાં ભય ફેલાવનાર બંગલા ગેંગના નવ મહિનાથી ફરાર ત્રણ આરોપીઓને પોલીસે રાજકોટના ખીરસરા થી દબોચી જુનાગઢ કોર્ટમાં રજૂ કરી પાંચ દિવસ ના રિમાન્ડ મેળવી તપાસ હાથ ધરી છે.

જુનાગઢ નાયબ પોલીસ અધિક્ષક હિતેશ ધાંધલીયા ના જણાવ્યા મુજબ બંગલા ગેંગ સામે ગુજસી ટોક નો ગુનો નોંધાયો હતો. જેમાં આરોપી કરસન ગલા મોરી, દિલો ભગા છેલ્લા એક વર્ષથી જેલમાં છે. જ્યારે આરોપી ભાવિન ખોડા , નિલેશ ખોડા, અને જાદવ ઉર્ફે લાખો સાંગા હુણ છેલ્લા નવ માસ થી ફરાર હતા પોલીસે તેમની મિલકત જપ્ત સહિતની કાર્યવાહી કરેલ હતી.

આ ત્રણે આરોપીઓ રાજકોટના ખીરસરા ગામે હોવાની બાતમીના આધારે જુનાગઢ ક્રાઈમ બ્રાન્ચે આ ત્રણેયને દબોચી લઈ કોર્ટમાં રજૂ કરી પાંચ દિવસના રિમાન્ડ મેળવી આખરી પૂછપરછ શરૂ કરી છે ભાવિન વિરુદ્ધ ખંડણી મારામારી સહિતના ૧૪ ગુનાઓ, નિલેશ ખોડા અને જાદવ ઉર્ફે લાખા સામે નવ નવ ગુનાઓ નોંધાયેલા છે

# પ્રોજેકટસ-મૂળભૂત સેવાઓના ગુણવત્તાયુકત પરિણામો માટે નિષ્ણાંતોની કમીટી બનાવવા નિર્ણય

## જે તે વિષયના તજજ્ઞો સાથે ચર્ચા કરવા કાયમી સમિતિનું પ્રથમ વખત ગઠન કરતા મેયર : લાખોની કધસલ્ટન્સી ફી નહીં પણ ફ્રીમાં મળશે સલાહ : બોર્ડમાં નેહલ શુકલના અરજન્ટ ઠરાવ

રાજકોટ,

રાજકોટ મહાનગરમાં મોટા પ્રોજેકટસ માટે વિષય નિષ્ણાંતોની સલાહ લેવા અને ચર્ચા-વિચારણા કરવા વોર્ડ નં.૧૪ના પારડી રોડના સ્પોર્ટસ સંકુલ પ્રોજેકટથી કમિશ્નરે પહેલ શરૂ કરી હતી. હવે મેયર ડો.નેહલ શુકલએ શહેરીજનોની મુળભુત સેવાઓથી માંડીને માળખાકીય પ્રોજેકટ સમયે પૂરા કરવા તથા કામની ગુણવતા જાળવવા જુદા જુદા વિષયના તજજ્ઞોની માનદ (ફ્રી) સેવા લેવા પહેલી વખત નિર્ણય લીધો છે. બે દિવસ પહેલા મળેલા જનરલ બોર્ડમાં અધ્યક્ષ સ્થાનેથી અરજન્ટ દરખાસ્ત મુકીને ઠરાવ કરવામાં આવતા હવે આ એકસપર્ટ કમીટી કોર્પો.ના જુદા જુદા કામોનો એક



હિસ્સો બનશે.

કોઇ પણ કામો અને યોજનાઓમાં તે જ વિષયના નિષ્ણાંતોની સલાહ લેવાથી કામના વધુ સારા પરિણામ મળશે. વર્ષોથી મનપા મોટા કામો માટે મોટા ખર્ચ કરીને કન્સલ્ટન્ટ રોકે છે. પરંતુ મેયરે સામાજીક જવાબદારી તરીકે પણ યોગદાન આપવા માંગતા નિષ્ણાંતોને નિમંત્રણ આપ્યું છે.મહાનગરપાલિકાના વિવિધ વિકાસલક્ષી પ્રોજેક્ટોના અસરકારક આયોજન, ડિઝાઇન, ગુણવત્તા અને સમયસર અમલીકરણ માટે 'તજજ્ઞ સલાહકાર સમિતિ (Experts Advisory Committee)'ની રચના કરવાનો ઠરાવ બોર્ડમાં કરવામાં આવ્યો છે. જી.પી.એમ.સી. એક્ટની કલમ-૩૧ હેઠળ રચાનારી આ સમિતિમાં વિવિધ ક્ષેત્રોના નિષ્ણાતોને આમંત્રિત સભ્ય તરીકે નિયુક્ત કરવામાં આવશે. સમિતિ પ્રોજેક્ટ સંબંધિત ટેક્નિકલ સલાહ અને માર્ગદર્શન આપશે તેમજ જરૂરીયાત મુજબ બેઠક બોલાવવાની સત્તા સમિતિના અધ્યક્ષ (મેયર)ને આપવામાં આવશે. આ વ્યવસ્થાથી મનપાના વિકાસકાર્યો વધુ ગુણવત્તાસભર અને સમયમર્યાદામાં પૂર્ણ કરવામાં મદદ મળશે અને તેના રીપોર્ટ પણ જાહેર કરવામાં આવશે.

મહાનગરપાલિકા દ્વારા શહેરીજનોને જુદી જુદી મૂળભૂત સેવાઓ ઉપરાંત શહેરીજનોની સુખાકારી તેમજ જુદા જુદા માળખાકીય પ્રોજેક્ટ્સની સુવિધાઓ પણ આપવામાં આવે છે. આ માટે અદ્યતન ડિઝાઈન આપવા માટે, પ્રોજેક્ટ્સ સમય મર્યાદામાં શરૂ કરવા માટે, પ્રગતિ હેઠળના પ્રોજેક્ટ્સમાં જુદી જુદી કામગીરીની ગુણવત્તા જાળવવા માટે તેમજ પ્રોજેક્ટ્સ સમય મર્યાદામાં પૂર્ણ કરવા માટે જુદા જુદા વિષયોના નિષ્ણાંત તજજ્ઞો (એકસપર્ટસ)ની માનદ(ઓનરરી) સેવાઓ લેવામાં આવે તો તજજ્ઞોના જ્ઞાન, અનુભવ અને આવડતનો પુરતો લાભ રાજકોટને મળી રહે તેમ છે.

# લખનૌમાં કામગીરીને કારણે રાજકોટ ડિવિઝનની ૪ ટ્રેનોના રૂટ બદલાયા; હવે એશબાગ - મલ્હોર થઈને દોડશે

## ચાર સાપ્તાહિક એક્સપ્રેસ ટ્રેનો નિર્ધારિત સમયગાળા માટે લખનૌને બદલે ડાયવર્ટ કરાયેલા રૂટ પર ચાલશે

રાજકોટ,

ઉત્તર રેલવેના લખનૌ સ્ટેશન પર ઈન્ફ્રાસ્ટ્રક્ચર અંતર્ગત ઉઁઈ (ઓવરહેડ ઈક્વિપમેન્ટ) સંશોધન કામગીરી માટે લેવામાં આવેલા ટ્રાફિક બ્લોકને કારણે રાજકોટ ડિવિઝનની ચાર સાપ્તાહિક એક્સપ્રેસ ટ્રેનોના રૂટમાં અસ્થાયી ફેરફાર કરવામાં આવ્યો છે. રાજકોટ ડિવિઝનના સીનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર સુનિલ કુમાર મીનાએ જણાવ્યું કે નિર્ધારિત સમયગાળા દરમિયાન આ ટ્રેનો લખનૌને બદલે એશબાગ અને મલ્હોર માર્ગે દોડશે. ફેરફાર મુજબ ટ્રેન નં. ૧૫૬૩૫ ઓખા-ગુવાહાટી સાપ્તાહિક એક્સપ્રેસ ૨૬ જૂનથી ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધી કાનપુર સેન્ટ્રલ-લખનૌ-બારાબંકીના બદલે કાનપુર સેન્ટ્રલ-એશબાગ-મલ્હોર-બારાબંકી માર્ગે દોડશે. ટ્રેન નં. ૧૫૬૩૬



ગુવાહાટી-ઓખા સાપ્તાહિક એક્સપ્રેસ ૨૯ જૂનથી ૭ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધી બારાબંકી-મલ્હોર-એશબાગ-કાનપુર સેન્ટ્રલ માર્ગે દોડશે.તેમજ ટ્રેન નં. ૧૫૬૬૭ ગાંધીધામ-કામાખ્યા સાપ્તાહિક એક્સપ્રેસ ૨૭ જૂનથી ૧૨ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધી અને ટ્રેન નં. ૧૫૬૬૮ કામાખ્યા-ગાંધીધામ સાપ્તાહિક એક્સપ્રેસ ૧ જુલાઈથી ૯ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધી લખનૌને બદલે ડાયવર્ટ કરાયેલા રૂટ પરથી સંચાલિત થશે. રેલવેએ મુસાફરોને મુસાફરી પહેલાં ટ્રેનની સ્થિતિ અને રૂટની માહિતી ચકાસવાની સલાહ આપી છે.

# રેસકોર્સ પાર્કમાં ગૃહકલેશથી કંટાળી નેપાળી આધેડનો ઝેરી ટીકડા ખાઇ આપઘાત

રાજકોટ

શહેરમાં એરપોર્ટ રોડ પર રેસકોર્સ પાર્કમાં રહેતા આધેડે ઝેરી દવા પી આપઘાત કરી લીધો હતો. મૃતકે ઘરકંકાસના પ્રશ્ને આ પગલુ ભરી લીધાનું પોલીસનું અનુમાન છે. આધેડના મોતથી પરિવારમાં શોકની લાગણી પ્રસરી છે.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ રેસકોર્સ પાર્ક ૧માં બ્લોક નં.૭૪માં રહેતા અને હોટલમાં કામ કરતા મૂળ નેપાળના રામબહાદુરભાઈએ ઘરે અનાજમાં રાખવાના ઝેરી ટીકડા ખાઈ લીધા હતા.

# બાલકૃષ્ણ સોસાયટીમાં માતાએ ઠપકો આપતા પુત્રએ ફિનાઇલ પીધું

### શહેરમાં સંતકબીર રોડ પર આવેલી બાલકૃષ્ણ સોસાયટીમાં રહેતા યુવકને માતાએ કામ બાબતે ઠપકો આપતા યુવાને ફિનાઇલ પી લીધુ હતું. યુવકની તબિયત લથડતા સારવાર માટે ખસેડવામાં આવેલ

રાજકોટ

રાજકોટ શહેરમાં સંતકબીર રોડ પર આવેલી બાલકૃષ્ણ સોસાયટીમાં રહેતા યુવકને માતાએ કામ બાબતે ઠપકો આપતા યુવાને ફિનાઈલ પી લીધુ હતું. યુવકની તબિયત લથડતા સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ બાલકૃષ્ણ સોસાયટીમાં રહેતા દીપક દિનેશભાઈ ડાભી (ઉ.વ.૨૩) પોતાના ઘરે હતો. ત્યારે માતા રેખાબેને કામ બાબતે ઠપકો આપતા પુત્ર દીપકડાભીએ ફિનાઈલ પી લીધુ હતુ. યુવકને ઝેરી અસર થતા સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.

આ ઉપરાંત બીજા બનાવમાં પોપટપરા વિસ્તારમાં આવેલા સંતોષીનગરમાં રહેતી નિલમબેન ટીંકુભાઈ યાદવ નામની ૩૨ વર્ષની પરિણીતાને નજીવા પ્રશ્નને પતિ સાથે ઝઘડો થતા ફિનાઈલ ગટગટાવી લીધુ હતું. પરપ્રાંતિય પરિણીતાની તબિયત લથડતા સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. ઉપરોકત બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# ચુનારાવાડમાં ૪૪ વર્ષીય નરેશભાઈ અને પાંજરાપોળ વિસ્તારમાં ૪૫ વર્ષીય વિજયભાઈનું બીમારીથી મોત





રાજકોટ,

ચુનારાવાડમાં ૪૪ વર્ષીય નરેશભાઈ અને પાંજરાપોળ વિસ્તારમાં ૪૫ વર્ષીય વિજયભાઈનું બીમારીથી મોત નીપજ્યું હતું. પ્રથમ બનાવમાં નરેશભાઈ છગનભાઈ મકવાણા (ભુસડીયા) (ઉંમર વર્ષ ૪૪, રહે.ચુનારાવાડ લાખાજીરાજ ઉદ્યોગનગર શેરી નંબર ૧૦નો ખૂણો) ગત રાત્રિના ૯ વાગ્યાં આસપાસ પોતાના ઘરે બેભાન થઈ જતા રાજકોટ સિવિલમાં લાવતા ડોક્ટરે મૃત જાહેર કર્યા હતા.

પરિવારજનો એ જણાવ્યું કે, નરેશભાઈ મજૂરી કામ કરતા ત્રણ બહેન અને બે ભાઈમાં વચેટ હતા. પોલીસે મૃતદેહ પીએમ માટે ખસેડ્યો હતો. બીજા બનાવમાં વિજયભાઈ વાઘજીભાઈ અધેરા (ઉંમર વર્ષ ૪૫, રહે.પાંજરાપોળ, શેરી નંબર ૪, ભાવનગર રોડ) આજે સવારે ૩:૩૦ વાગ્યા આસપાસ પોતાના ઘરે હતા.ત્યારે બેભાન થઈ જતા રાજકોટ સિવિલ હોસ્પિટલમાં લાવતા ડોક્ટરે મૃત જાહેર કર્યા હતા. વિજયભાઈ ૨ ભાઈ અને ૩ બહેનમાં વચેટ હતા. સંતાનમાં તેઓને ૪ દીકરી અને ૧ દીકરો છે. તેઓ મજૂરી કામ કરતા. તેમને કેન્સરની બીમારી હતી.

**નામ બદલાવેલ છે**

હું **રામદેભાઈ મુળુભાઈ બારિયા,** રહે. માધવ નિવાશ, પંચસીલ સોસાઈટી - ૫, બ્રહ્મા કુમારી કેન્દ્ર ની પાસે, ગોંડલ રોડ, રાજકોટ આથી હું જાહેર કરૂ છું કે મે મારૂ નામ **રામદે મુળુભાઈ બારિયા** માંથી **રામદેભાઈ મુળુભાઈ બારિયા** કરેલ છે. જેની સર્વેએ નોંધ લેવી.

**નામ બદલાવેલ છે**

મારૂ નામ **હસ્મિતા જયેશ સોમૈયા** હતુ જે બદલીને **હસ્મિતા જયેશભાઈ સોમૈયા** કરેલ છે. હવેથી હું મારા નવા નામ **હસ્મિતા જયેશભાઈ સોમૈયા** તરીકે ઓળખાઈશ.

**સહી : હસ્મિતા જયેશભાઈ સોમૈયા**

સરનામું : વિષ્ણુ પેલેસ, બ્લોક નં. ૨, સુખસાગર, સુદામાનગર, જેતપુર - ૩૬૦૩૭૦

**નામ બદલાવેલ છે**

હું **જાનીબેન રામદેભાઈ બારિયા,** રહે. માધવ નિવાશ, પંચસીલ સોસાઈટી - ૫, બ્રહ્મા કુમારી કેન્દ્ર ની પાસે, ગોંડલ રોડ, રાજકોટ આથી હું જાહેર કરૂ છું કે મે મારૂ નામ **જાનીબેન રામદે બારિયા** માંથી **જાનીબેન રામદેભાઈ બારિયા** કરેલ છે. જેની સર્વેએ નોંધ લેવી.

સૌરાષ્ટ્ર આજતક
Owner : Leela News Network Pvt. Ltd, Printer & Publishser Komalkant Fakirchand Sharma, On behalaf of Leela News Network Pvt. Ltd. Printed at 2/6 Ghanchiwad, Near jilla Garden, Rajkot Published at Pramukh Swami Arcde, 7th floor, Rajkot.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT) Saurashtra AajTak has no connection or association with Aaj Tak of T.V. Today Network.

# આજથી મનપાની ૧૫ પેટા સમિતિ ધમધમતી થઇ જશે

## ચેરમેન સહિતના સદસ્યો સંભાળશે ચાર્જ : માત્ર એક ફાયર સમિતિ ચેરમેનને સરકારી ગાડીની સુવિધા મળે છે

રાજકોટ,

મહાપાલિકાની પ્રશ્નોત્તરી સાથેની નવી બોડીની ગુરૂવારે મળેલી સામાન્ય સભામાં વર્ષો બાદ સવારથી સાંજ સુધી તંદુરસ્ત ચર્ચાઓ પ્રજા માટે થઇ હતી. આ સાથે જ ૧૫ પેટા સમિતિની રચના પણ કરાતા તા.૨૯ના સોમવારે તમામ ચેરમેનો પોતપોતાની ચેમ્બરમાં કારભાર સંભાળશે.

મહાનગરપાલિકામાં ગત ગુરૂવારે મળેલી જનરલ બોર્ડ બેઠકમાં અધ્યક્ષ સ્થાનેથી અરજન્ટ બિઝનેસ દરખાસ્ત મુકી ૧૫ સમિતિઓના સભ્યોની નિમણુંક મેયર નેહલ શુકલએ કરી હતી. દરમિયાન આગામી સોમવારે સમિતિના ચેરમેનો વિધિવત રીતે ચાર્જ સંભાળી લેશે. પદાધિકારીઓની નિમણુંક કર્યાના એક મહિના બાદ હવે પેટા સમિતિ ચેરમેનો પણ કામે લાગશે. ૧૫ સમિતિમાં ચેરમેન અને વાઈસ ચેરમેન સહિત પાંચ-પાંચ સભ્યો છે.

આ તમામ ૧૫ સમિતિ પૈકી માત્ર એક ફાયર કમીટી ચેરમેનને સરકારી ગાડી મળે છે તે ઉલ્લેખનીય છે. બાંધકામ સમિતિના ચેરમેન તરીકે અશ્ર્વિનભાઈ ભોરણિયા અને વાઈસ ચેરમેન તરીકે મિનાબા જાડેજા અને સભ્ય તરીકે નરેન્દ્રસિંહ જાડેજા, પ્રદિપ ડવ અને અજય મજેઠિયાને સ્થાન આપવામાં આવ્યું છે. સેનિટેશન સમિતિના ચેરમેન તરીકે કિર્તિબા રાણા અને વાઈસ ચેરમેન તરીકે મહેશભાઈ પીપળિયા, સભ્ય તરીકે કાળુ કુગશિયા, ભારતીબેન પાડલિયા અને પુનમબેન મોરવાડિયાની સભ્ય તરીકે નિયુક્તિ કરવામાં આવી છે.

જયારે સમાજ કલ્યાણ સમિતિના ચેરમેન તરીકે મનીષ ભટ્ટ અને જયોત્સનાબેન ટીલાળાની વાઈસ ચેરમેન તરીકે અને સભ્ય તરીકે ડો. પ્રદિપ ડવ, નરેન્દ્રસિંહ જાડેજા અને રાજેશ્રીબેન માલવિયાને સ્થાન અપાયું છે. આરોગ્ય સમિતિના ચેરમેન તરીકે ડો. રિંકલ મેઘાણી અને વાઈસ ચેરમેન તરીકે ડો. શૈલેષ વસાણીની નિયુક્તિ કરાઈ છે.

લાઈટીંગ સમિતિના ચેરમેન તરીકે પરેશભાઈ ઠાકર અને વાઈસ ચેરમેન તરીકે રાજેશ્રીબેન માલવિયાની નિયુક્તિ કરવામાં આવી છે.

વોટરવર્કસ સમિતિના ચેરમેન તરીકે જયસુખભાઈ કાથરોટિયા અને વાઈસ ચેરમેન તરીકે રસિલાબેન સાકરિયા, કાયદો અને નિયમોની સમિતિના ચેરમેન તરીકે જયરાજસિંહ ગજુભા જાડેજા અને વાઈસ ચેરમેન તરીકે મિત્તલબેન લાઠિયા, માર્કેટ સમિતિના ચેરમેન તરીકે મોહિતસિંહ જાડેજા અને વાઈસ ચેરમેન તરીકે જાનકીબેન કાટોળિયા, હાઉસીંગ સમિતિના ચેરમેન તરીકે દિલિપભાઈ લુણાગરિયા અને વાઈસ ચેરમેન તરીકે ભારતીબેન પરસાણા, પ્લાનિંગ સમિતિના ચેરમેન તરીકે અનિલ કુમાર ચૌહાણ અને વાઈસ ચેરમેન તરીકે કિરણબેન માકડિયાની નિયુક્તિ કરાઈ છે.

ઉપરાંત ડ્રેનેજ સમિતિના ચેરમેન તરીકે કિરણબેન હરસોડા અને વાઈસ ચેરમેન તરીકે પ્રવિણભાઈ સેગલિયા, બાગ બગીચા અને ઝુ સમિતિના ચેરમેન તરીકે રક્ષીતભાઈ કલોલા અને વાઈસ ચેરમેન તરીકે સેજલબેન ચૌધરી, શિશુ કલ્યાણ ખાસ ગ્રાન્ટ સંચાલીત યોજનાઓ અને અગ્નિશામક સમિતિના ચેરમેન તરીકે કેતનભાઈ પટેલ અને વાઈસ ચેરમેન તરીકે અલ્પાબેન દવે, માધ્યમિક શિક્ષણ અને આનુસંગીક શિક્ષણ સમિતિના ચેરમેન તરીકે સોનલબેન સેલાળા અને વાઈસ ચેરમેન તરીકે દર્શન પેંગ્યાતર, એસ્ટેટ સમિતિના ચેરમેન તરીકે કંકુબેન ઉધરેજા અને વાઈસ ચેરમેન તરીકે પંકજભાઈ લુણાગરિયાની નિયુક્તિ કરવામાં આવી છે. તમામ સમિતિ ચેરમેનો આગામી સોમવારે સવારે ૧૦.૩૦ કલાકે મેયર ચેમ્બરમાં એકત્રીત થયા બાદ કારભાર સંભાળશે.

# જગન્નાથ મંદિર (નાનામૌવા) થી કળશયાત્રા યોજાશે : અભિષેક અનુષ્ઠાન

### રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાના હસ્તે અભિષેક વિધિ કરાશે



રાજકોટ,

જય જગન્નાથના ગગનભેદી નાદ સાથે આગામી તા.૧૬ જુલાઇના અષાઢી બીજના પવિત્ર દિને ભગવાન જગન્નાથજી નગરચર્યાએ નીકળશે. જગન્નાથપુરીમાં વિરાટ સંખ્યામાં દેશ-પરદેશના લોકો જગન્નાથજીની રથયાત્રામાં જોડાશે. રથયાત્રામાં ભગવાન જગન્નાથજીનો રથ હોય છે. લોકો શ્રધ્ધા અને ભક્તિથી રથને હંકારે છે.અમદાવાદમાં પણ ભગવાન જગન્નાથજીની રથયાત્રાનું વર્ષોથી આયોજન થઇ રહ્યું છે. ભાવનગરમાં પણ રથયાત્રા યોજાય છે.રાજકોટમાં છેલ્લા ચૌદ-પંદર વર્ષથી નાના મૌવા ગામમાં, મોકાજી સર્કલ ખાતે આવેલ શ્રી જગન્નાથજી મંદિર, શ્રી ખોડીયાર મંદિર, કૈલાસધામ આશ્રમ દ્વારા ભગવાન જગન્નાથજીની રથયાત્રા યોજવામાં આવે છે. મહામંડલેશ્ર્વર મહંત ત્યાગી મનમોહનદાસજી (ગુરુ રામ કિશોરદાસજી)ના સાંનિધ્યમાં ભગવાન જગન્નાથજીની રથયાત્રા યોજાય છે.

મહંત શ્રી ત્યાગી મનમોહનદાસજી મહારાજના સાંનિધ્યમાં તા.૨૯મીના શનિવારે સવારે ૮-૩૦ કલાકે કૈલાસધામ આશ્રમ ખાતેથી કળશયાત્રા-જલ યાત્રા નીકળશે રૂટ મુજબ ફરીને નીજ મંદિરે આવશે.ત્યારબાદ નીજ મંદિરે વૈદિક મંત્રોચારની સાથે શ્રી જગન્નાથજી, બહેન સુભદ્રાજી તથા ભાઈ બલભદ્રજી પર અભિષેક કરવામાં આવશે. રાજકોટ શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝાના હસ્તે અભિષેક અનુષ્ઠાન થશે. અભિષેક પૂર્ણ થયા પછી ભક્તો માટે બપોરે ભોજન પ્રસાદનું આયોજન કરવામાં આવેલ છે.

# સૌરાષ્ટ્ર કેન્સર કેર એન્ડ રિસર્ચ સેન્ટરને આધુનિક વેસલ સીલિંગ જનરેટર અર્પણ



રાજકોટ

રોટરી ક્લબ ઓફ રાજકોટ પ્રાઈમે સૌરાષ્ટ્ર કેન્સર કેર એન્ડ રિસર્ચ સેન્ટરને અદ્યતન ફીજજીજ્ઞ જીટ્ઠજ્ઞૈહખ્ત થીહીર્ટ્ઠિિ અર્પણ કર્યો છે. આ આધુનિક સર્જિકલ સાધનનું સફળતાપૂર્વક ઈન્સ્ટોલેશન પૂર્ણ થઈ ગયું છે અને ઈન્સ્ટોલેશન બાદ તરત જ એક સર્જરી દરમિયાન તેનો સફળ ઉપયોગ પણ કરવામાં આવ્યો હતો. આ પ્રોજેક્ટ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા અનેક દર્દીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થશે.

ફીજજીજ્ઞ જીટ્ઠજ્ઞૈહખ્ત થીહીર્ટ્ઠિિ એ આધુનિક સર્જરીમાં ઉપયોગમાં લેવાતું અત્યાધુનિક સાધન છે, જે ટ્ઠીિિ, દ્વૈહ તથા અન્ય હ્વર્ઙ્મઙ્ઘ દ્દીજજીજ્ઞજ ને સુરક્ષિત અને કાયમી રીતે સીલ કરવાની ક્ષમતા ધરાવે છે. તેના ઉપયોગથી સર્જરી દરમિયાન રક્તસ્રાવમાં નોંધપાત્ર ઘટાડો થાય છે, આસપાસના શિંતતીય ને ઓછું નુકસાન પહોંચે છે, સર્જરીનો સમય ઘટે છે સામાન્ય જીટ્ઠીિ પદ્ધતિની તુલનામાં આ ટેક્નોલોજી વધુ અસરકારક અને સુરક્ષિત છે. તેના કારણે દર્દીઓને ઓપરેશન દરમિયાન ઓછું બીલ્ડીંગ બ્લડ ટ્રાન્ફયુઝનની ઓછી જરૂરિયાત, ઝડપીરીકવરી તેમજ હોસ્પિટલમાં ઓછો સમય રોકાવાના લાભો પ્રાપ્ત થાય છે.આ સાધનનો ઉપયોગ કેન્સર સર્જરી, જનરલ સર્જરી, ગાયનેકનોલોજી, લેપ્રોસ્કોપી સર્જરી, યુરોલોજી, સહિત વિવિધ પ્રકારની સર્જરીમાં થઈ શકશે. પરિણામે દર વર્ષે સેકડો દર્દીઓને વધુ ગુણવત્તાસભર, સુરક્ષિત અને આધુનિક સારવારનો લાભ મળશે.

આ પ્રસંગે રોટરી ક્લબ ઓફ રાજકોટ પ્રાઈમ તરફથી નિહાર ચંદારાણા, મેહુલ પરમાર, અમિત કોટક, યશ વસાણી, જોગેશ બાવીશી, મિહિર ભટ્ટ, મોહિત રાઠોડ, ભવ્યદીપ ડોડિયા, અશ્વિનભાઈ, કમલેશ કનાબર, મેહુલ જામંગ, વિશાલ સરવૈયા, નિલેશ ભોજાણી, દર્શિત મહેતા, અલ્પા રાડિયા, કૌશા દોશી, રૂપા કનાબર અને બરખા કંસારા ઉપસ્થિત રહ્યા હતા.

# ભાજપ યુવા મોરચા દ્વારા ચારેય વિધાનસભામાં રક્તદાન કેમ્પનું આયોજન



રાજકોટ,

પ્રખર રાષ્ટ્રભકત ડો. શ્યામાપ્રસાદ મુખરજીનો તા. ૨૩જૂનના રોજ બલિદાન દિવસથી તા. ૬ જુલાઈ જન્મજયંતી સ્મૃતિ દિવસ અંતર્ગત ભારતીય જનતા પાર્ટી દ્વારા વિવિધ પ્રવૃતિઓ કરી ઉજવવામાં આવે છે.

આ અંતર્ગત ભાજપ પ્રમુખ ડો. માધવ દવે અને પ્રદેશ યુવા ભાજપ પ્રમુખ ડો. હેમાંગભાઈ જોષીના માર્ગદર્શન હેઠળ રાજકોટની ચારેય વિધાનસભામાંમેગા રકતદાન કેમ્પનું આયોજન શહેર ભાજપ યુવા મોરચાના પ્રમુખમિલન લીંબાશીયા,મહામંત્રી જયકીશન ઝાલા, હિમાંશુ રાજયગુરૂની આગેવાની અને ડો. શ્યામા પ્રસાદ મુખરજી જન્મ જયંતી પખવાડીયાના અંતર્ગત રકતદાન કેમ્પના રાજકોટ મહાનગરના સંયોજક યુવા મોરચાના મંત્રી જય બોરીયા, સહસંયોજક યુવા મોરચાના કાર્યાલય મંત્રી રાહુલ રાઠોડ અને શહેર યુવા મોરચા મંત્રી મોહિત શિયાળ જવાબદારી સંભાળશે.

આ રકતદાન કેમ્પ વિધાનસભા-૬૮માં આવતીકાલે તા. ૨૮ ભોજલરામ કોમ્યુનીટી હોલ, સંતકબીર રોડ ખાતે સવારે ૮.૦૦થી૧૨.૦૦ દરમ્યાન જેના ઈન્ચાર્જ શહેર યુવા મોરચાના નાગજી રાદડીયા સંભાળી રહ્યા છે. વિધાનસભા-૬૯માંતા. ૧-૭-૨૬ કમલમ શહેર ભાજપ કાર્યાલય ખાતે સાંજે ૪.૦૦ થી ૭.૦૦ દરમ્યાન જેના ઈન્ચાર્જ શહેર યુવા મોરચાના મોહિત શિયાળને જવાબદારી સોંપવામાં આવી છે.

વિધાનસભા-૭૦માં આવતીકાલે તા.૨૮-૬-૨૬ ધારેશ્વર મહાદેવ મંદિર, ભકિતનગર સર્કલ સાંજે ૪.૦૦થી૬.૦૦ વાગ્યા સુધી રકતદાન કેમ્પ યોજાશે જેના ઈન્ચાર્જ શહેર યુવા મોરચાના અનિરૂધ્ધ વાળા રહેશે અને વિધાનસભા-૭૧માંતા. ૧-૭-૨૬ દિવ્યતેજ સ્કુલ, સવારે ૮.૦૦ થી ૧.૦૦ વાગ્યા સુધી કોઠારીયા ખાતે યુવા મોરચાના કેવિન વરસાણી જવાબદારી સંભાળી રહ્યા છે.

# જુનાગઢ એસટીનાં વિભાગ નિયામકની કડક કાર્યવાહી, ફરજમાં બેદરકારી બદલ હેડ મિકેનિક, ડ્રાઇવર/કંડકટરને સસ્પેન્ડ કરાયા

જુનાગઢ તા.૨૭

જુનાગઢ એસટી બસની જાળવણી માં બેદરકારી અને હેડ મેકેનિક ને મનસ્વી રીતે બસનું સંચાલન કરવા બદલ માંગરોળ ડેપોના ડ્રાઈવર, સસ્પેન્ડ કરી દેવાયા છે.જુનાગઢ ડેપો ના હેડ મિકેનિકલ વિશાલ ઠાકર તેમની ફરજ દરમિયાન વિભાગીયાંત્રિક એન્જિનિયરની ટીમે નાઈટ ચકાસણી કરી હતી જેમાં ચાર વાહનોમાં ઓઈલ ની જ હતું આ ઉપરાંત વાહનોની જાળવણીની અવારનવાર તાકીદ કરવા છતાં બે વાહનોમાં ડીઝલ યુરિયા કેપ ન હતી, બે બસના ઈમરજન્સી દરવાજાના હેન્ડલમાં કાચંજન હતા કાચંજન હતા તેથી ચાલુ બસમાં દરવાજા ખુલી જવાની ભી તી વ્યક્ત કરી હતી.જે બદલ તેને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા માંગરોળ ડેપોને ડ્રાઈવર કૌશિક કાનજી મજેઠીયા તથા કંડકટર અજય કરસન શામળા ને માધુપુર અંબાજી રૂટની બસ નિયમ મુજબ પ્રાંતિજ બસ સ્ટેશન ને પ્રવેશ કર્યા બાદ જ આગળના રૂટ પર જવાના આદેશ છતાં આ બસ પ્રાંતિજ બસ સ્ટેન્ડમાં પ્રવેશવા ના બદલે બરોબર થી લઈ જવાઈ હતી જેથી જૂનાગઢ સુધી કે અન્ય વચ્ચેના રિઝર્વેશન કરેલા મુસાફરો આ બસમાં જઈ શક્યા ન હતા જેનો માંગરોળ ડેપો મેનેજર એ જુનાગઢ ડિવિઝન કંટ્રોલને રિપોર્ટ કરતા વિભાગ એસટીના નિયામક ડાંગર એ ડ્રાઈવર અને કંડકટરને સસ્પેન્ડ કરી દીધા નો હુકમ કર્યો છે

# ગીર સોમનાથ ખાતે વ્યસનમુક્તિ અંગે જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો



ગીર સોમનાથ

પ્રગતિશીલ યુવક મંડળ સંચાલિત જિલ્લા નશામુક્તિ કેન્દ્ર, ગીર સોમનાથ ખાતે ૨૬ જૂન ૨૦૨૬ – International Day Against Drug Abuse and Illicit Trafficking નિમિત્તે વ્યસનમુક્તિ અંગે જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.કાર્યક્રમ દરમિયાન વ્યસનના દૂષ્પરિણામો, સમાજ અને પરિવાર પર તેની અસર તેમજ વ્યસનમુક્ત જીવનના મહત્વ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ઉપસ્થિત મહાનુભાવોએ યુવાનોને વ્યસનથી દૂર રહી સ્વસ્થ, સુરક્ષિત અને જવાબદાર જીવન જીવવાનો સંદેશ આપ્યો હતો.

આ કાર્યક્રમમાં જિલ્લા સમાજ સુરક્ષા કચેરી તરફથી ચીફ ઓફિસર શ્રી એમ. એન. ખાંભલા, સમગ્ર શિક્ષા અભિયાન તરફથી જિલ્લા હિસાબી અધિકારી શ્રી એસ. ડી. ચૌહાણ, ડો. પ્રતીક સોસા તેમજ ચાઈલ્ડ હેલ્પલાઈન ૧૦૯૮, ગીર સોમનાથની ટીમ વિશેષ ઉપસ્થિત રહેલ.ઉપસ્થિત તમામ મહાનુભાવોએ વ્યસનમુક્ત સમાજના નિર્માણ માટે સૌએ સંયુક્ત પ્રયાસો કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો અને આવા જનજાગૃતિ કાર્યક્રમો સમયાંતરે યોજાતા રહે તે જરૂરી હોવાનું જણાવ્યું હતું.

# દર મહિનાના પહેલા રવિવારે હવે બુથવાઇઝ સ્વચ્છતા અભિયાન

### તમામ ૧૮ વોર્ડમાં ચૂંટાયેલા અને વહીવટી તંત્રના લોકોને જોડતી નવી પહેલ : જનરલ બોર્ડે કમિશનરને જવાબદારી સોંપી

રાજકોટ,

મનપાની સામાન્ય સભામાં સ્વચ્છતા અભિયાન માટે પણ એક નવું આયોજન ઘડી કાઢવામાં આવ્યું છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા દેશવાસીઓ જોગ કરવામાં આવેલ "સ્વચ્છતા સંકલ્પ"ના આહવાનને સ્થાનિક સ્તરે સાકાર કરવા માટે મહાનગરપાલિકા દ્વારા શહેરના જુદા જુદા વોર્ડ વિસ્તારમાં હાલમાં કરવામાં આવતી સફાઇ કામગીરીને વધુ સુદ્રઢ બનાવી, શહેરને સ્વચ્છ બનાવવાના લોકભોગ્ય ઉદ્દેશને ધ્યાને લઈ, બુથવાઈઝ અભિયાન શરૂ કરાશે તેમ મેયર ડો.નેહલ શુકલએ કહ્યું હતું.

દર મહિનાના પહેલા રવિવારે શહેરના તમામ વોર્ડમાં સવારે ૭ થી ૮ કલાક દરમિયાન પ્રત્યેક વોર્ડ દીઠ એક બુથ(હાલમાં કુલ ૧૮) એ મુજબ, બુથ હેઠળ આવતા રસ્તા, શેરી, ખુલ્લા પ્લોટ, વોંકળા, બાગ-બગીચા, સરકારી મિલકતો સહિતના તમામ વિસ્તારમાં ઘનિષ્ઠ સફાઇ કામગીરી કરવાની રહેશે.

મહાનગરપાલિકાના સંબંધિત વોર્ડના સફાઇ કામદાર સહિત સંબંધિત વોર્ડના તમામ શાખાના અધિકારી/કર્મચારીઓએ હાજર રહી, ઘનિષ્ઠ સફાઇ કામગીરી કરવાની રહેશે. આ ઘનિષ્ઠ સફાઇ કામગીરી કાર્યક્ષમ અને અસરકારક બની રહે તે માટે માઈક્રો લેવલ પ્લાનિંગ સહિતની આગળની તમામ કાર્યવાહી કમિશનરે કરવાની રહેશે.વોર્ડની બુથની સંખ્યામાં ભવિષ્યમાં ફેરફાર થાય તો તે મુજબ ઘનિષ્ઠ સફાઇ કામગીરીનું આયોજન કરવાનુ રહેશે. આ રીતે ચૂંટાયેલા લોકો અને અધિકારીઓને પણ આ સફાઇ અભિયાનમાં મેયર જોડવાના છે.

## સીટીલાઇફ

# જયાનંદધામ-નવગ્રહ જિનાલયના આંગણે આદિશ્વર દાદાનો અભિષેક



જયાનંદ ધામ, નવગ્રહ જિનાલય અવધ રોડ, રાજકોટ ના આંગણે નીજ જેઠ સુદ પૂનમ ૨૯ના સોમવારે ૬/૩૦ કલાકે આદેશ્વર દાદાના અભિષેક તેમજ પક્ષાલ કરવામા આવશે. પ.પૂ. આ. દેવેશ યુગ દીવાકર શ્રી ધર્મસૂરીશ્વરજી સમુદાયના પ. પૂ. સાધ્વીજી પ.પૂ. શ્રી દિવ્યાશ્રીજી મ.સા. ના શિષ્યા શ્રી ઉર્મિલયશાશ્રીજી મ.સા., શ્રી સ્નેહલયશાશ્રીજી મ.સા., શ્રી નીલરત્નાશ્રીજી મ. સા., શ્રી તીર્થમાલાશ્રીજી મ.સા. આખો દિવસ સ્થિરતા કરશે તો દર્શન વંદન નો લાભ લેવા જણાવેલ છે.આવેલ ભાવિકોને ભાતું આપવામાં આવશે.ભાતાના લાભાર્થિ તરુણભાઈ જે મહેતા પરિવાર હઃ શ્રીમતી ભારતીબેન મહેતા તરફથી આપવામાં આવશે. તેમ જયાનંદ ધામ રાજકોટ ના શ્રી વિશાલભાઈ શાહ, નિર્મલભાઈ શાહ કેતનભાઈ દોશી, દિપકભાઈ શેઠ ની યાદી જણાવેલ છે.

# રાજકોટ શહેર તાજીયા કમીટી દ્વારા જૈન અગ્રણી મયુર શાહનું સન્માન



રાજકોટ શહેર તાજીયા કમીટી દ્વારા સન્માન સમારોહનું આયોજન કરવામાં આવેલ. કોઠારીયા રોડ ખાતે તાજીયા પડમાં આવી રહ્યા હતા. ત્યારે રાજકોટ શહેર ભાજપના કોષાધ્યક્ષ તથા જૈન અગ્રણી મયુરભાઈ શાહનું સન્માન કમીટી દ્વારા કરવામાં આવેલ તે પ્રસંગની તસ્વીર.

# તાજીયા જુલુસમાં વિખૂટા પડેલ બાળક શોધી કાઢતી પોલીસ




રાજકોટ

તાજીયા જુલુસમાં વિખૂટા પડેલ બાળકને એ.ડિવિઝન પોલીસને ટીમે શોધી કાઢી પરિવાર સાથે મિલન કરાવતા લાગણીસભર દ્રશ્યો સર્જાયા હતાં. શહેરમાં ગઇકાલે નીકળેલા તાજિયાના જુલૂસમાં માતા-પિતા સાથે આવેલો સાત વર્ષનો મીત ભીડના કારણે વિખૂટો પડી ગયો હતો. આ દરમિયાન બંદોબસ્તમાં ગોઠવાયેલ એ ડિવિઝન પોલીસ સ્ટાફની નજર આ ગભરાયેલ બાળક પર પડતા તેનો કબજો લીધો હતો.પોલીસ સ્ટાફે બાળક પાસેથી જરૂરી વિગતો મેળવ્યા બાદ તેના વાલીનો સંપર્ક સાધ્યો હતો.તેઓને સ્થળ પર બોલાવી ઓળખની ખાતરી કર્યા બાદ બાળકને સુરક્ષિત રીતે તેના પરિવારને સોંપ્યો હતો. બાળક ખોવાઇ જતા ચિંતામાં મૂકાયેલા પરિવારે બાળક હેમખેમ મળી આવતા લાગણીસભર દ્રશ્યો સર્જાયા હતાં અને પરિજનોએ પોલીસનો આભાર પણ માન્યો હતો.

# બાલાજી હનુમાનજીને અદ્ભૂત અને નયનરમ્ય શણગાર

રાજકોટ



લાખો ભક્તોની આસ્થાના કેન્દ્ર સમાન રાજકોટના ભૂપેન્દ્ર રોડ પર કરણસિંહજી હાઈસ્કૂલ સામે આવેલા સુપ્રસિદ્ધ શ્રી બાલાજી હનુમાનજી મંદિરે આજે શનિવારના પાવન દિવસે કષ્ટભંજન દેવનો અદ્ભુત અને મનોહર શણગાર કરવામાં આવ્યો હતો.દાદાને વિશેષ રૂપે ૨૫૧ કિલો પવિત્ર અને ઉત્કૃષ્ટ ગુણવત્તાયુક્ત ખારેક (સુકા મેવા) નો દિવ્ય અન્નકૂટ તેમજ કલાત્મક શણગાર અર્પણ કરવામાં આવ્યો હતો. સોનેરી સિંહાસનમાં બિરાજમાન દાદાનું આ નયનરમ્ય સ્વરૂપ જોઈને વહેલી સવારથી જ દર્શનાર્થે ઉમટેલા હજારો શ્રદ્ધાળુઓ ભાવવિભોર બન્યા હતા અને સમગ્ર મંદિર પરિસર મારુતિ નંદનના જયઘોષથી ગુંજી ઉઠ્યું હતું.આ વિશેષ અને મંગલમય શણગારનું આયોજન મંદિરના આયોજક મહંતશ્રી વિવેકસાગરદાસજી સ્વામી, સ્વામિનારાયણ મુખ્ય મંદિરના મહંત શાસ્ત્રી શ્રી રાધારમણદાસજી સ્વામી તેમજ કોઠારી શ્રી મુનિવત્સલદાસજી સ્વામીની પાવન નિશ્રા અને માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

# કોઈપણ કિંમતે જૂથવાદ સહન કરાશે નહીં: સપા પ્રમુખ અખિલેશ

## મુરાદાબાદમાં સમાજવાદી પાર્ટીનો રાજકીય માહોલ હાલમાં આંતરિક ઝઘડાને કારણે ગરમાયો

લખનૌ,

સપા પ્રમુખ અખિલેશ યાદવે મુરાદાબાદમાં જૂથવાદ પર કડક વલણ અપનાવ્યું છે. તેમણે સ્થાનિક નેતાઓ પર કડક કાર્યવાહી કરી છે. સાંસદ રુચી વીરાને પીડીએ બેઠકમાંથી બાકાત રાખવાના વિવાદ પર તેમણે પાંચ નેતાઓને લખનૌ બોલાવ્યા. બેઠકમાં, તેમણે મુરાદાબાદના પાંચ અગ્રણી નેતાઓને બોલાવ્યા, સમગ્ર મામલાની પૂછપરછ કરી અને સ્પષ્ટ સંદેશ આપ્યો કે કોઈપણ કિંમતે જૂથવાદ સહન કરવામાં આવશે નહીં.

મુરાદાબાદમાં સમાજવાદી પાર્ટીનો રાજકીય માહોલ હાલમાં આંતરિક ઝઘડાને કારણે ગરમાયો છે. પીડીએ બેઠકમાં સાંસદ રુચિ વીરાની ગેરહાજરી અને કાર્યક્રમના પોસ્ટરો અને બેનરોમાંથી તેમનો ફોટો ગુમ થવાનો વિવાદ એટલો વધી ગયો કે સપાના રાષ્ટ્રીય અધ્યક્ષ અખિલેશ યાદવે પોતે જ હસ્તક્ષેપ કરવો પડ્યો.લખનૌમાં યોજાયેલી એક મહત્વપૂર્ણ બેઠકમાં, તેમણે મુરાદાબાદના પાંચ અગ્રણી નેતાઓને આ બાબતે ચર્ચા કરવા માટે બોલાવ્યા અને સ્પષ્ટ સંદેશ આપ્યો કે કોઈપણ કિંમતે જૂથવાદ સહન કરવામાં આવશે નહીં. સાંસદ રુચિ વીરા, રાજ્યસભાના સાંસદ જાવેદ અલી, ભૂતપૂર્વ મંત્રી અને ધારાસભ્ય કમલ અખ્તર, જિલ્લા પ્રમુખ જયવીર યાદવ અને ભૂતપૂર્વ ધારાસભ્ય યુસુફ અંસારી બેઠકમાં હાજર હતા.

સૂત્રોના જણાવ્યા અનુસાર, રુચિ વીરાએ પહેલા ફરિયાદ કરી હતી કે મુરાદાબાદમાં તેમની સામે પ્રતિકૂળ વાતાવરણ બનાવવામાં આવી રહ્યું છે. તેમણે આરોપ લગાવ્યો હતો કે તેમને જાણી જોઈને પીડીએ બેઠકમાં આમંત્રણ આપવામાં આવ્યું ન હતું અને પોસ્ટરોમાંથી તેમનો ફોટો દૂર કરવામાં આવ્યો હતો. તેમણે આ માટે કમલ અખ્તરની સંડોવણીને જવાબદાર ગણાવી હતી.રુચિ વીરાએ અખિલેશ યાદવને સ્પષ્ટપણે કહ્યું કે તેમની નારાજગી પાર્ટી કે રાષ્ટ્રીય નેતૃત્વથી નહીં, પરંતુ જૂથવાદમાં સામેલ સ્થાનિક



નેતાઓથી છે. તેમણે કહ્યું કે આ વિવાદથી ભાજપને સપાના મહિલાઓ પ્રત્યેના આદર પર સવાલ ઉઠાવવાની તક મળી છે.

આ દરમિયાન, કમલ અખ્તરે આરોપોને સ્પષ્ટપણે નકારી કાઢ્યા, અને કહ્યું કે તેઓ ફક્ત આમંત્રણ પર જ કાર્યક્રમમાં હાજરી આપી હતી. તેમની સંગઠન કે પોસ્ટરોની ડિઝાઇનમાં કોઈ સંડોવણી નહોતી. તેમણે વળતો જવાબ આપ્યો કે સાંસદ બન્યા પછી, રુચિ વીરાએ પણ તેમના પોસ્ટરો અને હોર્ડિંગ્સ પર કોઈ ધારાસભ્ય કે વરિષ્ઠ નેતા દર્શાવ્યા નથી, તેથી તેમના પરના આરોપો પાયાવિહોણા છે.રાજ્યસભાના સાંસદ જાવેદ અલીએ પણ વિવાદથી પોતાને દૂર રાખ્યા, અને કહ્યું કે તેઓ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે હાજરી આપી હતી. તેમને ખબર નહોતી કે કોને આમંત્રણ આપવામાં આવ્યું હતું અથવા કોનો ફોટો પ્રદર્શિત કરવામાં આવ્યો હતો. બેઠક દરમિયાન, અખિલેશ યાદવે જિલ્લા પ્રમુખ જયવીર યાદવ અને ભૂતપૂર્વ ધારાસભ્ય યુસુફ અન્સારી સામે પણ તીખા પ્રશ્નો ઉઠાવ્યા.તેમણે પૂછ્યું કે સંગઠનમાં જૂથવાદ કેમ વધી રહ્યો છે અને પીડીએ બેઠક માટે પાર્ટી મુખ્યાલય પાસેથી પરવાનગી કેમ લેવામાં આવી નથી. તેમણે મહાનગર સંગઠનની કામગીરી પ્રત્યે પણ નારાજગી વ્યક્ત કરી. જિલ્લા પ્રમુખ જયવીર યાદવે સ્પષ્ટતા કરી કે આ કાર્યક્રમનું આયોજન મહાનગર પ્રમુખ દ્વારા કરવામાં આવ્યું હતું, અને તેઓ ફક્ત જિલ્લા પ્રમુખ તરીકે હાજરી આપી હતી.

તેમણે ખાતરી આપી હતી કે તમામ જિલ્લા નેતાઓને એકસાથે લાવીને મતભેદો દૂર કરવામાં આવશે.

# બહુજન સમાજ પાર્ટીએ વિધાનસભા ચૂંટણી માટે તૈયારીઓ તેજ કરી, આકાશને બાજુ પર રાખવામાં આવ્યો

## રાષ્ટ્રીય કન્વીનર આકાશ આનંદની ગેરહાજરીથી તેના કાર્યકરોમાં મૂંઝવણ

લખનૌ,

બહુજન સમાજ પાર્ટીએ વિધાનસભા ચૂંટણી માટે તૈયારીઓ તેજ કરી છે. ઉમેદવાર પસંદગીની કવાયત પણ ઝડપથી આગળ વધી રહી છે. જોકે, આ સમગ્ર ઘટનાક્રમમાં પાર્ટીના રાષ્ટ્રીય કન્વીનર આકાશ આનંદની ગેરહાજરીથી તેના કાર્યકરોમાં મૂંઝવણ ઊભી થઈ છે. બસપા સુપ્રીમો માયાવતી દ્વારા આકાશની ભૂમિકા સ્પષ્ટ કરવામાં નિષ્ફળતાએ પણ મૂંઝવણ ઊભી કરી છે.

પાર્ટી નેતાઓના મતે, ઉત્તર પ્રદેશના રાજકારણમાંથી આકાશ આનંદની ગેરહાજરી પાર્ટીને નુકસાન પહોંચાડી શકે છે. જોકે આકાશે કોઈ ચૂંટણી લડી નથી, પરંતુ આઝાદ સમાજ પાર્ટી (કાંશીરામ) ના પ્રમુખ અને સાંસદ ચંદ્રશેખર આઝાદનો સામનો કરવા માટે બસપાને એક યુવાન ચહેરાની જરૂર છે.

લોકસભા ચૂંટણી દરમિયાન જ્યારે આકાશને પાર્ટીમાંથી હાંકી કાઢવામાં આવ્યો અને પછી પુનઃસ્થાપિત કરવામાં આવ્યો, ત્યારે તેમને ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડના રાજકારણથી દૂર રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો. આકાશને બે મુખ્ય હિન્દી હાર્ટલેન્ડ રાજ્યોમાં કોઈ જવાબદારી ન આપવાથી, જ્યાં બસપાનો નોંધપાત્ર ટેકો છે, તે પાર્ટીના ભવિષ્ય પર અસર કરી શકે છે.

બીજી તરફ, બ્રાહ્મણ કાર્ડ રમીને ઉત્તર પ્રદેશમાં સરકાર બનાવવાનો પ્રયાસ કરી રહેલી બસપાને અગ્રણી બ્રાહ્મણ નેતાઓની જરૂર છે. અત્યાર સુધી, અન્ય કોઈપણ પક્ષના કોઈ અગ્રણી બ્રાહ્મણ નેતા બસપામાં જોડાયા નથી. પાર્ટીમાં જોડાનારા મોટાભાગના મુસ્લિમ અને ઓબીસી નેતાઓ છે.

૨૦૦૭માં જ્યારે બસપાએ સરકાર બનાવી ત્યારે પાર્ટી બ્રાહ્મણ નેતાઓથી ભરેલી હતી. પાર્ટીના રાષ્ટ્રીય મહાસચિવ સતીશ ચંદ્ર મિશ્રાના કુળના એક ડઝનથી વધુ સભ્યો બસપા સાથે જોડાયેલા હતા, જેમાંથી હવે ફક્ત સતીશ મિશ્રા જ બચ્યા છે. પાર્ટીએ જાલૌનની માધોગઢ બેઠક પરથી વિધાનસભા ચૂંટણી માટે આશિષ પાંડેને પોતાના પ્રથમ ઉમેદવાર તરીકે જાહેર કરીને બ્રાહ્મણોને આકર્ષવાનો પ્રયાસ પણ કર્યો છે. તેમણે મોટી સંખ્યામાં બ્રાહ્મણોને ટિકિટ પણ જાહેર કરી છે.

# સરકાર લોકશાહી સેનાનીઓ માટે યાત્રાઓનું આયોજન કરશે, મુખ્યમંત્રી મોહન યાદવ

## સરકાર હવે લોકશાહી સેનાનીઓની યાત્રા માટે ખાસ ટ્રેનો ચલાવશે

ભોપાલ,

મધ્યપ્રદેશના મુખ્યમંત્રી ડૉ. મોહન યાદવે ભોપાલના રવિન્દ્ર ભવન ખાતે આયોજિત ડેમોક્રેસી ફાઇટર્સ પ્રાદેશિક પરિષદમાં મુખ્ય અતિથિ તરીકે હાજરી આપી હતી. તેમણે દીપ પ્રગટાવીને કાર્યક્રમનું ઉદ્ઘાટન કર્યું. તેમણે લોકશાહી સેનાનીઓ પર ફૂલો વરસાવીને તેમનું સન્માન કર્યું.

આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ડૉ. યાદવે ૯૬ વર્ષીય લોકશાહી કાર્યકર્તા લક્ષ્મી નારાયણ પાટીદાર, ૯૫ વર્ષીય લોકશાહી કાર્યકર્તા શાંતિ લાલ સંઘવી અને ભૂતપૂર્વ મંત્રી ઉમાશંકર ગુપ્તાનું સન્માન કર્યું હતું. કટોકટી પર કેન્દ્રિત એક ટૂંકી ફિલ્મ પણ બતાવવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન મુખ્યમંત્રી ડૉ. મોહન યાદવે અનેક મહત્વપૂર્ણ જાહેરાતો કરી હતી. તેમણે જણાવ્યું હતું કે સરકાર હવે લોકશાહી સેનાનીઓની યાત્રા માટે ખાસ ટ્રેનો ચલાવશે.

આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ડૉ. મોહન યાદવે જણાવ્યું હતું કે આજની ઘટના ખૂબ જ મહત્વપૂર્ણ છે. કોંગ્રેસે હંમેશા દેશના સંઘર્ષને રોકવાનો પ્રયાસ કર્યો. આપણા દેશની આઝાદી પછી, ઘણા રાષ્ટ્રોએ આઝાદી મેળવી. બીજા વિશ્વયુદ્ધમાં જાપાન લગભગ નાશ પામ્યું હતું, પરંતુ આજે તે દેશ ક્યાં છે, અને આપણો દેશ ક્યાં છે? આજે, ઈન્દિરા ગાંધીની ચોથી પેઢી સત્તામાં છે, પરંતુ કોંગ્રેસની વિચારધારા અને નીતિઓમાં તે સમયે કોઈ સુધારો થયો ન હતો, અને હવે તેમાં કોઈ સુધારો થયો નથી. તેમણે કહ્યું કે કટોકટી દરમિયાન, વાતાવરણ પડકારજનક હતું. પરિવારના વડાની તાત્કાલિક ધરપકડ કરવામાં આવી હતી અને જેલમાં ધકેલી દેવામાં આવ્યા હતા.

તે પછી, કોઈ વકીલો નહોતા, કોઈ અપીલ નહોતા, કોઈ દલીલો નહોતી. કોઈને ખબર નહોતી કે શું થશે.

બાળકો શાળાએ કેવી રીતે જશે? ઘરની સંભાળ કોણ રાખશે? ફી કોણ ભરશે? મીસાના કેદીઓને કોંગ્રેસ પાર્ટીમાં જોડાવા અને ઈન્દિરા ગાંધીનો જયજયકાર કરવા કહેવામાં આવ્યું હતું, અને તેમને મુક્ત કરવામાં આવશે. તેમણે કહ્યું કે લોકશાહી માટે લડનારાઓની લડાઈ સ્વતંત્રતાના પ્રથમ યુદ્ધ જેવી છે. તમારી લડાઈને કારણે આજે લોકશાહી સુરક્ષિત છે. આ કારણે, એક ગરીબ પરિવારનો વ્યક્તિ દેશનો પ્રધાનમંત્રી છે. મને આજે ગર્વ છે કે આપણો દેશ વિશ્વનો સૌથી મોટો લોકશાહી રાષ્ટ્ર છે.

# ગાઝા પર મૌન સમજની બહાર છે, ભારતે તેના જૂના સાથીઓથી પોતાને દૂર કરી લીધા છે, સોનિયા ગાંધી

## ગાઝામાં ચાલી રહેલા સંઘર્ષ પર મોદી સરકાર પર આકરા પ્રહારો કર્યા

નવીદિલ્હી,

કોંગ્રેસ સંસદીય પક્ષના અધ્યક્ષ સોનિયા ગાંધીએ ગાઝામાં ચાલી રહેલા સંઘર્ષ પર મોદી સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. સોનિયા ગાંધીએ આરોપ લગાવ્યો છે કે ગાઝામાં ઈઝરાયલની કાર્યવાહી પર કેન્દ્ર સરકારનું પથ્થર જેવું મૌન માત્ર નૈતિક રીતે ખોટું નથી પણ રાષ્ટ્રીય હિતોના દૃષ્ટિકોણથી પણ સમજી શકાય તેવું નથી. તેમણે કહ્યું કે ભારતે પેલેસ્ટાઇન, ઈરાન અને પશ્ચિમ એશિયામાં તેના પરંપરાગત સાથીઓથી પોતાને દૂર કરી દીધા છે, અને આનાથી દેશની રાજદ્વારી સ્થિતિ પર અસર પડી છે.

લેખમાં, સોનિયા ગાંધીએ કહ્યું કે ગાઝામાં બાળકો અને નાગરિકો પર થઈ રહેલા હુમલાઓને ધ્યાનમાં રાખીને ભારતે પોતાનો અવાજ ઉઠાવવો જોઈતો હતો. તેમણે



દાવો કર્યો કે વિશ્વભરના ઘણા દેશોએ ગાઝામાં ઈઝરાયલની કાર્યવાહી પર ચિંતા વ્યક્ત કરી છે, પરંતુ ભારત આ મુદ્દા પર મૌન રહ્યું છે. સોનિયા ગાંધીએ જણાવ્યું હતું કે ભારતની ઐતિહાસિક વિદેશ નીતિ સંસ્થાનવાદ વિરોધી, રાષ્ટ્રીય સાર્વભૌમત્વ અને આંતરરાષ્ટ્રીય શાંતિના સિદ્ધાંતો પર આધારિત રહી છે, પરંતુ દેશ હાલમાં તે માર્ગથી દૂર જતો દેખાય છે.

સોનિયા ગાંધીએ મોદી સરકાર પર આરોપો લગાવ્યા કે કેન્દ્ર સરકારે ગાઝા મુદ્દા પર સ્પષ્ટ વલણ અપનાવ્યું નથી.,નૈતિક કે વ્યૂહાત્મક ધોરણે સરકારનું મૌન વાજબી ઠેરવી શકાય નહીં.,ભારત વૈશ્વિક જનમતથી દૂર જઈ રહ્યું છે.,ભારતે માનવતાવાદી ધોરણે પેલેસ્ટિનિયન લોકોના સમર્થનમાં બોલવું જોઈએ., ગાઝામાં નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માંગણીઓ ઉઠાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. સોનિયા ગાંધીએ દાવો કર્યો હતો કે ભારત ધીમે ધીમે ઈઝરાયલના વ્યૂહાત્મક ભ્રમણકક્ષામાં આગળ વધી રહ્યું છે, જ્યારે વિશ્વભરના ઘણા દેશો ગાઝા મુદ્દા પર અલગ વલણ અપનાવી રહ્યા છે. તેમણે કહ્યું કે ભારતે પેલેસ્ટાઇન, ઈરાન અને પશ્ચિમ એશિયાના અન્ય દેશો સાથેના તેના ઐતિહાસિક સંબંધો નબળા પાડ્યા છે. સોનિયા ગાંધીએ એમ પણ કહ્યું હતું કે આનાથી પાકિસ્તાનને મધ્યસ્થીની ભૂમિકા ભજવવાની તક મળી રહી છે.

# ખાન સરની વચગાળાની રાહત યથાવત, પટના સિવિલ કોર્ટે ધરપકડ પર રોક ૩૦ જૂન સુધી લંબાવી

પટણા,

પટના સિવિલ કોર્ટે આજે કોચિંગ ઇન્સ્ટિટ્યૂટ વિવાદ અને ગોળીબાર કેસમાં ફૈઝલ ખાન, જેને ખાન સર તરીકે પણ ઓળખવામાં આવે છે, તેની સુનાવણી કરી. કદમકુઆન પોલીસ સ્ટેશને કોર્ટમાં અપડેટેડ કેસ ડાયરી દાખલ કરી. જોકે, કોર્ટે પક્ષકારોને કેસ ડાયરીનો અભ્યાસ કરવા માટે સમય આપ્યો અને આગામી સુનાવણી ૩૦ જૂન નક્કી કરી. આ માહિતી ખાનના વકીલ દ્વારા આપવામાં આવી હતી.

આ કેસ જૂનની શરૂઆતમાં બનેલી ગોળીબારની ઘટના સાથે સંબંધિત છે, જ્યારે બદમાશોના એક જૂથે ખાનની કોચિંગ ઇન્સ્ટિટ્યૂટમાં તોડફોડ કરી હતી. આ ઘટના દરમિયાન તેમના સુરક્ષા રક્ષકો પર ગોળીબાર કરવાનો આરોપ છે. ખાનનું નામ એફઆઈઆરમાં સામેલ છે, અને કોર્ટે ૯ જૂને તેમને ધરપકડથી રક્ષણ આપ્યું હતું.

શનિવારની સુનાવણી દરમિયાન, તપાસ અધિકારીએ કોર્ટમાં અપડેટેડ કેસ ડાયરી રજૂ કરી. પાછલી સુનાવણીમાં, કોર્ટે પોલીસે રજૂ કરેલી ડાયરીને અધૂરી ગણાવી હતી અને સંપૂર્ણ કેસ ડાયરી મંગાવી હતી. સરકારી વકીલે ખાનના આગોતરા જામીનનો સખત વિરોધ કર્યો હતો. દરમિયાન, ખાનના વકીલ, અરવિંદ કુમાર મૌરે દલીલ કરી હતી કે ખાનનો ઘટના સાથે કોઈ સીધો કે ગુનાહિત સંબંધ નથી અને તેને અન્યાયી રીતે કેસમાં ખેંચવામાં આવી રહ્યો છે. ખાનના પક્ષે દલીલ કરી હતી કે સમય સતત લંબાવવામાં આવી રહ્યો છે, અને આ મામલાની આજે ચર્ચા થવી જોઈએ. ફરિયાદ પક્ષે આનો વિરોધ કર્યો. બંને પક્ષોના આંશિક દલીલો સાંભળ્યા પછી, કોર્ટે વિગતવાર ચર્ચા માટે ૩૦ જૂનની તારીખ નક્કી કરી.

### ભારતના ઇતિહાસમાં પહેલીવાર, સ્વતંત્રતા પહેલા અને પછી

# એવી સરકાર સત્તામાં આવી છે જેના શાસનમાં મંદિરના દાનની ઉચાપત થઈ રહી છે: દિગ્વિજય

ઉજ્જૈન,

પૂર્વ મુખ્યમંત્રી અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા દિગ્વિજય સિંહે અયોધ્યામાં શ્રી રામ મંદિર માટે દાનમાં કથિત અનિયમિતતા અંગે કેન્દ્રમાં ભાજપ પર પ્રહારો કર્યા છે. તેમણે મંદિર ટ્રસ્ટ મેનેજમેન્ટની પણ આકરી ટીકા કરી છે.

દિગ્વિજય સિંહે જણાવ્યું હતું કે ભારતના ઇતિહાસમાં પહેલીવાર, સ્વતંત્રતા પહેલા અને પછી, એવી સરકાર સત્તામાં આવી છે જેના શાસનમાં મંદિરના દાનની ઉચાપત થઈ રહી છે.

રામ મંદિર ટ્રસ્ટના મહાસચિવ ચંપત રાય પર નિશાન સાધતા દિગ્વિજય સિંહે કહ્યું કે રાય કરતાં વધુ અપ્રમાણિક અને ભ્રષ્ટ કોઈ નથી. તેમણે કહ્યું કે ટ્રસ્ટીના રાજીનામાથી મામલો સમાપ્ત થતો નથી.



ચંપત રાય ટ્રસ્ટના સંચાલન માટે જવાબદાર છે અને તેમણે સમગ્ર મામલાની જવાબદારી લેવી જોઈએ.પૂર્વ મુખ્યમંત્રીએ આરોપ લગાવ્યો કે ૧૯૯૨ પછી રામ મંદિર આંદોલન દરમિયાન આશરે ૧૨.૫ કરોડ લોકોએ દાન આપ્યું હતું, પરંતુ દાનની સંપૂર્ણ ગણતરી જાહેર કરવામાં આવી નથી. તેમણે કહ્યું કે ઉદ્ધવ ઠાકરે દ્વારા દાનમાં આપેલા ૧ કરોડ રૂપિયા અને ચાંદીના પથ્થરોની રસીદો અને હિસાબ હજુ સુધી મળ્યા નથી.દિગ્વિજય સિંહે કહ્યું, "આ શાસનનું આરએસએસ મોડેલ છે.આરએસએસ અને વિશ્વ હિન્દુ પરિષદ અયોધ્યામાં દાન ચોરી કરનારાઓને બચાવવામાં વ્યસ્ત છે. આ લોકો સનાતન ધર્મનો નાશ કરી રહ્યા છે અને સનાતનીઓને છેતરી રહ્યા છે."પૂર્વ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે આપ સાંસદ સંજય સિંહે એસઆઈટી વડાને ૧૧ મુદ્દા મોકલીને તપાસની માંગ કરી હતી.એસઆઈટી રિપોર્ટ બાદ, અયોધ્યામાં એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી, પરંતુ ગુનેગારોને રિમાન્ડ પર લેવાને બદલે, તેમની ધરપકડ કરીને સીધા જેલમાં મોકલી દેવામાં આવ્યા હતા. દિગ્વિજયે માંગ કરી હતી કે વિગતવાર તપાસ કરવામાં આવે અને ગુનેગારો સામે એફઆઈઆર દાખલ કરવામાં આવે.

# મહારાષ્ટ્રના થાણેમાં પરીક્ષા પહેલા ટીઇટી પેપર લીક, પરીક્ષા રદ; કોંગ્રેસે પ્રશ્નો ઉઠાવ્યા

મુંબઈ,

મહારાષ્ટ્રના પુણેમાં રવિવાર, ૨૮ જૂને યોજાનારી શિક્ષક પાત્રતા પરીક્ષા (ટીઈટી ૨૦૨૫) મહારાષ્ટ્ર રાજ્ય પરીક્ષા પરિષદ, પુણે દ્વારા મુલતવી રાખવામાં આવી છે. પ્રશ્નપત્ર લીક થવાને કારણે આ નિર્ણય લેવામાં આવ્યો હતો. થાણે જિલ્લામાં કેટલાક વ્યક્તિઓના કબજામાં પરીક્ષા સંબંધિત પ્રશ્નો મળી આવ્યા હોવાના ગંભીર આરોપો વચ્ચે આ નિર્ણય લેવામાં આવ્યો હતો. અધિકારીઓએ જણાવ્યું હતું કે શિક્ષણ વિભાગ હાલમાં તપાસ કરી રહ્યું છે કે મળી આવેલ પ્રશ્નપત્ર વાસ્તવિક ટીઈટી પ્રશ્નપત્ર છે કે માત્ર મોક ટેસ્ટ પેપર છે. આ બાબતે અંતિમ નિર્ણય તપાસ પ્રક્રિયા પછી જ લેવામાં આવશે. 'એમએસસીઈ મુજબ, ૨૭ જૂનની સવારે પોલીસે એક બાતમીના આધારે ભિવંડીમાં દરોડો પાડ્યો ત્યારે આ મામલો પ્રકાશમાં આવ્યો હતો. આ કામગીરી દરમિયાન મહારાષ્ટ્ર રાજ્ય પરીક્ષા બોર્ડના અધિકારીઓને પણ ઘટનાસ્થળે બોલાવવામાં આવ્યા હતા. પેપર લીકની સંપૂર્ણ તપાસ કરવામાં આવશે અને પરીક્ષાની નવી તારીખ જાહેર કરવામાં આવશે.

પ્રારંભિક તપાસમાં જાણવા મળ્યું છે કે શંકાસ્પદો પાસેથી મળેલા કેટલાક પ્રશ્નો ટીઈટી ૨૦૨૫ પરીક્ષા માટે તૈયાર કરાયેલા પ્રશ્નો સાથે મેળ ખાતા હતા. આ શોધ બાદ, આ બાબતને ગંભીરતાથી લેવામાં આવી હતી અને આગળની કાર્યવાહી કરવામાં આવશે. ભિવંડી પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો છે, અને કથિત પેપર લીકના સ્ત્રોત અને અવકાશને નક્કી કરવા માટે વિગતવાર તપાસ શરૂ કરવામાં આવી છે.

# ખાલિસ્તાની આતંકવાદીઓ મંદિરો અને રેલ્વે સ્ટેશનોને નિશાન બનાવી શકે છે

## ગુપ્તચર એજન્સીઓએ ચેતવણી જારી કરી, પોલીસ સતર્ક

નવીદિલ્હી,

ગુપ્તચર એજન્સીએ ઉત્તરાખંડથી દિલ્હી સુધી આતંકવાદી હુમલાઓ માટે ચેતવણી જારી કરી છે. સૂત્રો કહે છે કે આતંકવાદીઓ ઉત્તરાખંડ અને દિલ્હીમાં મંદિરોને નિશાન બનાવી શકે છે. ચેતવણી મુજબ, ખાલિસ્તાની આતંકવાદીઓ આગામી દિવસોમાં મોટો હુમલો કરી શકે છે. તેઓ સરકારી સંસ્થાઓ, રેલ્વે સ્ટેશનો અને પોલીસને પણ નિશાન બનાવી શકે છે. ઈમેઈલ મળ્યા બાદ ઉત્તરાખંડ પોલીસ, ગુપ્તચર એજન્સીઓ અને દિલ્હી પોલીસ સતર્ક છે.

ઈમેઈલમાં ઘણા મંદિરો, અનેક કાર્યાલયો અને રાજકીય નેતાઓના નામનો પણ ઉલ્લેખ છે. દિલ્હી પોલીસ પણ આ ઈમેઈલની તપાસ કરી રહી છે. ચેતવણી બાદ, ઉત્તરાખંડ પોલીસ, ગુપ્તચર એજન્સીઓ અને દિલ્હી પોલીસે સુરક્ષા પગલાં વધારી દીધા છે અને સંવેદનશીલ સ્થળો પર દેખરેખ વધારી દીધી છે.

દિલ્હીમાં ઘણી જાહેર સંસ્થાઓને ધમકીભર્યા ઈમેઈલ મળી રહ્યા છે. મોટાભાગે, આ ઈમેઈલ્સ નકલી હોવાનું જાણવા મળે છે. આ ઈમેઈલ્સ શાળાઓની અંદર બોમ્બ અથવા ફ્લાઇટમાં બોમ્બ હોવાની ધમકી આપે છે. જો કે, આતંકવાદી હુમલાની ધમકી આપતા ઈમેઈલ્સ ભાગ્યે જ જોવા મળે છે. સુરક્ષા એજન્સીઓ આ ઈમેઈલ્સને ગંભીરતાથી લઈ રહી છે અને અત્યંત સતર્કતા રાખી રહી છે.

આતંકવાદ વિરોધી ટુકડીએ થોડા સમય પહેલા રાજસ્થાનમાં એક મહિલાની ધરપકડ કરી હતી. તેના પર પાકિસ્તાની આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદ સાથે સંકળાયેલા હોવાનો આરોપ છે. આ મહિલા ગંગાપુર શહેરની વતની છે અને જયપુરમાં રહેતી હતી.

# રામ મંદિર દાન ચોરી કેસ: જે લોકો દાન એકત્રિત કરી રહ્યા હતા તેમણે પણ જવાબદારી લેવી જોઈએ, પ્રિયંકા ગાંધી

નવીદિલ્હી,

કોંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાએ શનિવારે અયોધ્યામાં રામ મંદિર દાન ચોરી કેસને દુઃખદ અને શરમજનક ગણાવ્યો. તેમણે કહ્યું કે આ દેશભરના લોકોની શ્રદ્ધા સાથે દગો છે જેમણે દાન આપ્યું હતું. હવે તે દાન ચોરાઈ ગયું છે. તેમણે સમગ્ર ઘટના પર પ્રશ્ન ઉઠાવ્યો અને પૂછ્યું કે આ માટે કોણ જવાબદાર છે. જો તમે રામ મંદિર માટે ભંડોળ એકઠું કર્યું છે, તો તેને સુરક્ષિત રાખવાની જવાબદારી તમારી છે. તેથી, જવાબદારી નક્કી થવી જોઈએ.

કેરળના વાયનાડ કલેક્ટર કચેરી ખાતે પત્રકારો સાથે વાત કરતા પ્રિયંકાએ ઉત્તર પ્રદેશ સરકાર પાસે આ કથિત ઘટનાની સંપૂર્ણ





તપાસ કરાવવાની માંગ કરી. તેમણે કહ્યું કે સરકારે શું થયું, કેવી રીતે અને શા માટે તેની તપાસ કરવી જોઈએ. પ્રિયંકાએ કહ્યું કે રાષ્ટ્રવ્યાપી દાન અભિયાનના ભાગ રૂપે ઘણા લોકોએ મંદિરમાં દાન આપ્યું હતું. જે લોકો દાન એકત્રિત કરી રહ્યા હતા તેઓએ પણ જવાબદારી લેવી જોઈએ. તેમને યોગ્ય રીતે જવાબ આપવા માટે કહેવામાં આવવું જોઈએ કે દાન કેવી રીતે ચોરાઈ ગયું.

તેમણે કહ્યું, "જો લોકોએ આપ્યું છે, મહિલાઓએ તેમના બચત અને ઘરોમાંથી આપ્યું છે, તો ગરીબોએ આપ્યું છે. તો આ ફક્ત મોટી કંપનીઓના ભંડોળ નથી. આ સામાન્ય નાગરિકો પાસેથી એકત્રિત કરાયેલ ભંડોળ છે. તેને એકત્રિત કરવા માટે એક ઝુંબેશ શરૂ કરવામાં આવી હતી." તેમણે આગળ કહ્યું, "આ માટે કોણ જવાબદાર છે? જો તમે તે એકત્રિત કર્યું છે, તો તેને સુરક્ષિત રાખવાની જવાબદારી તમારી છે." પ્રિયંકા તેમના વાયનાડ લોકસભા મતવિસ્તારમાં આવી હતી અને તેમની મુલાકાત દરમિયાન અનેક કાર્યક્રમો અને સભાઓમાં હાજરી આપશે.

રામ મંદિર માટે દાનની કથિત ઉચાપતનો વિવાદ ૭ જૂને પ્રકાશમાં આવ્યો હતો. શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટની વિનંતી પર ઉત્તર પ્રદેશ સરકારે ૧૩ જૂને એક વિશેષ તપાસ ટીમની રચના કરી હતી, જેણે સરકારને તેનો પ્રારંભિક અહેવાલ સુપરત કર્યો હતો.એસઆઈટીની ભલામણોના આધારે, ૨૫ જૂનની રાત્રે એફઆઈઆર નોંધવામાં આવી હતી, અને અયોધ્યા પોલીસે શુક્રવારે આરોપીની ધરપકડની પુષ્ટિ કરી હતી. મંદિરના દાનનો દુરુપયોગ કરવાના આરોપમાં ધરપકડ કરાયેલા આઠેય લોકોને ૨૯ જૂન સુધી ન્યાયિક કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યા છે.

# રાજકોટમાં વધુ એક હત્યા, હુમલામાં ઘવાયેલા યુવકનું મોત

## શિવાજીનગરમાં ધંધા હરિફાઇમાં કાકા-ભત્રીજા ઉપર થયેલ હુમલો જીવલેણ નીવડ્યો

રાજકોટ

શહેરના દૂધ સાગર રોડ પર આવેલા શિવાજીનગરમાં રહેતા અને ફોટો ફ્રેમ તેમજ હીરાના વ્યવસાય સાથે સંકળાયેલા કાકા ભત્રીજા ઉપર ધંધાકીય હરીફાઈમાં મહિલા સહિત પાંચ શખ્સોએ હુમલો કર્યો હતો. હુમલામાં ઘવાયેલા યુવાનનું મોત નિપજતા બનાવ હત્યામાં પલટાયો હતો. યુવકના મોતથી પરિવારમાં શોકની લાગણી પ્રસરી છે.



પ્રાપ્ત વિગતો અનુસાર, આ સમગ્ર મામલે ભોગ બનનાર રાહુલભાઈ દેવજીભાઈ જાદવ દ્વારા થોરાળા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ, આરોપી અનિલ અગાઉ ફરિયાદીના ફોટો ફ્રેમના કારખાનામાં જ મજૂરી કામ કરતો હતો. જો કે, થોડા સમય બાદ તેણે પોતાનો અલગ વ્યવસાય શરૂ કર્યો હતો અને ફરિયાદીના ચાલુ ધંધાના ગ્રાહકો તેમજ પેઢીઓને પોતાની તરફ વાળવાનું શરૂ કર્યું હતું. આ બાબતે ફરિયાદીના ભાઈ ગોપાલે અનિલને અગાઉ ટોક્યો હતો અને ઠપકો આપ્યો હતો.

આ ધંધાકીય વિવાદ અચાનક ભારે ઉગ્ર સ્વરૂપ ધારણ કરી ગયો હતો. ફરિયાદી રાહુલભાઈ પોતાના ઘરે પરિવાર સાથે હાજર હતા, ત્યારે તેમના મિત્ર મનિષે ફોન દ્વારા તાકીદની જાણ કરી હતી કે અનિલ ઉપરીયાના ઘર પાસે તેમના ભાઈ ગોપાલ સાથે ઝઘડો થઈ રહ્યો છે. આ સાંભળીને રાહુલભાઈ, તેમના કાકા વિજયભાઈ અને પરિવારના અન્ય સભ્યો તાત્કાલિક ઝઘડાવાળી જગ્યાએ દોડી ગયા હતા. ત્યાં પહોંચતા જ તેમણે જોયું કે આરોપી અનિલ, સુનિલ, તેમના પિતા રમેશભાઈ, માતા હંસાબેન અને કાકા ભાવેશભાઈએ ગોપાલ અને તેના મિત્ર ભરતને ગાળો ભાંડી રહ્યા હતા. આ દરમિયાન મામલો શાંત પાડવા અને સમાધાન કરાવવાનો પ્રયાસ કરી રહેલા રાહુલભાઈના પરિવાર પર તમામ આરોપીઓ અચાનક હિંસક બનીને તૂટી પડયા હતા.

આ દરમિયાન આરોપી સુનિલે ગોપાલના પેટના ભાગે છરીનો ઘા ઝીંકી દીધો હતો. કાકા વિજયભાઈ પોતાના ભત્રીજા ગોપાલને બચાવવા માટે વચ્ચે પડતા આરોપી સુનિલે તેમના પર પણ છરી વડે હુમલો કરી દીધો હતો અને અન્ય આરોપીઓ રમેશભાઈ અને ભાવેશભાઈએ ભરતભાઈને પકડી રાખીને ઢીકાપાટુનો માર માર્યો હતો, જ્યારે હંસાબેને પણ ગાળો આપી હુમલાખોરોને ઉશ્કેર્યા હતા. હુમલાખોરોએ આજે તો તને જાનથી મારી નાખવો છે' તેવી ધમકીઓ આપી ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયા હતા. હુમલાના પગલે ગંભીર રીતે ઘવાયેલા ગોપાલ અને કાકા વિજયભાઈને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ગંભીર રીતે ઘવાયેલા પ્રકાશ ઉર્ફે ગોપાલનું ટૂંકી સારવાર દરમિયાન મોત નિપજતા બનાવ હત્યામાં પલટાયો હતો. યુવકના મોતથી પરિવારમાં શોકની લાગણી પ્રસરી છે. થોરાળા પોલીસે આરોપીઓ અનિલ, સુનિલ, રમેશભાઈ, હંસાબેન અને ભાવેશભાઈ વિરૂદ્ધ હત્યાનો ગુનો નોંધવા તજવીજ હાથ ધરી છે. આ ઘટનામાં સામા પક્ષે ભરત નાનજીભાઈ પરમાર(ઉ.વ.૩૮) અને રમેશ નાનજીભાઈ પરમાર (ઉ.વ.૫૪) (રહે. બંને શિવાજી નગર પાસે) પણ તે ઘર પાસે હતા ત્યારે ગોપાલ, વિજય અને રાહુલ જાદવ સહિતે પાઈપ અને તિક્ષણ હથિયાર વડે હુમલો કરી ઈજા કર્યાની ફરિયાદ સાથે સિવીલમાં દાખલ થતાં થોરાળા પોલીસે તપાસ હાથ ધરી છે.

# અમરેલીમાં ૨૪ કલાકમાં ત્રણ સિંહબાળના મોત

## વન વિભાગમાં દોડધામ: એકની હત્યા, એકનું ઇનફાઇટમાં મોત : ત્રણ દિવસના નવજાતના મોતનું કારણ અકળ

અમરેલી

ગુજરાતમાં ગીર અભ્યારણ્ય અને અમરેલીમાં સિંહોનો વસવાટ છે. પરંતુ છેલ્લા ઘણા સમયથી સિંહોના મોતની સંખ્યામાં ચિંતાજનક રીતે વધારો થયો છે. ત્યારે અમરેલી જિલ્લામાંથી માત્ર ૨૪ કલાકમાં જ ત્રણ સિંહબાળના મોત થતા વન વિભાગમાં દોડતું થઈ ગયું છે, ઉપરાંત સિંહપ્રેમીઓમાં પણ ભારે આક્રોશ જોવા મળ્યો છે. આ ઘટના સામે આવતા વન વિભાગની કામગીરી અંગે ગંભીર સવાલો ઊભા થયા છે.




અમરેલી જિલ્લામાં ત્રણ અલગ અલગ જગ્યાએ સિંહ બાળના મોત થયા હતા. જેમાં દલખાણીયા રેન્જ, બગસરા રેન્જ અને પાણીયા રેન્જમાં સિંહ બાળોના મોત થયા છે. વન વિભાગની કામગીરી અને સ્થાનિક આરએફઓના નબળા પેટ્રોલિંગ પર સ્થાનિકો ગંભીર આક્ષેપો કરી રહ્યા છે. જેથી ગાંધીનગરથી વન વિભાગના અધિકારીઓ હરકતમાં આવ્યા છે.

ઘટનાની વાત કરીએ તો, બગસરા તાલુકાના હામાપુરમાંથી માત્ર ૨થી ૩ દિવસનું નવજાત સિંહબાળનું મોત થયું છે. આ નાના સિંહ બાળની મોતને લઈને કુદરતી કે અન્ય કોઈ કારણ હોઈ શકે. તે દિશામાં વન વિભાગે કાર્યવાહી હાથ ધરી.

અમરેલી જિલ્લાના દલખાણીયા રેન્જમાં એક સિંહ બાળનું મોત થયું હતું. અહીં વન વિભાગની ટીમને એક ૬થી ૭ માસના સિંહબાળનો મૃતદેહ શંકાસ્પદ હાલતમાં મળતા ખળભળાટ મચ્યો હતો.

સિંહ બાળના મોતની ત્રીજી ઘટના પ્રકાશમાં આવી છે. વન વિભાગે કરેલા દાવા મુજબ, પાણીયા રેન્જ વિસ્તારમાં વર્ચસ્વની લડાઈ દરમિયાન એક વધુ સિંહબાળનું મોત થયું છે. વન વિભાગે આ સિંહબાળના મૃતદેહને કબજે લઈને વધુ કાર્યવાહી હાથ ધરી છે.

એક જ દિવસમાં ત્રણ સિંહ બાળના મોતથી ગાંધીનગર સુધીના વન વિભાગના ઉચ્ચ અધિકારીઓમાં દોડધામ મચી ગઈ છે. ત્યારે દલખાણીયા રેન્જમાં જે સિંહબાળનું મોત થયું તે અંગે અધિકારીઓએ કડક આદેશ આપીને વન વિભાગની ટીમો દ્વારા તપાસ અને સ્કેનિંગ સહીતની કામગીરી શરૂ કરી છે.

# વેલનાથપરામાં સ્ટ્રીટ લાઇટના અજવાળે જુગાર રમતા સાત બાઝીગરો ઝડપાયા

## લાલબહાદુર શાસ્ત્રી ટાઉનશીપમાં જાહેરમાં જુગાર રમતી બે મહિલા સહિત ચારને દબોચી લેતી પોલીસ : રોકડ જપ્ત

રાજકોટ.

જડેશ્વર વેલનાથપરામાં સ્ટ્રીટ લાઇટના અજવાળે જુગાર રમતા સાત જુગારીઓને આજીડેમ પોલીસે જ્યારે પ્ર.નગર પોલીસે લાલબહાદુર શાસ્ત્રી ટાઉનશીપ પાસે જાહેરમાં જુગાર રમતી બે મહિલા સહિત ચારને ઝડપી પાડી રોકડ કબ્જે કરી હતી.

દરોડાની વિગત મુજબ, આજીડેમ પોલીસ મથકના પીઆઈ હરેશ પટેલની રાહબરીમાં ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે ટીમને મળેલ બાતમીના આધારે જડેશ્વર વેલનાથપરામાં રખાદાદાના મંદિર પાસે ભરત મકવાણાના ઘર પાસે લાઇટના અજવાળે ચાલતાં જુગારમાં દરોડો પાડી પતા ટીંચતા મહિપત રમેશ સોલંકી, વિજય મનુ સોલંકી, વિજય ગોવિંદ સોલંકી, રાકેશ જીવરાજ સોલંકી, ભરત દેવરાજ સોલંકી, કલ્પેશ પ્રતાપ સાતડીયા અને લાખા ભુપત રાઠોડને પકડી રોકડ રૂ.૧૦૫૦૦ કબ્જે કર્યા હતાં. બીજા દરોડામાં પ્ર.નગર પોલીસ મથકના સ્ટાફે રેલનગરમાં લાલ બહાદુર શાસ્ત્રી ટાઉનશીપમાં સી.એન. વીંગની સામે જાહેરમાં જુગાર રમતા ચાર શખસોને ઝડપી લીધા હતાં. જેમાં ગૌરવ મહેશ રાઠોડ, દક્ષાબેન ગૌતમ સોલંકી, હીનાબેન ઉમેશ બાદીયા અને સુરેશ વલ્લભ સોનીનો સમાવેશ થાય છે. પોલીસે રોકડ રૂ. ૧૦,૨૫૦ કબ્જે કરી કાર્યવાહી કરી હતી.

# રાજકોટની શાન સમા શાસ્ત્રી મેદાનની દુર્દશા




રાજકોટની શાન સમા લાલબહાદુર શાસ્ત્રી મેદાનની દુર્દશા આપની સમક્ષ મુકીએ છીએ. એક સમયે રાજકોટની શાન અને મુખ્યમંત્રીથી લઈને પ્રધાનમંત્રીઓની સભાઓ તેમજ અનેક રાષ્ટ્રીય પર્વનુ સાક્ષી રહેલ આ મેદાનનાં એક ભાગમાં આજે બાંધકામ વેસ્ટ તથા સોલીડ વેસ્ટથી તેના જમીની સ્તરની શું દશા છે ? તે દર્શાવવી મુખ્ય હેતું છે.લગભગ ૧૯૦ કલાક પહેલા વરસેલું વરસાદી પાણી હજુ ત્યા સુકાયેલ નથી. ૪૦ ડીગ્રી ગરમીમાં ઘણુ ખરૂ પાણી માત્ર બાષ્પીભવને લીધે સુકાણું છે. જેનું મુખ્ય કારણ બાંધકામ વેસ્ટના થરથી તેમાં રહેલ સીમેન્ટને લીધે જમીનના પાણી શોષણની ક્ષમતા શુન્ય થઇ ગયેલ છે. સાથે જ ફોટોમાં જીમખાના હસ્તકનું મેદાન દેખાય છે જ્યા વરસાદી પાણી ભુગર્ભમાં ઉતરી ગયેલ છે. હજુ સમય છે.. ચોમાસાની શરૂઆત પહેલા જો આ બાબતે યોગ્ય પગલા લઇ બાંધકામ વેસ્ટનો નિકાલ કરી જમીન ચોખ્ખી કર્યા બાદ ખેતીની જમીનની જેમ તેનું ખેડાણ કરવામાં આવે તો વરસાદી પાણી યોગ્ય રીતે જમીનમાં ઉતરે અને શહેરમધ્યના રહેવાશીઓ માટે ભુગર્ભજળ સ્તર ઉંચે આવે તે બાબત આશિર્વાદ સમાન રહેશે. શહેરમાં હવે આંશીક રહેલ મેદાનો જ ચોમાસામાં ભુગર્ભજળ સ્તર વધારો કરવામાં મહત્વની ભુમિકા ભજવતા હોય છે. આ બાબતે શહેરના જાગૃત નાગરિકે સવાલ ઉઠાવ્યો હતો.

# અમરનગરમાં મકાનમાં ચાલતાં જુગારમાં દરોડો : આઠ શખ્સો ઝડપાયા, છ ફરાર

## સ્થાનીક પોલીસે દરોડો પાડી રૂ.૧૫૭૭૦ની રોકડ કબ્જે કરી, ફરાર શખ્સોની શોધખોળ

રાજકોટ.

અમરનગર ગામમાં સરકારી હોસ્પિટલ પાસે આવેલ રહેણાંક મકાનમાં બંધ બારણે ચાલતાં જુગારમાં પોલીસે દરોડો પાડી આઠ શખ્સોને પકડી પાડ્યા હતાં. જ્યારે છ શખ્સો નાસી છૂટ્યા હતા.પોલીસે રૂ.૧૫૭૭૦ની રોકડ કબ્જે કરી ફરાર શખસોની શોધખોળ શરૂ કરી હતી.

દરોડાની વિગત મુજબ, જેતપુર પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હોય દરમ્યાન મળેલી બાતમીના આધારે અમરનગર ગામમાં આવેલ સરકારી દવાખાના સામે રહેણાક મકાનમાં જુગાર રમતા ધીરુ રૂપા મકવાણા, સુનિલ જયસુખ મકવાણા, કરણ ધીરુ મકવાણા, રાહુલ ધીરુ મકવાણા(ચારેય રહે. અમરનગર), વિજય ગિરધર સોલંકી (રહે શ્રીનાથગઢ ગામ, ગોંડલ), દીપા બાઘા ડાભી, વશરામ રવજી વાડદોરીયા, સાગર લખુ ડાભી(ત્રણેય રહે.સુલતાનપુર ગામ, ગોંડલ) ને પકડી પાડ્યા હતા.

જ્યારે પોલીસ દરોડામાં પોલીસને જોઈ સુરા જયસુખ મકવાણા, અજય અરજણ મકવાણા, મહેશ અરજણ મકવાણા, હરેશ હસમુખ મકવાણા, મુન્ના જેસુર મકવાણા (રહે.અમરનગર), પારસ લખુ ડાભી (રહે.સુલતાનપુર ગામ, ગોંડલ) નાસી છૂટ્યા હતા. પોલીસે રૂ.૧૫૭૭૦ની રોકડ કબ્જે કરી ફરાર શખ્સોની શોધખોળ શરૂ કરી હતી.

# પોરબંદરમાં તાજીયા જુલુસ વખતે તલવારો ઉડી છ લોકોને ઈજા, એકનો હાથ અને અંગુઠો કાપી નાંખ્યો

## જૂની અદાવતમાં ઝઘડો થયો, કીર્તિ મંદિર પોલીસે પિતા પુત્રો સહિત ૯ સામે હત્યા પ્રયાસ-રાયોટિંગનો ગુનો દાખલ કર્યો

રાજકોટ,

પોરબંદરમાં જૂની અદાવતમાં તાજીયા જુલુસ વખતે જ તલવાર અને છરી વડે જીવલેણ હુમલો કરાયો હતો. જેમાં છ લોકો ઘવાયા હતા. ઈજાગ્રસ્ત બે સગા ભાઈ હુસેન અને નાઝિરને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા છે. કીર્તિ મંદિર પોલીસે પિતા પુત્રો સહિત ૯ સામે હત્યા પ્રયાસ-રાયોટિંગનો ગુનો દાખલ કર્યો છે.ફરિયાદમાં નાઝિર મુસાભાઈ રાવકુડા (ઉં.વ.૪૦, રહે. લાતીબજાર મચ્છી માર્કેટ પાસે, પોરબંદર)એ જણાવ્યું કે, હું મારા કુટુંબ - પરિવાર સાથે રહું છું અને મચ્છીનો વેપાર કરી અમારૂ ગુજરાન ચલાવુ છું. ગઈકાલે તાજીયા મહોરમ સબબ અમોએ સંધી જમાતખાના પાસે અમો કુટુંબના સભ્યોએ પ્રસાદીનો સ્ટોલ રાખેલ હતો અને અમો બધાને પકોડા, બટેટા વિગેરે પ્રસાદીનું વિતરણ હું તથા મારા ભાઈ રફીકભાઇ તથા હુસૈનભાઈ તથા મારો ભત્રીજો સાહિલ રફીક તથા મારા મિત્ર સીરાજ સલીમ સમા તથા સલીમ યુસુફ એમ અમો બધા માણસો કરતા હતા.



તે દરમ્યાન રાત્રીના સાડા દસેક વાગ્યાના સુમારે ત્યાં ચોકમાં ચુનાના ભઠા પાસે રહેતા અજીમ યુનુસ કાદરી તથા તેના સગાસબંધીઓ તથા તેના તાજીયા ઉપર ધમાલ લેતા હતા અને ધમાલ લેતા લેતા અજીમ તથા તેના પિતા યુનુસ કાદરી તથા અજીમના ભાઇ સમીર અને શકીલ તથા તેની સાથે ઈમ્તીયાજ સીપાહી તેમજ એજાજ નાલબંધ તથા ફારૂક મૂરૂ અને યુસુફ ફારૂક મૂરૂ એમ બધા હાથમાં તલવારો તથા છરીઓ લઇને જેમ તેમ ભુંડી ગાળો બોલતા અમારી પાસે આવેલ અને અજીમે અમો બધાને કહેલ કે તમો છેલ્લા એક વર્ષથી પક્તાઈ મારો છો તેમ કહીં સીધા માર મારવા લાગેલ. જેમાં તલવારનો એક ભાગ મને માથાના પાછળના ભાગે મારેલ. બીજો ઘા મને મારવા જતા મેં આડો હાથ રાખતા અંગુઠો કપાઇ ગયેલ. દરમ્યાન આ બધા મારા ભાઈઓને તથા ભત્રીજો સાહીલ તથા મારો મિત્ર સીરાજ સલીમ સમા તથા સમીર યુસુફને પણ ભુંડી ગાળો બોલી તલવારો તથા છરીથી આડેધડ માર મારવા લાગેલ. જેમાં મારા ભાઈ રફીકનો ડાબો હાથ કાંડાથી કપાઈ ગયેલ હતો. મારાં ભાઈ હુસૈનને જમણા હાથના પોંચા ઉપર ઈજા થઈ હતી. ભત્રીજા સાહીલને જમણા પગ તથા ડાબા હાથ તેમજ ગળા ઉપર ઈજા થયેલ. મિત્ર સીરાજ સલીમને ડાબા હાથના કાંડા ઉપર ઈજા થયેલ. સમીર યુસુફને જમણા પગના ગોઠણ ઉપર તેમજ કપાળ ઉપર ઈજા થયેલ.બધાને લોહીલુહાણ હાલતમાં પોરબંદર સરકારી દવાખાને ખાસેડવામાં આવ્યા હતા

# આવાસયોજનામાં ગટર જેવા દુષિત પાણીનું વિતરણ

## જનરલબોર્ડમાં ગાજેલો મુદ્દો સાચો છે: મવડીની દિનદયાળ ઉપાધ્યાય ટાઉનશીપમાં રોગચાળો ફેલાવાનો ખતરો

રાજકોટ,

રાજકોટમાં ઓછા અને દુષિત પાણીનો મુદ્દો જનરલ બોર્ડમાં ખુબ ગાજયો છે ત્યારે મવડીમાં આવેલ ટાઉનશીપમાં અતિ દુષિત અને ડ્રેનેજનું ભળેલુ પાણી આવતું હોવાની મેયર અને કમિશનરને ફરીયાદ કરવામાં આવી છે.



મ્યુનિ. કોર્પોરેશનના વેસ્ટ ઝોન શાખાની હદમાં આવેલ વોર્ડ નં.૧૧ના અંબિકા ટાઉનશિપ સ્પીડ વેલ પાર્ટી પ્લોટ પાછળ આવેલ જય દ્વારકાધીશ ચોકના શ્રી સીતાજી ટાઉનશિપ મેઈન રોડ ઉપર ભારતનગર બી.૭ ટાઉનશિપ ની બાજુમાં પંડિત દીનદયાળ ઉપાધ્યાય ટાઉનશિપ આવેલ છે. અહીં સવારે ૮/૩૦ થી ૯ કલાકના સમય ગાળામાં પાણી વિતરણ કરવામાં આવે છે તે નળના શુધ્ધ પાણીમાં ભૂગર્ભ ગટરનું ખરાબ, ગંદુ, મેલું, પીળું, કાળું દુર્ગંધ ફેલાવતું અશુધ્ધ પાણી ભળી ગયેલ હોવાથી કોઈ પણ સમય સંજોગોમાં સામાન્ય બીમારી જેવી કે શરદી ઉધરસ તાવ ઝાડા-ઉલટી જેવી સામાન્ય બીમારીઓથી માંડી ડેંગ્યુ, મેલેરિયા, ચિકનગુનિયા જેવી ભયંકર બીમારી ફેલાવાની શક્યતા છે.આથી કમિશનર અને મેયર સ્થળ તપાસ સર્વે કરાવી નળમાં અપાતું સ્વચ્છ શુધ્ધ પાણી પીવા માટે તથા ઘર વપરાશમાં ઉપયોગમાં લઇ શકાય તેવું પાણી આપવા સામાજીક કાર્યકર સવજીભાઇ ફળદુ અને પ્રવીણસિંહ રાઠોડે રજુઆત કરી છે.

# સૌરાષ્ટ્રમાં ગોરંભાયા ચિંતાના વાદળો, ૮૩ જળાશયો તળિયાઝાટક

રાજકોટ

રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં વરસાદ ખેંચાતા પીવાના પાણીની અને ખેતી માટેની ચિંતાના વાદળો ઘેરાયા છે. ભીમ અગિયારસે મોટાભાગના ખેડૂતો વાવણી કરી નાખતા હોય છે.

પરંતુ દુર દુર સુધી મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રીના હજુ સુધી કોઈ અણસાર ન દેખાતા ધરતીપુત્રો ચિંતામાં ગરકાવ થઇ ગયા છે. તો બીજીબાજુ તરસ છીપાવતા પીવાના પાણીના જળાશયો પણ તળિયાઝાટકના આરે આવી ગયા છે.સિંચાઇ વર્તુળ હેઠળના સૌરાષ્ટ્રના પાંચ જિલ્લામાંથી મળતા સતાવાર અહેવાલ મુજબ સૌરાષ્ટ્રના ૮૩ જળાશયોમાં માત્ર ૧૭.૧૪ ટકા જ પાણી રહ્યુ છે. આ વર્ષે નબળા ચોમાસાના હવામાન ખાતાના અનુમાન વચ્ચે હજી સંતોષકારક વરસાદ થયો ન હોય સૌરાષ્ટ્રના રાજકોટ, મોરબી, જામનગર, દ્વારકા અને સુરેન્દ્રનગર એમ પાંચ જિલ્લાના ૮૩ જળાશયોની સ્થિતિ ગંભીર બની છે. ૩૬ જળાશયોમાં કાંકરા ઉડી રહ્યા છે અને ૨૭ જળાશયો ડુકી જવાની તૈયારીમાં હોય તેમ ૧૦ ફૂટ પણ પાણી નથી.

રાજકોટ સિંચાઇ વર્તુળ કચેરી દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ જો વરસાદ વધુ ખેંચાય તો પાણીની સ્થિતિ ગંભીર બની શકે તેમ છે. રાજકોટ જિલ્લામાં ભાદર,આજી ન્યારી સહિતના કુલ ૨૭ જળાશયોમાં હાલમાં સરેરાશ ૨૨.૮૭ ટકા જ પાણી રહ્યું છે. આ ૨૭ જળાશયોમાં ૧૧ જળાશયો તળિયાઝાટક છે. જયારે સાત જળાશયોમાં દસ ફૂટ પણ પાણી નથી. બીજી તરફ છેલ્લા ચોવીસ કલાકમાં રાજકોટને પાણી પુરૂ પાડતાં આજી-૧માં ૦.૩૩ ફૂટ અને ન્યારી-૨માં ૦.૧૬ ફૂટ નવું પાણી આવ્યું છે.

આવી જ રીતે, મોરબી જિલ્લાના ૧૨ જળાશયોમાંથી એક જળાશય તળિયા ઝાટક છે. અને છ જળાશયમાં તો દસ ફૂટથી પણ ઓછું પાણી છે. જ્યારે જામનગર જિલ્લાના ૨૧ જળાશયોમાંથી દસ જળાશયો બીલકુલ ખાલી છે. જ્યારે સાત જળાશયોમાં દસ ફૂટ પાણી પણ રહ્યું નથી.

### ટકાવારી મુજબ ક્યા જળાશયમાં કેટલું પાણી

રાજકોટ જિલ્લાના ૨૭ જળાશયોમાં કુલ ૨૨.૮૭ ટકા
મોરબી જિલ્લાના ૧૨ જળાશયોમાં કુલ ૨૨.૧૬ ટકા
જામનગર જિલ્લાના ૨૧ જળાશયોમાં કુલ ૧૧.૨૨ ટકા
દ્વારકા જિલ્લાના ૧૨ જળાશયોમાં સૌથી ઓછું ૨.૫૧ ટકા
અને સુરેન્દ્રનગર જિલ્લાના કુલ ૧૧ જળાશયોમાં ૨૬.૯૬ ટકા
ક્યા જિલ્લામાં ક્યા જળાશયો બન્યા તળિયાઝાટક !
રાજકોટ જિલ્લો : ડોંડી, ગોંડલી, વાછપરી, વેરી, મોતીસર, ખોડાપીપર, છાપરવડી-૧, છાપરવડી-૨, ઈશ્વરીયા, કરમાળ, કર્ણુકી

આ પાંચ જિલ્લાઓમાં સૌથી ખરાબ સ્થિતિ હંમેશાની જેમ જ દેવભૂમિ દ્વારકા જિલ્લાની છે. દ્વારકા જિલ્લામાં કુલ ૧૨ જળાશયો આવેલા છે. આમાંથી નવ જળાશયોમાં તો કાંકરા ઉડી રહ્યા છે. જ્યારે ત્રણ જળાશયો એવા છે કે જેમાં દસ ફૂટ પાણી પણ રહ્યું નથી. જ્યારે સુરેન્દ્રનગર જિલ્લાના ૧૧ જળાશયોમાંથી પાંચ જળાશયો ખાલી પડ્યા છે. અને ચાર જળાશયો એવા છે કે જેમાં દસ ફૂટ પાણી પણ બચ્યું નથી.

### આ જળાશયોમાં દસ ફૂટ પણ પાણી રહ્યું નથી

રાજકોટ જિલ્લો : ફોફળ, આજી-૩, સોડવદર, ન્યારી-૨, ફાડદંગ બેટી, ઘેલો સોમનાથ

મોરબી જિલ્લો : ડેમી-૧, ડેમી-૨, ઘોડાધ્રોઇ, બંગાવડી, બ્રાહ્મણી-૨, મચ્છુ-૩

જામનગર જિલ્લો : સપડા, વીજરખી,આજી-૪,રંગમતી, ઉંડ-૧, ફૂલઝર (કો.બા) રૂપારેલ

દ્વારકા જિલ્લો : ઘી,વેરાડી-૧, વેરાડી-૨

સુરેન્દ્રનગર જિલ્લો: ભોગાવો- ૧ (નાયકા), લીંબડી (ભોગાવો), ફલકુ, વાસલ, લીંબડી (વડોદ)